بسم اللہ الرحمن الرحیم

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બચાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧/ફેબ્રુઆરી/૨૦૧૭**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર
હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૨, સળંગ અંક : ૧૫૮

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | મેં અમેરિકામાં શું જોયું ?! | 02 |
| 02 | ખુદાના ખૌફમાં 'ઝિનાથી બચવાનો' મહાન બદલો ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ | 14 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 16 |
| 07 | સીરતે નબવીની ચાર મહત્વપૂર્ણ બાબતો | 17 |
| 08 | મુસ્લિમ સ્ત્રીઓની જૂઠી લાગણી દર્શાવનારાઓને આ જુલ્મ નથી દેખાતો ?! | 21 |
| 09 | ઈરાકની તબાહી હલાકૂથી બુશ સુધી | 24 |
| 10 | વહાબિયતને ફેલવાનો મોકળો માર્ગ !! | 29 |
| 11 | હઝરત ઉષ્માન કી હયા ઔર હમારા મુઆશરા | 32 |
| 12 | હાજી અલી શાહ બુખારીનો મક઼ામે વિલાયત | 40 |
| 13 | 'વેલેન્ટાઈન ડે' ઈસાઈઓનો અને ગેલમાં આવે મુસલમાન ?! | 43 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


### ★ ઝુલ્મતેં ચીરતા ખુર્શિદે મુનવ્વર નિકલા ★

રઝા : ''આક઼િબ'' બરકાતી (પેટલાદ)

કોહે ફારાં સે મેરા હાદીઓ રહબર નિકલા
ઝુલ્મતેં ચીરતા ખુર્શિદે મુનવ્વર નિકલા
નૂર કા ઐસા સમંદર હૈં હમારે આક઼ા
જિસકી હર બુંદ કે સીને મેં સમંદર નિકલા
પર્દએ નૂર સે લોગોં કી હિદાયત કે લિયે
એક નૂરી બશરી જામા પહનકર નિકલા
જાને ક્યા હાલ હુઆ હોગા દિલે કા'બા કા
જિસ ઘડી મક્કે સે વો ખત્મે પયંબર નિકલા
નૂર મેં ડૂબ ગયા એક જહાને તારીક
જબ નકાબ ઉલ્ટે હુએ નૂરા કા પૈકર નિકલા
દિલે નાકામ મેં કોહરામ મચા હૈ ઈસ પર
મુઝસે અચ્છા તો દરે યાર કા પથ્થર નિકલા
ફૂંક ડાલેગા ઝમાને કો ક઼યામત હોગી
શોલએ ઈશ્ક઼ અગર સીનેસે બાહર નિકલા
મૈં જિસે ઢુંઢતા ફિરતા થા જહાં મેં હર સૂ
વહી જલ્વા તો મેરે સીને કે અંદર નિકલા
હશ્ર કે દિન ઉઠે **'આક઼િબ'** કે લિયે ભી યે શોર
ક઼બ્ર સે દેખો વો મદાહે પયમ્બર નિકલા

# મેં અમેરિકામાં શું જોયું ?!

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

મેં અમેરિકાના એક મહિનાના દૌરામાં મહેસૂસ કર્યું કે હાલના સમયે એજ્યુકેટેડ નવયુવાન પશ્ચિમી દુનિયામાં ઈસ્લામથી પોતાનું અંતર વધારવાની કોશિશમાં લાગેલો છે અને ઈસ્લામ પર અમલ કરવાને બદલે તે કેવળ નામ માત્રનો મુસલમાન રહેવાનું પસંદ કરે છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) એનાં કેટલાયે કારણો છે. એક કારણ તો એ છે કે જેનો મુસલમાનો વિરુદ્ધ પૂરી દુનિયામાં પ્રોપેગન્ડો (દુષ્પ્રચાર) કરવામાં આવી રહ્યો છે. બીજુ કારણ વિશ્વ સ્તરે એકબીજાની ક્ત્લે આમમાં અમુક નામ માત્રના મુસલમાનોનું સંડોવાયેલા હોવું છે. ત્રીજુ કારણ મુસલમાનોમાં શૈક્ષણિક લાયકાતોનો અભાવ છે. તદ્ ઉપરાંત હું સમજુ છું કે ઘણી બધી આપણી અંગત ખામીઓ છે જેના કારણે નવયુવાન આપણી નજીક થવાનું પસંદ નથી કરતા અને ન તો ઈસ્લામ પર અમલ કરવાનું પસંદ કરી રહ્યા છે. જો આજે આપણે તેમની સુધારણાની કોશિશ ન કરી તો એ વાત આપણે દિમાગમાં બેસાડી લેવી જોઈએ કે આવનારા દિવસોમાં પેદાઈશી મુસલમાનોનો એક ઘણો જ મોટો વર્ગ ઈસ્લામથી પોતાના અંતરોને (દૂરીને) વધારવા માટે તૈયાર છે, અને કદાચ ઈસ્લામથી હાથ ધોઈ બેસે.

વાસ્તવમાં આજે જે રીતે દા'વત તથા તબ્લીગની ફરજો અંજામ આપવામાં આવી રહી છે અથવા મસ્જિદોએથી જે તક્રીરો થઈ રહી છે એમાં તર્જીહાતનો (કઈ ચીજને બયાનમાં અગ્રતા આપવી એનો) ખયાલ નથી રાખવામાં આવતો. દા.ત. આપણે સૌ પ્રથમ નવયુવાનને કઈ ચીજની તરફ વાળવો જોઈએ અને તેને શું શીખવાડવું જોઈએ, એના બારામાં આપણી પાસે બયાનના વિષયની અગ્રતા પ્રમાણે પસંદગી ન હોવાના કારણે પાયાની ચીજોથી તે વાકેફ નથી થવા પામતો. અને એના પરિણામે એની અંદર ઘણી બધી ઉણપો રહી જાય છે. દા.ત. દરેક મુસલમાન જાણે છે કે નમાઝ મારા પર ફર્ઝ છે, તો પ્રથમ આપણે તેને નમાઝ શીખવાડવાની કોશિશ કરીએ, નમાઝ છોડવાથી શું ચેતવણીઓ છે તે દર્શાવીએ. જલસાઓમાં તક્રીર કરીને કે જુમ્આમાં બયાન કરીને આપણે એવું ન સમજી લઈએ કે આપણે મેસેજ પહોંચાડી આપ્યો, બલ્કે આપણે પર્સનલ એપ્રોચની કોશિશ કરવી પડશે. તેમનાથી અંગત રીતે મુલાક્ાત કરીને તેમને બેસાડીને સમજાવવાની કોશિશ કરવી પડશે.

એ વાતને પણ દિમાગમાં રાખવી જોઈએ કે આપણે પ્રથમ જ મુલાકાતમાં તેને એવું ન કહીએ કે તમે દાઢી રાખી લો, અમામા શરીફ બાંધી લો, બલ્કે પ્રથમ એની અંદરથી પાયાની ખામીઓ તથા ઉણપોને દૂર કરવાની કોશિશ કરીએ, આપણી ચર્ચાનું કેન્દ્ર કુર્આન તથા હદીષ હોય, રસમોને બદલે ફરજોની તરફ એને આકર્ષિત કરવામાં આવે. એપ્રોચ એકેડમિક હોય, વાતચીતની શૈલી મધ્યમ પ્રકારની હોય, વાતચીતનો અંદાજ ખૂબ જ માપસરનો હોય, અને સાથોસાથ આપણે પોતે બેઅમલ ન હોઈએ. અહલે સુન્નતના આંત્રિક મતભેદોની ચર્ચાથી પરહેઝ કરીએ, લોભ લાલચથી પરહેઝ કરીએ અને અલ્લાહની રઝા તથા રસૂલ ﷺની રઝાના માટે આપણે મહેનત કરીએ. કુદરતે આપણને જે જિમ્મેદારી ફર્માવી છે એનો એહસાસ પેદા કરીએ. એટલા માટે કે એક વાત તો નિશ્ચિત છે કે કેવળ પશ્ચિમી જગત જ નહીં બલ્કે વિશ્વ કક્ષાએ આપણે જોઈએ તો ગુનાહોની અધિક્તા અને તેના વિવિધ આસાન ઝરીયાઓના કારણે નવયુવાન પેઢી બદ્કારીની અંદર ડૂબતી જઈ રહી છે અને એના કારણે એમની રૂહ પ્યાસી થઈ ચૂકી છે. જો આપણે એમના પ્રતિ ધ્યાન ન આપ્યું તો ગુનાહ કરતાં કરતાં આ જ બેઅમલી તેમને બેઈમાનીના દ્વારે ખડી કરી આપશે, ત્યારબાદ આપણે અફસોસમાં હાથ ઘસતા રહી જાશું. મારી દર્દમંદાના ગુઝારિશ છે કે નવયુવાન પેઢી તરફ ભરપુર ધ્યાન આપવામાં આવે, કેમ કે ખૂબ જ તીવ્રતાપૂર્વક આખા જગતમાં નવી પેઢી ઈસ્લામ બેઝારીની લહેરમાં વહેતી જઈ રહી છે. આપણે તે જ તબ્લીગનો તરીક્ો અપનાવીએ જે પયગંબરે રહ્મત ﷺએ અપનાવ્યો, નહીં તો એ વાત આપણે દિમાગમાં રાખવી જોઈએ કે આપણે જો પૂરાણો ચીલા ચાલુ તરીક્ો ચાલુ રાખ્યો તો એ તરીક્ાથી નવયુવાન પેઢીને ઈસ્લામ પર કાયમ રાખવી મુશ્કેલ બનશે.

આજે આપણી જિંદગી, આપણી મેહફિલો, આપણી ચર્ચાઓ દૂર દૂર સુધી કુર્આને મુક્દસથી ખાલી જોવા મળે છે. મારી વિનંતિ છે કે જો આપણે નવયુવાનોને ઈસ્લામ પર ચાલતા રાખવા ચાહીએ છીએ તો આપણે આ ચીજ પર ખાસ ધ્યાન કરવું પડશે. આ જ મારો પયગામ છે. મને આશા છે કે આપ મારી રજૂઆતોને સારી રીતે દિલમાં બેસાડવાની કોશિશ કરશો. આ ખાસ કરીને આપણા એ સાથીઓ માટે છે જેઓ દા'વત તબ્લીગના કામમાં લાગેલા છે, જુમ્આમાં તક્રીરો કરે છે તથા જલસા જુલૂસોમાં તક્રીરો કરે છે. એમનામાં જો આ ચીજની તરફ ધ્યાન થઈ ગયું તો ઈન્શાઅલ્લાહ ! બેહતર પરિણામ જાહેર થશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી, ફેબ્રુઆરી–૨૦૧૭)*

# ખુદાના ખૌફમાં 'ઝિનાથી બચવાનો' મહાન બદલો !




આજે વિશ્વભરના દેશો, સમાજો તથા કૌમોનું નિરીક્ષણ કરવામાં આવે તો સંસ્કાર, સભ્યતા તથા શરમ હયાને મહત્વ આપનાર દરેક ઈન્સાનનું દિલ ડંખી ઉઠે છે. યૂરોપ, અમેરિકા તથા પશ્ચિમી દેશોના સામાજિક જીવનનું નિરીક્ષણ કરીએ તો ત્યાં તો ઘણા પહેલાં શરમ, હયા તથા સભ્ય સંસ્કૃતિનો જનાઝો નીકળી ગયેલો છે, એનું સ્થાન નગ્નતા તથા બેશર્મીએ લીધું છે. દારૂ, ડ્રગના નશાની યુવાનોમાં બોલબાલા છે અને મોટાભાગના લોકોના જીવનનું કે સમાજનું કોઈ ધારાધોરણ જ સલામત નથી. કૌટુંબિક જીવન તો ખાડે જ ગયું છે. વ્યભિચાર ત્યાં કોઈ ઐબની વાત નથી, "ઈજ્જત, આબરૂ", "શરમ", "સચરિત્રતા", "વફાદારી" તથા "ખાનદાની" વગેરે શબ્દો કેવળ શબ્દકોશની શોભા બનીને રહી ગયા છે. પરંતુ અફસોસ કે એ સ્વચ્છંદી તથા બેશરમીના માહોલનું પ્રદૂષણ ફિલ્મો, ટી.વી., મોબાઈલ તથા ઈન્ટરનેટ થકી એટલા જલ્દી સંસ્કારિક ગંદકી, નગ્નતા, બેહયાઈ, બિભત્સતા તથા નશાની તેમજ વ્યભિચાર (ઝિના)ની ખરાબી ફેલાવી રહેલ છે કે દિમાગ ચક્કર ખાય જાય છે. પશ્ચિમી બિભત્સ ગંદી કુસંસ્કૃતિની હવા એવી ચાલી રહી છે કે નવી નસ્લ મોટાભાગની જાણે કુછંદે ચઢી ગઈ છે અને હિંદુસ્તાનના દરેક ધર્મ તથા સમાજવાળા સભ્ય સંસ્કૃતિ ચાહનારા માણસો તથા દરેક પવિત્ર જીવન શૈલી ચાલનારાં માબાપો અતિશય ગંભીર તથા ચિંતિત છે કે આ ઔલાદ પશ્ચિમી કુછંદે ચઢીને પોતાના ધાર્મિક હુકમો, પોતાના સમાજની મર્યાદાઓ, શરમ, હયા તથા પાકીઝા સચરિત્રવાળા જીવનના મૂલ્યોને ભૂલીને કઈ બર્બાદીની ખાઈમાં જઈને પડશે ! પરિસ્થિતિ એટલા હદે બગડી રહી છે કે જાણે પાણીનું પુર જ્યારે આવે છે તો કોઈ તમીઝ વિના મહેલોને પણ ડૂબાડી મૂકે છે, તેમ આ ગંદી, નગ્ન, બિભત્સ તથા બદ્અખ્લાકી ભરી કુસંસ્કારિક્તાનું પુર આજે સુનામી જેમ ઘર ઘરને લપેટમાં લઈ રહ્યું છે. આ ભયંકર પરિસ્થિતિમાં કોઈ ઘર સલામત રહે તેમ જણાતુ નથી (ચાહે તે મોલ્વીનું ઘર હોય, પીરનું હોય કે કહેવાતા સૂફીનું હોય !) સિવાય કે અલ્લાહ જેની હિફાઝત કરે.

### ★ ઈસ્લામમાં ઝિનાકારીથી બચવાનો સચોટ ઉપાય ! ★

અન્ય ધર્મો કે સમાજોમાં વ્યભિચાર (ઝિના)થી બચવા માટે એવા કોઈ અકસીર ઈલાજો જોવા મળતા નથી, જેના થકી જે તે ધર્મ કે સમાજ પર યક઼ીન રાખનાર કુછંદે જતો માનવી અટકી શકે. પણ ઈસ્લામ જ એક એવો મઝહબ છે જે ઈસ્લામ પર મજબૂત યક઼ીન ધરાવનારને ગલત માર્ગે જતાં વાળીને સીધા માર્ગ પર રાખે છે. **આવો ! મુસલમાનો ! આપણે જે ધર્મને જહન્નમથી બચવાનો આધાર માનીએ છીએ કે એના પર ઈમાન સિવાય હમેશાંની જહન્નમ જ આપણો અંજામ થઈ શકે !** તો તે રબ જેને ન માનનાર જહન્નમી છે, તે રસૂલ જેને ન માનનાર જહન્નમી છે, તેમનાં ફર્માનોને ઈમાનની નજરે જોઈએ.

તે રબ જેણે આપણને જીવન આપ્યું, હાથ પગ આપ્યા, આંખો આપી, દિલો દિમાગ આપ્યું અને દુનિયાભરની અનેક નેઅમતો આપણને આપી તેનાં એહસાનોને સામે રાખીને તેના હુકમનો પણ અભ્યાસ કરીએ. અલ્લાહ કે જેને હરપલ આપણા હાલની, દિલી ખયાલોની ખબર છે, જે આપણને જોઈ રહ્યો છે. વળી જેણે આપણા પલ પલનાં કામોની નોંધ માટે બે ફરિશ્તા કિરામન–કાતિબીન આપણામાંના દરેકની સાથે રાખેલા છે તે જ રબ, ખાલિક઼, માલિક આપણને જ ફર્માવે છે કે :–

وَلَا تَقْرَبُوا الزِّنٰى اِنَّهٗ كَانَ فَاحِشَةً ۭ وَسَاۗءَ سَبِيْلًا **"અને બદ્કારી (ઝિના)ની નજીક ન જાવ ! બેશક ! તે બહયાઈ છે અને ઘણો જ ખરાબ રસ્તો !"** *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૨)*

મુસલમાનો ! વિચારો ! અલ્લાહ ﷻ જેને **"ઘણો જ ખરાબ રસ્તો !"** દર્શાવે તે કેટલો ખરાબીવાળો રસ્તો હશે ?! **હવે તમે પોતે દિલમાં ઝાંકીને વિચારો કે શું તમો એ ઝિનાની નજીક થવાના "ઘણા જ ખરાબ" રસ્તે તો નથી ચાલી રહ્યા ?!** કયા કયા રસ્તા છે જે તમને ઝિના સુધી લઈ જાય ? સાંભળો ! આ રહ્યા રબે ફર્માવેલ ઝિના સુધી લઈ જનારા ઘણા જ ખરાબ રસ્તા ! :–

- ✯ નામેહરમ (પરાઈ) સ્ત્રીઓને જોવું, તાકમાં બેસવું, પર સ્ત્રી પર નજર માંડવી કે પર પુરૂષને તાકવું....વગેરે ટૂંકમાં નજરો વડે તાકવું, ટી.વી. પર કે મોબાઈલ પર ગંદા દશ્યો જોવાં.
- ✯ પર પુરૂષ પર સ્ત્રીએ નજીક થવું, ઈશારા કરવા, મઝાક મસ્તી કરવી, એકબીજાને સ્પર્શ કરવો કે એકાંતમાં બેસી વાતો કરવી કે ફોનથી વાતો કરવી, વિના કારણે ચેટિંગ કરવું કે **બોય ફ્રેન્ડ–ગર્લ ફ્રેન્ડ** બનાવવું, ડાન્સ પાર્ટીમાં જવું, પરાયા સાથે ટૂરમાં ફરવા જવું, **આ સર્વ બાબતો કરવી એ રબના ફર્માન મુજબ "ઘણો જ ખરાબ રસ્તો"** છે. આ જ તે કૃત્યો છે કે જેના પછી વ્યભિચાર અસ્તિત્વ પામે છે જેનાથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ખૂબ જ નારાજ થાય છે. સારાંશ કે ઝિના નજીક પણ ન જવું એ એનાથી બચવાનો સચોટ ઉપાય છે.

## ★ 'ઔરત'નો અર્થ જ પર્દામાં રાખવાની ચીજ ! ★

આજે સૌથી વિશેષ ગુનાહ જો થતા હોય તો અલ્લાહની આપેલી નેઅમત આંખોના દુરુપયોગથી થાય છે. બિભત્સ દશ્યો તથા ડ્રામા તથા સિરિયલો તેમજ ગંદી ફિલ્મો તથા હાલતાં ચાલતાં બદ્નઝરી થઈ રહી છે ! જાણે એને ગુનોહ જ સમજવામાં નથી આવતો ! અને સ્ત્રીઓ પણ સરે આમ બેહયા બની બેપર્દા ઘૂમી રહી છે, જેથી વ્યભિચારને વેગ મળી રહ્યો છે. 31st ડિસેમ્બરની રાતે સામૂહિક છેડતીના બનાવો જે બેંગ્લુરૂમાં બન્યા તેવા બનતા જ રહે છે અને બનતા રહેશે !

એટલા જ માટે હદીષે પાકમાં છે કે, **ઔરત (સ્ત્રી) ઔરત છે.** એટલે કે પર્દામાં રાખવાની ચીજ. જ્યારે તેણી બહાર નીકળે છે તો શૈતાન તે સ્ત્રીને તાકીને જુએ છે. એટલે કે કોઈ પરાઈ સ્ત્રીને જોવું **"શૈતાની કૃત્ય"** છે. *(તિર્મિઝી શરીફ)*

હવે મુસલમાન જો અલ્લાહ વ રસૂલને ચાહતો હોય, ઈસ્લામ પર કામિલ યક઼ીન ધરાવતો હોય તો તેણે આ "શૈતાની કૃત્ય"થી બચવું જોઈએ. અને સ્ત્રીઓએ પણ પોતાના શરીરને જાહેર કરવાને બદલે, મોડેલ જેમ બની અંગ પ્રદર્શન કરવાને બદલે પર્દામાં રહેવું જોઈએ. નહીં તો અલ્લાહ વ રસૂલની નારાઝગી વહોરશે અને પરિણામે જહન્નમમાં સળગવાનું થશે.

## ★ એવા બુરખા જાઈઝ જ નથી ! અસલમાં શરીર છુપાવવું ફર્ઝ છે ! ★

વળી ઘણી ખરી સ્ત્રીઓ બુરખા પહેરે છે તેને પણ એટલા આકર્ષક ડિઝાઈનવાળા તથા ચુસ્ત બનાવીને પહેરે છે કે પર્દાના બદલે અંગ પ્રદશન જ થાય છે ! શરીરનો દરેક ઘાટ ઉભરાય આવે તેવો પોશાક તેમજ મોઢા પર ટુકડો કપડુ ઢાંકીને છાતીઓના ઉભારને ઈરાદાપૂર્વક જાહેર કરવામાં આવે છે ! વળી ક્યાંક માથા પર સ્ત્રીઓ, પુરૂષો જેમ ફેંટા જેવું વિંટાળી દે છે અને છાતીઓને જાણી જોઈને પ્રદર્શન માટે બાકી રાખવાની ફેશન ચાલી પડી છે ! વળી તદ્દન ચામડીથી ચોંટેલી ઈજારો, સ્લેક્સ તથા ફીટોફીટ તેમજ ફાટેલાં જિન્સનાં પેન્ટો ! તથા પગો તથા જાંગો સ્પષ્ટ જાહેર થાય તેવાં ઊંચા ફ્રોક, ઊંડા ગળાના કટવાળાં નગ્ન છાતી ઝલકાવતાં કમીઝો તથા સીટ જાહેર થાય તેવા ઊંચા પોશાકો સ્ત્રીઓમાં આમ થઈ રહ્યા છે ! રસૂલુલ્લાહ ﷺનું ફર્માન કે, ''ઔરત એટલે છુપાવવાની ચીજ'' છતાં તેનાથી વિરુદ્ધ જઈને ઔરત મોડેલ તથા ડાન્સરોની જેમ પ્રદર્શનની ચીજ બની ગઈ છે. એવી મુસલમાન બહેનો જો તેમના દિલમાં ઈમાન સલામત છે અને ખુદા વ રસૂલના હુકમોની તા'ઝીમને મહત્વની જાણે છે તો પોતાને ગૈરાથી છુપાવીને રાખે, નહીં તો એ પણ રબના ફર્માન મુજબ **''ઘણા જ ખરાબ માર્ગે''** જઈ રહી છે ! રબ જેને ઘણો જ ખરાબ માર્ગ કહે તે કેટલો ભયાનક ખરાબ માર્ગ હશે ?! વિચારો !

## ★ ઝિના સંબંધે કેટલીક ચેતવણી તથા તેનો અઝાબ ★

- હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે, **કોઈ મર્દ કોઈ અજનબી ઔરત (જેનો પોતે મહરમ નથી તેવી દરેક સ્ત્રી)ની સાથે એકાંતમાં મળતો નથી, પરંતુ એ હાલતમાં કે ત્યાં બંને સિવાય ત્રીજો શૈતાન પણ હોય છે.** *(તિર્મિઝી શરીફ)* જેથી જે લોકો પરાઈ સ્ત્રી સાથે એકાંતમાં બેસે છે તેઓ ચેતે અને એવા ''ઘણા જ ખરાબ કૃત્ય''થી તૌબા કરે.
- હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે **ઝિના કરનાર જે વખતે ઝિના કરે છે (તે સમયે) મો'મિન નથી રહેતો એટલે કે મો'મિનની સિફતોથી મહરૂમ રહી જાય છે.** *(બુખારી શરીફ)*
- હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે એક મર્દે એક ઔરતથી ઝિના કર્યો તો હુઝૂર ﷺ એ તેને કોરડા લગાવડાવ્યા, પછી ખબર આપવામાં આવી તે પરિણત છે તો હુઝૂરે તેને **સંગસાર** કરાવી દીધો એટલે કે લોકોએ પથ્થરો વડે મારી મારીને તેને ખતમ કરી નાખ્યો. *(અબૂ દાઊદ)*
- હદીષમાં આ પણ છે કે, **''જે ગૈર મેહરમ (પરાઈ) સ્ત્રી સાથે હાથ મિલાવશે તો કાલે ક઼યામતના દિવસે એ હાથોને આગની સાંકળો વડે બાંધવામાં આવશે.** અને એ હાથનો ઝિના છે. *(મુસ્લિમ, બુખારી)*
- જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ એ **આંખોમાં ક઼યામતના દિવસે આગના સળીયા** નાખવામાં આવશે. **તેમજ જે ગૈર સ્ત્રી તરફ જોવામાં આવે અને જે જુએ, બંને પર અલ્લાહની લઅનત છે.** *(તિબ્રાની તથા બયહક઼ી)* અને આ આંખનો ઝિના છે.
- કુર્આને પાકમાં ઝિનાખોરોના વિશે છે : وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ يَلْقَ اَثَامًا 'જેઓ ઝિના કરે છે તેમને ક઼યામતના

દિવસે અલ્લાહ ﷻ 'અષામા'માં નાખશે.'' *(સૂરએ ફુર્કાન, આ. ૬૮, સૂ. ૨૫)* આ અષામા શું છે ? એ જહન્નમની એક વાદી છે અથવા એક ગુફા છે જેમાં ઝિનાખોરોને નાખવામાં આવશે. એનામાં એવી દુર્ગંધ હશે કે **જેની ગંધથી જહન્નમી પણ ચીસો પાડી ઉઠશે.** (અલ્લાહની પનાહ !)

- ✪ કેટલાક સહાબાએ કિરામ رضی اللہ عنہمથી મરવી છે કે ઝિનાથી બચો તેમાં છ મુસીબતો છે, ત્રણનો સંબંધ દુનિયાથી છે અને ત્રણનો આખેરત સાથે. દુનિયામાં રિઝક (રોજી) ઘટી જાય છે, જિંદગી ટૂંકી થઈ જાય છે અને ચહેરો બેડોળ થઈ જાય છે. આખેરતમાં ખુદાની નારાઝગી, સખત હિસાબ કિતાબ અને જહન્નમમાં દાખલ થવાનું છે. *(હિલ્યતુલ અવલિયા, ૪/૧૧૯, કન્ઝુલ ઉમ્માલ–૫/૩૧૬)*
- ✪ રિવાયત છે કે હઝરત મૂસા علیہ السلامએ **ઝિનાખોરની સજા**ના વિશે પૂછયું તો રબ તઆલાએ ફરમાવ્યું કે **હું તેને આગનું બખ્તર પહેરાવીશ, તે એટલું વજનદાર છે કે જો ખૂબ જ મોટા પહાડ પર રાખી દેવામાં આવે તો તે પણ ભાંગીને ભૂકો બની રજકણોમાં ફેરવાય જાય.** કહે છે કે ઈબ્લીસને હજાર બદકાર પુરુષો કરતાં એક બદકાર સ્ત્રી વધુ પસંદ હોય છે. *(મુકાશફતુલ કુલૂબ)*

ઉપરાંત જાત જાતના ભયાનક અઝાબો હદીષની કિતાબોમાં વ્યભિચારી સંબંધે આવેલા છે. તો જેમનામાં એ કુર્આન હદીષના દર્શાવેલ અઝાબો વિશે ઈમાન હોય છતાં એને સહન કરવાની શક્તિ હોય તે અથવા જેને એના પર ઈમાન જ ન હોય તેને છૂટ છે, ચાહે તે કરે ! (અલ્લાહની પનાહ !)

## ★ ઝિનાથી બચનારાઓના બોધદાયક બનાવો ★

આવો ! અત્રે વ્યભિચારથી બચનારા તથા સબ્રથી કામ લેનારાને રબ તઆલા શું ઈનામોથી નવાઝશે તેના વિશે બની ઈસ્રાઈલનો એક બોધપાત્ર બનાવ જોઈએ.

બની ઈસ્રાઈલમાં એક આબિદે પોતાના માટે એક ઈબાદતખાનુ બનાવી રાખ્યું હતું. તે ઈબાદતમાં એટલો મુખ્લિસ હતો કે અલ્લાહ તઆલાએ તેના માટે દ્રાક્ષની વેલ પેદા ફર્માવી, તેમાંથી તે રોજ એક લૂમ ખાતો અને પાણી માટે હાથ ફેલાવતો તો હાથમાં આવી જતું. તે સદા ઈબાદતમાં વ્યસ્ત રહેતો. એવામાં એક દિવસ એક સુંદર સ્ત્રી તેની પાસે પહોંચી ગઈ અને કહેવા લાગી, સફર લાંબો છે અને રાત અંધારી છે તો તમે મને અહીં રાતવાસો કરવા દો. જ્યારે અંધારુ છવાઈ ગયું તો તે સ્ત્રીએ કપડાં કાઢી નાખ્યાં. આબિદે નજરો ઝુકાવી લીધી અને બચવાનો માર્ગ અપનાવ્યો. તેણી અધિક છેડછાડ કરવા લાગી. રાહિબના દિલમાં ખ્વાહિશ પેદા થઈ, પણ તે એ ડરના કારણે કાંપી ઉઠયો કે **પેશાની પર લખાય જશે કે, ''આ ઝાની છે ! અને અલ્લાહની રહ્મતથી દૂર !''** તેણે દોઝખની પકડથી પોતે પોતાને ડરાવ્યો. પણ નફ્સ સ્ત્રીના પ્રતિ આકષિત થયો, તો તેણે કહ્યું કે દોઝખની આગથી પહેલાં જરા દુનિયાની આગની મજા ચાખો ! આવુ કહેતાં જ તેણે દીવાની જ્યોતને મોટી કરી અને તેના પર પોતાની આંગળી રાખી દીધી. આંગળી સળગી ગઈ. આ કૈફિયત જોઈને સ્ત્રી વજદના આલમમાં ચીસો પાડવા લાગી અને તેણી પર અલ્લાહનો ખૌફ એવો છવાયો કે ત્યાં જ દમ તોડી નાખ્યો. આબિદે તેના પર કપડુ રાખી દીધું અને ખુદ નમાઝમાં વ્યસ્ત થઈ ગયો.

શૈતાને મશહૂર કરી આપ્યું કે ફલાણા રાહિબે ઝિના કર્યા બાદ સ્ત્રીને મારી નાખી છે. બાદશાહ પોતાના લશ્કર સાથે ત્યાં પહોંચ્યો અને અવાજ આપ્યો. રાહિબ બહાર આવતાં પૂછયું કે ફલાણી સ્ત્રી ક્યાં છે ? કહ્યું,

મારી પાસે છે અને મૃત્યુ પામી છે. બાદશાહે કહ્યું, અફસોસ ! તારું ઝિનાથી દિલ ન ભરાયું એટલે સુધી કે તેં એની હત્યા કરી !

સારાંશ કે તે આબિદની ધરપકડ કરીને સજાના રૂપે તેના માથા પર કરવત ચલાવી દીધી. જ્યારે શરીર અડધુ ચીરાઈ ગયું તો તે આબિદે એક ઠંડી આહ ભરી લીધી. અલ્લાહ તઆલાએ જિબ્રઈલને ફર્માવ્યું, જાવ ! મારા બંદાને કહો, તારી આહે અર્શ ઉઠાવનારા તથા આસ્માનોના ફરિશ્તાઓને રડાવી આપ્યા છે ! જો ફરીવાર આહ નીકળી તો આસ્માનોને જમીન પર પાડી દઈશ.

આ સાંભળતાં જ તેણે સબ્રનો દામન મજબૂતીથી થામી લીધો અને બાદશાહના પૂછવા છતાં કોઈ કૈફિયત ન બતાવી. પણ અલ્લાહના હુકમથી એ મુર્દા ખાતૂન પોકારી ઉઠી, આ બિચારો મઝલૂમ છે ! હું કસમપૂર્વક જણાવું છું કે એણે ઝિના નથી કર્યો. અને એના સળગી ગયેલા હાથની સર્વ સ્થિતિ વર્ણવી દીધી. જ્યારે તેઓએ સળગેલો હાથ જોયો તો સૌ આશ્ચર્ય તથા અફસોસમાં પડી ગયા, પછી બંનેની કબ્રો તૈયાર કરી તેમને દફન કરી દીધાં.

એ આબિદના મઝારથી ખુશ્બુ આવવા લાગી. પછી ગૈબી પોકારનાર થકી અવાજ આવ્યો કે હે લોકો ! હમણા થોભો ! ફરિશ્તા પણ આ બંનેવ પર નમાઝ પઢી લે. પછી એક પરચો આસ્માનથી તેમની સમક્ષ પડયો જેમાં લખ્યું હતું : "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ. અલ્લાહ તઆલા તરફથી તેના બંદાના નામે પત્ર !" વધુમાં લખ્યું : "મેં એના માટે અર્શે મુઅલ્લાની નીચે મિમ્બર બિછાવી દીધાં. મારા ફરિશ્તાઓને એના સન્માનમાં જલસો ગોઠવવા ભેગા કર્યા. હઝરત જિબ્રઈલે તેની પ્રશંસામાં તકરીર કરી, ફરિશ્તાઓને ગવાહ બનાવ્યા અને એનો પચાસ હજાર હૂરો સાથે નિકાહ કર્યો. આવું જ ઈનામ તે શખ્સના માટે છે જે અલ્લાહની પકડથી ડરીને ઝિનાથી પોતાનો બચાવ કરે છે. બલ્કે એનું તો એલાન છે કે : وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهِ جَنَّتٰنِ "અને એવા શખ્સના માટે બે જન્નતો છે જે પોતાના રબની સમક્ષ હાજર થવાથી ડરે છે !" *–સૂરએ રહ્માન, આ. ૪૬ (નુઝહતુલ મજાલિસ, પેજ : ૨૬૩, ભાગ : ૨)*

## ★ ખુદાના ડરથી ખરાબ ઈરાદાથી તૌબા અને તેનું ફળ ★

એક નવયુવાન એક સ્ત્રીની મહોબ્બતમાં પડી ગયો. તે સ્ત્રી કોઈ કાફલાની સાથે બહારની સફરે રવાના થઈ ગઈ. યુવાનને જ્યારે ખબર પડી તો તે પણ કાફલાની સાથે ચાલી નીકળ્યો. જ્યારે કાફલો જંગલમાં પહોંચ્યો તો રાત થઈ ગઈ જેથી રાતે તેઓએ ત્યાં જ પડાવ નાખ્યો. જ્યારે સૌ લોકો સૂઈ ગયા, તે નવયુવાન ચૂપકીદી સાથે તે સ્ત્રી પાસે પહોંચ્યો અને કહેવા લાગ્યો કે હું તને અતિશય મહોબ્બત કરૂ છું અને એ કારણે જ આ કાફલામાં જોડાયો છું. સ્ત્રી બોલી, જઈને જોઈ લે કે કોઈ જાગી તો નથી રહ્યું ને ? યુવાને ખુશીના આવેશમાં આખા કાફલાનો ચકકર લગાવ્યો અને પાછો આવીને કહેવા લાગ્યો કે તમામ લોકો ઊંઘમાં સૂઈ રહ્યા છે. સ્ત્રીએ પૂછયું. અલ્લાહ તઆલાના વિશે તારો શો ખયાલ છે ? શું તે પણ સૂઈ રહેલ છે ? યુવાન બોલ્યો, અલ્લાહ તો ન કદી સૂએ છે ન કદી તેને ઊંઘ આવે છે. ત્યારે સ્ત્રી બોલી, લોકો સૂઈ ગયા તો શું થયું ? અલ્લાહ તો જાગી રહેલ છે, આપણને જોઈ રહેલ છે અને તેનાથી ડરવું આપણા માટે ફર્ઝ છે. નવયુવાને જેવી આ વાત સાંભળી તો ખૌફે ખુદાથી કાંપી ઉઠયો અને ખરાબ ઈરાદાથી તૌબા કરીને ઘરે પાછો ચાલ્યો ગયો.

કહે છે કે જયારે તે યુવાન મૃત્યુ પામ્યો તો કોઈકે ખ્વાબમાં જોઈને પૂછયું કે બતાવો તમારી શી હાલત થઈ ? યુવાને જવાબ આપ્યો કે, મેં અલ્લાહ તઆલાના ખૌફથી એક ગુનાહને છોડયો હતો તો અલ્લાહ તઆલાએ તેના કારણે મારા સર્વ ગુનાહોને માફ કરી દીધા. *(મુકાશફતુલ કુલૂબ)*

બીજો એક બનાવ મજમઉલ લતાઈફમાં છે કે બની ઈસ્રાઈલમાં એક બચરવાળ આબિદ હતો. તે તંગદસ્તીમાં સપડાયો. જ્યારે ખૂબ જ પરેશાન થયો તો પોતાની પત્નીને કહ્યું, જા અને કોઈની પાસેથી કાંઈક માંગી લાવ. સ્ત્રીએ એક વેપારીને ત્યાં જઈને ખાણા માટે માગણી કરી તો વેપારીએ કહ્યું કે જો તું મારી ઈચ્છા પૂરી કરી દે તો જે ઈચ્છે તે મળશે. સ્ત્રી બિચારી ચૂપચાપ ઘરે પાછી વળી ગઈ. બાળકોએ જ્યારે માતાને ખાલી હાથે આવતી જોઈ તો ભૂખથી ચીસો પાડવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે, મા ! અમે ભૂખથી મરી રહ્યાં છીએ કાંઈક ખાવાનું આપો ! તો તે સ્ત્રી ફરીથી તે વેપારીની પાસે પહોંચી અને ખાણા માટે સવાલ કર્યો તો વેપારીએ ફરીથી તે જ વાત કરી જે અગાઉ કહી હતી.

સ્ત્રી રાજી થઈ ગઈ પણ જ્યારે તે બંને શયનખંડમાં પહોંચ્યાં તો સ્ત્રી ડરથી ધ્રુજવા લાગી. વેપારીએ પૂછયું કે કોનાથી ડરે છે ? તેણે કહ્યું, હું તે ખુદાના ડરથી કાંપુ છુ જેણે આપણને પેદા કર્યા. ત્યારે વેપારી બોલ્યો કે જ્યારે તું કંગાળતા અને મુફલિસીની હાલતમાં પણ ખૌફે ખુદા રાખે છે તો મારે પણ અલ્લાહના અઝાબથી ડરવું જોઈએ. આમ કહીને સ્ત્રીને ખૂબ જ માલ સામાન આપીને ઈજ્જતની સાથે વિદાય કરી.

અલ્લાહ તઆલાએ તે સમયના પયગમ્બર મૂસા علیہ السلام પર વહી મોકલી કે ફલાણાના પુત્ર ફલાણાની પાસે જાવ અને **તેને મારા સલામ કહી દો અને કહેશો કે મેં તેના તમામ ગુનાહોને માફ કરી દીધા છે.** મૂસા علیہ السلام ખુદાના હુકમ મુજબ તે વેપારીની પાસે આવ્યા અને પૂછયું કે શું તેં કોઈ મહાન નેકી કરી છે જેના કારણે અલ્લાહ તઆલાએ તારા તમામ ગુનાહોને માફ કરી દીધા છે ? તો તેના જવાબમાં વેપારીએ ઉપરોકત સઘળો પ્રસંગ કહી સંભળાવ્યો. *(મુકાશફતુલ કુલૂબ)*

એક હદીષે પાકમાં છે કે બની ઈસ્રાઈલમાં એક કફલ નામનો શખ્સ હતો તે ગુનાહોથી બચતો ન હતો. એકવાર તે એક સ્ત્રીની પાસે ગયો અને તેણીને ૬૦ દીનાર આપીને ગુનાહ માટે રાજી કરી લીધી. તો જ્યારે તે ગુનાહની અંતિમ હદે પહોંચવા આવ્યો તો તે સ્ત્રી કાંપવા લાગી અને રડવા લાગી. તેણે સ્ત્રીને કહ્યું કે શું હું તને પસંદ નથી પડતો ? તેણી બોલી, નહીં ! બલ્કે વાત એમ છે કે મેં આવો ગુનોહ કદાપિ નથી કર્યો, અને આજે હું કાંઈક જરૂરતથી મજબૂર થઈને આ કરી રહી છું. તેણે આ વાત સાંભળીને કહ્યું, ખરેખર તેં આ હાલતમાં પણ આવી બુરાઈ નથી કરી ! આ દીનાર લઈ જા ! મેં તને બખ્શિશ પેટે આપ્યા અને ખુદાની કસમ ! હું હવેથી કદાપિ ગુનાહ કરીશ નહીં ! પછી તે એ જ રાત્રે મૃત્યુ પામ્યો. સવારે તેના દરવાજા પર લખેલ હતું કે અલ્લાહ તઆલાએ કફલને બખ્શી આપ્યો છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૨૮૩, અત્તરગીબ વત્તરહીબ, ૪/૫૦)*

સારાંશ કે જો કોઈ આવા બદ્તરીન ગુનાહ ઝિનામાં સપડાયેલ હોય તો હજી પણ જિંદગી બાકી છે. આ લેખને વારંવાર ઈમાની નજરે દિલની આંખો વડે પોતાને અલ્લાહ عزوجل નો નીચ બંદો અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો અદનો ગુલામ તસવ્વુર કરીને વાંચે અને આજથી જ તૌબા કરી લે. કોઈ બહેન નાદાનીમાં શૈતાની વસવસામાં આ ગુનાહમાં હોય તો આજથી સાચા દિલથી તૌબા કરી લે અને કાંઈ ન કાંઈ સદકો કર્યા કરે, રબ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં જરૂર તૌબા કબૂલ ફર્માવશે. وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

وَاِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اَرِنِیْ كَیْفَ تُحْیِ
الْمَوْتٰىؕ قَالَ اَوَلَمْ تُؤْمِنْؕ قَالَ بَلٰى وَلٰكِنْ
لِّیَطْمَىٕنَّ قَلْبِیْؕ قَالَ فَخُذْ اَرْبَعَةً مِّنَ الطَّیْرِ
فَصُرْهُنَّ اِلَیْكَ ثُمَّ اجْعَلْ عَلٰى كُلِّ جَبَلٍ مِّنْهُنَّ
جُزْءًا ثُمَّ ادْعُهُنَّ یَاْتِیْنَكَ سَعْیًاؕ وَاعْلَمْ اَنَّ
اللّٰهَ عَزِیْزٌ حَكِیْمٌ ﴿۲۶۰﴾ مَثَلُ الَّذِیْنَ یُنْفِقُوْنَ
اَمْوَالَهُمْ فِیْ سَبِیْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ
سَنَابِلَ فِیْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍؕ وَاللّٰهُ یُضٰعِفُ
لِمَنْ یَّشَآءُؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِیْمٌ ﴿۲۶۱﴾ اَلَّذِیْنَ یُنْفِقُوْنَ
اَمْوَالَهُمْ فِیْ سَبِیْلِ اللّٰهِ ثُمَّ لَا یُتْبِعُوْنَ مَاۤ اَنْفَقُوْا
مَنًّا وَّلَاۤ اَذًىۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْۚ وَلَا
خَوْفٌ عَلَیْهِمْ وَلَا هُمْ یَحْزَنُوْنَ ﴿۲۶۲﴾ قَوْلٌ مَّعْرُوْفٌ
وَّمَغْفِرَةٌ خَیْرٌ مِّنْ صَدَقَةٍ یَّتْبَعُهَاۤ اَذًىؕ
وَاللّٰهُ غَنِیٌّ حَلِیْمٌ ﴿۲۶۳﴾ یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا
صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰىۙ كَالَّذِیْ یُنْفِقُ
مَالَهٗ رِئَآءَ النَّاسِ وَلَا یُؤْمِنُ بِاللّٰهِ وَالْیَوْمِ الْاٰخِرِؕ
فَمَثَلُهٗ كَمَثَلِ صَفْوَانٍ عَلَیْهِ تُرَابٌ فَاَصَابَهٗ
وَابِلٌ فَتَرَكَهٗ صَلْدًاؕ لَا یَقْدِرُوْنَ عَلٰى شَیْءٍ
مِّمَّا كَسَبُوْاؕ وَاللّٰهُ لَا یَهْدِی الْقَوْمَ الْكٰفِرِیْنَ ﴿۲۶۴﴾

## સૂરએ બક઼રહની તફસીર

અને જ્યારે વિનંતિ કરી ઈબ્રાહીમે[30] હે મારા પાલનહાર ! મને દેખાડ, તું કેમ કરી મુર્દાઓને જીવાડીશ ? ફર્માવ્યું, શું તને યક઼ીન નથી[31] ? વિનવ્યું, યક઼ીન કેમ નથી ? પણ (હું) એ ઈચ્છું છું કે મારા દિલને શાંતિ થાય[32] ફર્માવ્યું, તો સારૂં ચાર પક્ષીઓ લઈને પોતાના સહવાસમાં કરી લે[33] પછી તેમનો એક એક ટુકડો દરેક પહાડ પર મૂકી દે પછી તેમને બોલાવ તેઓ તારી પાસે પગોથી દોડતાં આવશે[34] અને જાણી રાખ કે અલ્લાહ ચઢીયાતો હિકમતવાળો છે. (૨૬૦) તેઓનું દ્રષ્ટાંત જેઓ પોતાના માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે[35] દાણાની જેમ (છે) જેણે સાત ડુંડીઓ ઉગાડી[36] દરેક ડુંડીમાં સો દાણા[37] અને અલ્લાહ જેના માટે ઈચ્છે (તેના માટે) આનાથી પણ અધિક વધારે, અને અલ્લાહ ઉદારતાવાળો ઈલ્મવાળો છે (૨૬૧) તેઓ જે પોતાના માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે[38] ફરી આપ્યા પછી ન કહી સંભળાવે, ન કષ્ટ આપે[39] તેઓનો બદલો એમના અલ્લાહ પાસે છે, અને તેઓને ન કંઈ ચિંતા થાય ન કંઈ દુ:ખ (૨૬૨) સારી વાત કહેવી અને દરગુજર કરવું[40] તે ખૈરાત કરતાં સારૂં છે, જેના પછી સતામણી હોય[41] અને અલ્લાહ નચિંત, સહનશીલ છે. (૨૬૩) અય ઈમાનવાળાઓ !

*કહી સંભળાવીને અને કષ્ટ આપીને તમારા સદકા નિષ્ફળ ન કરી નાખો,[૪૨] તે (માણસ)ની જેમ જે પોતાનો માલ લોકોને દેખાડવા ખર્ચ કરે અને અલ્લાહ તેમજ કયામત પર ઈમાન ન લાવે, તો એનું દ્રષ્ટાંત એવું છે જેમ કે એક ખડક (નો પથ્થર) કે તેના પર માટી છે. હવે તેના પર ધોધમાર પાણી પડયું જેણે તેને નર્યો પથરો કરી મૂક્યો[૪૩] (આવા માણસો) પોતાની કમાઈમાંથી કોઈ વસ્તુ પર અધિકાર નહિ પામે, અને અલ્લાહ કાફિરોને માર્ગ બતાવતો નથી. (૨૬૪)*

## સ....મ....જૂ....તી....

**૩૦.** તફસીરકારોએ લખ્યું છે કે દરિયા કાંઠે એક માણસ મરેલો પડયો હતો. ભરતી ઓટમાં દરિયાનું પાણી ચઢતું ઉતરતું હતું. જ્યારે પાણી ચઢતું ત્યારે માછલીઓ તેની લાશ ખાતી અને જ્યારે પાણી ઉતરી જતું ત્યારે જંગલોનાં પ્રાણીઓ તેને ખાતાં હતાં, પછી જ્યારે દરિંદા નાસી જતા ત્યારે પક્ષીઓ ખાતાં હતાં. જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ આ જોયું ત્યારે એમને શોખ થયો કે મુર્દાઓ કેવી રીતે સજીવન થશે તે જોવું જોઈએ. આપે અલ્લાહના દરબારમાં વિનંતી કરી કે અય પરવરદિગાર ! મને શ્રદ્ધા છે કે મુર્દાઓને તું જીવંત કરીશ, અને એમના શરીરના ભાગો દરિયાઈ જાનવરો અને પ્રાણીઓના પેટોમાંથી તેમજ પક્ષીઓના પેટોમાંથી એકઠા કરીશ, પરંતુ, હું આ આશ્ચર્યજનક દ્રશ્ય નજરે નિહાળવા ઈચ્છું છું.

તફસીરકારોનું એક મંતવ્ય એવું પણ છે કે જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને પોતાના 'ખલીલ' બનાવ્યા ત્યારે મલકુલ મૌત અલ્લાહ પાકની આજ્ઞા લઈ આપને એની ખુશખબર સંભળાવવા આવ્યા, ખુશખબર સાંભળીને આપે અલ્લાહપાકની હમ્દ બયાન કરી, અને મલકુલ મૌતને પૂછયું કે મને ખલીલ બનાવ્યો તેની નિશાની શું છે ? તેઓએ કહ્યું કે અલ્લાહપાક આપની દુઆ કબૂલ કરશે, અને આપની માંગણીથી મુર્દાઓને જીવંત કરશે, ત્યારે આપે આ દુઆ કરી. *(ખાઝિન)*

**૩૧.** અલ્લાહ તઆલા છુપી અને જાહેર બાબતનો જાણકાર છે. તેને હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પાકા ઈમાન અને યકીનની જાણ છે. છતાં એવો પ્રશ્ન કર્યો કે શું તને યકીન નથી ? એ એટલા માટે છે કે સાંભળનારાની માંગણીનો હેતુ જાણવા મળે, અને એ પણ સમજી જાય કે આ માંગણી કોઈ શંકા કુશંકાના કારણે ન હતી. *(બયઝાવી, જુલમ વિગેરે)*

**૩૨.** અને પ્રતિક્ષાની વ્યાકૂળતા મટી જાય, હઝરત અબ્બાસ رضی اللہ عنہ એનો મતલબ એવો બતાવે છે કે નિશાનીથી મારા દિલને એ બાબતે શાંતિ થાય કે તેં મને પોતાનો ખલીલ બનાવ્યો છે.

**૩૩.** જેથી સારી રીતે ઓળખી શકાય.

**૩૪.** હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ મોર, મરઘો, કબુતર અને કાગડો આ ચાર પક્ષીઓ પાળ્યાં અને પછી એમને અલ્લાહના હુકમથી ઝુબહ કર્યાં. એમના પીછાંઓ કાઢી નાખ્યાં અને એમનાં માંસનો ખીમો કરીને એકબીજામાં મેળવી દીધું, અને પાછા એના અમુક ભાગ કરી એક એક ભાગ એક એક પહાડ પર મૂક્યો. અને બધાનાં માથાં પોતાની પાસે રાખ્યા પછી ફર્માવ્યું, અલ્લાહના હુકમથી ચાલ્યાં આવો, આ સાંભળતાં જ પેલા માંસના ખીમાના દરેક ભાગમાંથી દરેક પક્ષીના ભાગો ઉડયા, દરેકનું માંસ જુદુ જુદુ થઈને પોતપોતાના ભાગો સાથે જોડવાઈ જઈને તે પક્ષીની શિકલ તૈયાર થઈ ગઈ, પછી તે બધા પોતાના પગોથી દોડતાં દોડતાં હાજર થયાં, અને પોતપોતાના માથા સાથે જોડાઈને તે જ પક્ષી તૈયાર થઈને ઉડી ગયાં, સુબ્હાનલ્લાહ !

**૩૫.** પછી તે ખર્ચ કરવું વાજિબ હોય કે નફ્લ, દરેક નેકીના માર્ગમાં ખર્ચ કરવાનો મતલબ છે, ઈચ્છે તો કોઈ વિદ્યાર્થીને કિતાબો ખરીદી આપે અથવા દવાખાનાં બનાવી આપે અથવા મુર્દાઓને સવાબ પહોંચાડવા ત્રીજ્યું ચાલીસમું કરીને ગરીબોને ખવડાવે.

**૩૬.** વાસ્તવમાં ઉગાડનાર અલ્લાહ તઆલા જ છે. દાણા તરફ એનો સંબંધ તો નામ માત્રનો જોડયો છે.

**મસ્અલો** : આનાથી જાણવા મળ્યું કે કાર્યનો સંબંધ મજાઝી (ઉપલક) રીતે ખુદા સિવાય બીજા સાથે જોડવો જાઈઝ છે, જ્યારે કે સંબંધ જોડનાર ખુદા સિવાય બીજાને સ્વયં કાર્યકર્તા સમજતો ન હોય, એટલા માટે જ આ દવા ફાયદો આપનાર છે, માં–બાપે ઉછેર્યો, ગુમરાહીથી બચાવ્યો, બુઝુર્ગોએ હાજત પૂરી કરી વિગેરે વાક્યો બોલવાં જાઈઝ છે, કારણ કે આ કાર્યો સાથે એમના સંબંધ ઉપલકિયા છે, હકીકતમાં આ કામો કરનાર અલ્લાહ જ છે, મુસલમાનના અકીદા મુજબ બીજી વસ્તુઓ સાધન માત્ર છે.

**૩૭.** તો એક દાણાના સાતસો દાણા થઈ ગયા, એવી જ રીતે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી સાતસો ગણો બદલો મળે છે.

**૩૮. શાને નૂઝૂલ** : આ આયત હઝરત ઉષ્માનગની અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ વિશે ઉતરી. ગઝવએ તબૂકના અવસરે હઝરત ઉષ્માન رضی اللہ عنہએ એક હજાર ઊંટો સામાનથી લાદેલાં આપ્યાં. અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ ચાર હજાર દિરહમ સદકાના હુઝૂર ﷺના દરબારમાં હાજર કર્યા, અને કહ્યું કે કુલ મારા પાસે આઠ હજાર દિરહમ હતા જેમાંથી અડધા મેં મારા અને બાલ બચ્ચાં માટે રહેવા દીધા છે, બાકીના અડધા અલ્લાહના માર્ગમાં હાજર છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું : જે તમે આપ્યા અને જે તમે રાખ્યા અલ્લાહ તઆલા બન્નેમાં બરકત આપે.

**૩૯.** ઉપકાર કરીને તેને જાહેર કરવો કે મેં તારી સાથે આવું સદવર્તન કર્યું છે અને તેને નીચું જોવડાવવું અને કષ્ટ આપવાનો મતલબ એ છે કે તેને એવું કહી દુ:ખી કરવો કે તું નાદાર હતો, મુફલિસ અને લાચાર હતો, મેં તારી દેખભાળ રાખી, તારી સહાય કરી અથવા બીજી રીતે દબાણ નીચે રાખે એ બધાની મનાઈ છે.

**૪૦.** અર્થાત જો સવાલ કરનારને કાંઈ આપી શકાય એમ ન હોય તો નરમાશ અને સારી રીતે જવાબ આપવો, જેથી તેને ખોટુ ન લાગે. અને જો તે સવાલમાં આગ્રહ ચાલુ રાખે અથવા ન બોલવાનું બોલે તો તેને દરગુજર કરવું.

**૪૧.** નીચુ જોવડાવીને અથવા કહી સંભળાવીને અથવા બીજી કાંઈ તકલીફ પહોંચાડીને.

**૪૨.** એટલે કે જે રીતે મુનાફિકોનો હેતુ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવાનો નથી હોતો, તે પોતાના માલ લોકોને દેખાડવા ખર્ચ કરીને તેને બર્બાદ કરે છે, એવી રીતે તમે કહી સંભળાવીને અને કષ્ટ આપીને પોતાના સદકાને બર્બાદ ન કરો.

**૪૩.** આ મુનાફિકની રિયાકારીના કામનું દ્રષ્ટાંત છે કે જે રીતે પથ્થર પર માટી દેખાય છે. પણ વરસાદથી તે ધોવાઈ જાય છે, નર્યો પથરો રહી જાય છે. આજ પરિસ્થિતિ મુનાફિકના અમલની છે, જોનારને એવું લાગે છે કે જાણે અમલ બરાબર છે, પણ કયામતના દિવસે એ તમામ આમાલ નિષ્ફળ જશે. કારણ કે અલ્લાહની ખુશી મેળવવા ન કરાયા હતા.

## દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

**હદીષ :** એમનાથી જ (હઝરત આઈશા رضی اللہ عنہا થી) રિવાયત છે. ફર્માવે છે કે નબી علیہ الصلوٰۃ والسلام મારી ગોદમાં તકીયો લગાડતા, જો કે હું હૈઝવાળી (માસિકમાં) હોતી, પછી કુર્આન તિલાવત કરતા[૧]. (મુસ્લિમ, બુખારી)

એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મને હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે મસ્જિદથી મને ચટાઈ આપી દો. હું બોલી કે હું હૈઝવાળી છું. ફર્માવ્યું, તમારું હૈઝ તમારા હાથોમાં નથી[૨]. (મુસ્લિમ)

હઝરત મૈમૂના رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એક ચાદરમાં નમાઝ પઢતા હતા જેનો અમુક હિસ્સો મારી ઉપર હોતો અને અમુક હિસ્સો હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર, જ્યારે કે હું હૈઝવાળી હોતી[3]. (મુસ્લિમ, બુખારી)

(બીજો વિભાગ) : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે જે હૈઝવાળી સ્ત્રી સાથે સંભોગ કરે અથવા સ્ત્રીના પાખાનાની જગાએ, અથવા જ્યોતિષની પાસે જાય, તેણે મુહમ્મદ મુસ્તફા ﷺ પર ઉતરેલાનો ઈન્કાર કર્યો[૪].

એને તિર્મિઝી, ઈબ્ને માજહ તથા દારમીએ રિવાયત કરી. એ બંનેની રિવાયતમાં આ પ્રમાણે છે કે જ્યોતિષના કરેલાનું સમર્થન કરે તો કાફિર થઈ ગયો. તિર્મિઝીમાં ફર્માવે છે કે અમે આ હદીષને કેવળ હકીમ અષરમથી જાણીએ છીએ જે અબૂ તયમિયાથી[૫] તે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે.

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને મારી પત્નીની હૈઝની હાલતમાં કયુ કામ હલાલ છે ?! ફર્માવ્યું, જે તેહબંદથી ઉપર હોય, અને બચવું એનાથી પણ બેહતર છે[૬]. (રઝીન) મોહયુસ્સુન્નહ ફર્માવે છે કે એની અસ્નાદ કવી નથી.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે કોઈ શખ્સ પોતાની પત્નીને હૈઝ (માસિક)ની હાલતમાં સંભોગ કરી બેસે તો અડધો દીનાર ખૈરાત કરે[૭]. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, દારમી, ઈબ્ને માજહ)

એમનાથી જ રિવાયત છે. આપ હુઝૂર علیہ الصلوٰۃ والسلام થી ફર્માવે છે કે જ્યારે લોહી લાલ હોય તો એક દીનાર આપે અને જ્યારે લોહી પીળુ હોય તો અડધો દીનાર[૮]. (તિર્મિઝી)

**સમજૂતી ::** **૧.** જાણવા મળ્યું કે હૈઝવાળી સ્ત્રીની જાંગો કે ખોળામાં માથુ રાખીને કુર્આન પઢવું જાઈઝ છે, કેમ કે હૈઝવાળીની નાપાકી હુકમી છે હકીકી નથી. **મુડદુ ગુસ્લ આપતા પહેલાં હકીકી રીતે પણ નજીસ (નાપાક) હોય છે એટલા માટે ગુસ્લ પહેલાં તેની પાસે ઢાંકયા વિના**

**કુર્આન શરીફ પઢવું મના છે.** જેથી આ હદીષ એ મસ્અલાની વિરુદ્ધ નથી. યાદ રાખશો કે હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاની ગોદ કુર્આન તથા કુર્આનવાળા મહબૂબની રહલ બની, એ વખતે પણ હુઝૂર ﷺની વફાતના સમયે પણ, કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો વિસાલ આપની ગોદમાં થયો, અને આપનો હુજરો (ઓરડો) હુઝૂર ﷺની અંતિમ આરામગાહ બન્યો, જેથી આપની ગોદ તથા આપનો હુજરો અર્શે અઝીમથી વધીને છે. અલ્લાહ એ દામનમાં મારા જેવા નાલાયક ગુનેહગારને જગા આપે. (આમીન)

**ઉન્કે પેહલુ હૈં નબી કી આરામગાહ**
**ઉન્કે હુજરેમેં ક઼યામત તક નબી હૈં જા ગઝીં**

**૨.** એટલે કે તમારે આ હાલતમાં મસ્જિદમાં જવું મના છે, ન કે હાથ લંબાવીને કાંઈ લેવું. (એમનાથી) આજે પણ એ જ મસ્અલો છે કે હૈઝવાળી તથા જુનુબી મસ્જિદથી બહાર રહીને મસ્જિદમાં હાથ લંબાવીને ચીજ વસ્તુ ઉઠાવી શકે છે. આ હદીષમાં ચટાઈથી મુરાદ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પોતાની માલિકીની ચટાઈ હશે, ન કે મસ્જિદની વકફ ચટાઈ. કેમ કે વકફ થયેલ ચટાઈને ઘરમાં લાવી તેના પર નમાઝ મના છે.

**૩.** એટલે કે એક જ ચાદર મારા પર પણ રહેતી અને નમાઝની હાલતમાં હુઝૂર ઉપર પણ. એનાથી જાણવા મળ્યું કે હૈઝવાળીનું શરીર હક઼ીક઼ી નાપાક નથી, નહીં તો એવું કપડુ જે હૈઝવાળી નાપાકી પર હોય તેને ઓઢીને કે પહેરીને નમાઝ પઢવી મના છે. યાદ રાખશો કે આ હદીષના આ શબ્દો ન બુખારીમાં છે ન મુસ્લિમમાં, બલ્કે એના અમુક વિષય બુખારીમાં છે. *(મિર્ક઼ાત)*

**૪.** એટલે કે એ ત્રણેવ શખ્સો કુર્આન હદીષના મુન્કિર બનીને કાફિર થઈ ગયા. યાદ રાખશો કે અહીં શરઈ કુફ્ર જ મુરાદ છે, ઈસ્લામનું વિરોધાર્થી. અને એમનાથી તે લોકો મુરાદ છે જેઓ સ્ત્રી સાથે પાખાનાની જગાએ અથવા હૈઝની હાલતમાં સંભોગને જાઈઝ સમજીને સંભોગ કરે અને જ્યોતિષ તથા ભવિષ્યવેત્તાને ઈલ્મે ગયબનો જાણકાર જાણીને એનાથી ફાલ ખોલાવે અથવા ગયબી ખબરો પૂછે. અને જો ગુનોહ સમજીને આ કામ કરે તો ફિસ્ક઼ છે, કુફ્ર નથી. અથવા અહીં કુફ્રથી મુરાદ શાબ્દિક અર્થમાં છે, નાશુક્રી. રબ ફર્માવે છે : وَاشْكُرُوْالِىْ وَلَا تَكْفُرُوْنَ "અને મારી નાશુક્રી ન કરો." *(સૂરએ બક઼રહ, આ. ૧૫૨)* યાદ રાખશો કે હૈઝવાળી (માસિકવાળી) સાથે સંભોગ કરવાનું હરામ હોવું નસ (કુર્આની આયત)થી સાબિત છે. રબ ફર્માવે છે : قُلْ هُوَ اَذًى فَاعْتَزِلُوا النِّسَآءَ "તમે ફર્માવો તે નાપાકી છે તો સ્ત્રીઓથી અલગ રહો." (સૂરએ બક઼રહ, આ. ૨૨૨) અને સ્ત્રી સાથે પાખાનાની જગાએ સંભોગનું હરામ હોવું ક઼તઈ, ક઼તઈ ક઼યાસથી સાબિત છે. એ બંનેવનો મુન્કિર કાફિર છે. આ પ્રકારની હદીષો ક઼તઈ હુર્મત (હરામ હોવું) સાબિત નથી કરી શકતી. એની ચર્ચા એ જ જગાએ મિર્ક઼ાતમાં જુઓ. અને અમારી કિતાબ જાઅલ હક્ક઼, ભાગ : ૧, ક઼યાસની ચર્ચામાં જુઓ. ખુલાસો એ કે આ હદીષો ઝઈફ છે અને ક઼તઈ હુર્મત સાબિત કરવા માટે ક઼તઈ દલીલ જરૂરી છે. (જે આ સમજૂતીમાં આયતો થકી રજૂ કરી છે.)

**૫.** અબૂ તયમિયા જહમીનું નામ ઝરીફ ઈબ્ને મુજાલદ છે. હકીમ ઈબ્ને અષરમને અમુક મુહદ્દિષોએ ઝઈફ કહ્યા, ઝરીફને અમુકે ષિક઼હ કહ્યા. એમનો ઈન્તેક઼ાલ હિ.સ. ૯૭માં થયો. ઈમામ બુખારીએ આ હદીષને ઝઈફ ઠરાવી. *(અશિઅહ)*

**૬.** એટલે કે હૈઝવાળી સ્ત્રી જ્યારે કે પાયજામો કે તેહબંદ મજબૂતીથી બાંધે તો એના સાથે લપેટાવું તથા ચુંબન વગેરે દુરુસ્ત છે, પરંતુ બચવુ બેહતર છે. ખાસ કરીને તે યુવાને જે વધુ પેજ નં. ૨૩ પર

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**આતી ન થી જબ બદી ભી તુઝકો–હમ જાનતે હૈં તુઝે જભી સે**

*(બદી = બુરાઈ)*

**અર્થાત :** હે બદ્‌બખ્ત નફ્સ ! હવે તો તારી શરારતો અને ધોકાબાઝીઓની ધૂમ મચેલી છે, જ્યારે હજી તેં બુરાઈ ન કરી હતી એ સમયે પણ અમે તને જાણતા હતા કે તું કોઈ ન કોઈ શરારત કરીને જ રહીશ ! હવે જો કે તું પણ વૃદ્ધ થઈ ગયો હશે પણ..... *ખંડર બતા રહે હૈં ઈમારત અજીબ થી !* આ શેઅરમાં શૈતાનની નાફર્માનીથી પહેલાં આલમે અરવાહનો નક઼શો વર્ણન કરવામાં આવ્યો છે.

**હદ કે ઝાલિમ સિતમ કે કહ઼ર–પથ્થર શરમાએँ તેરે જી સે**

**અર્થાત :** હે જાલિમ ! જુલ્મની પણ કોઈ હદ હોય છે અને સંગદિલીનું પણ તો કોઈ ઠેકાણુ હોય છે. તું તો એટલો જાલિમ છે કે પથ્થર પણ તારી સંગદિલી (કઠણ હૃદયી) પર આશ્ચર્યમય તથા શર્મસાર છે.

કુર્આન મજીદમાં અમુક દિલોને પથ્થરથી પણ વધુ સખત ફર્માવવામાં આવેલ છે : ثُمَّ قَسَتۡ قُلُوۡبُكُمۡ مِّنۡۢ بَعۡدِ ذٰلِكَ فَهِىَ كَالۡحِجَارَةِ اَوۡ اَشَدُّ قَسۡوَةً ''ઃ ફરી ત્યાર બાદ તમારા દિલ સખત થઈ ગયાં તો તે પથ્થરોની જેમ છે બલ્કે એનાથી વધારે સખત.'' *(સૂરએ બક઼રહ, આ. ૭૪)* અને એનું કારણ પણ વર્ણન કરી આપ્યું : وَاِنَّ مِنَ الۡحِجَارَةِ لَمَا يَتَفَجَّرُ مِنۡهُ الۡاَنۡهٰرُ ''અને પથ્થરોમાં તો અમુક તે છે જેમાંથી નદીઓ વહી નીકળે છે અને અમુક તે છે જે ફાટી જાય છે તો તેમાંથી પાણી નીકળે છે.'' *(સૂરએ બક઼રહ, આ. ૭૪)* પથ્થરોથી તો પાણીનાં ઝરણાં પણ ફૂટી નીકળે છે પરંતુ પથ્થર દિલથી તો એટલુ પણ નથી થઈ શક્તુ !

**હમ ખાક મેં મિલ ચુકે હૈં કબ કે–નિકલા ન ગુબાર તેરે જી સે**

**અર્થાત :** હે કમીના નફ્સ ! ખુદા જ તને પૂછે ! અમારી પાસે ગુનાહ કરાવી કરાવીને તેં અમને ઝલીલ તથા બદ્‌નામ પણ કરી નાખ્યા, પરંતુ હજી સુધી તારી દુશ્મનીની આગ ઠંડી ન થઈ અને તારા દિલનો ધુમાડો હજી સુધી પૂરી રીતે ન નીકળી શક્યો !

**હે ઝાલિમ, મૈં નિબાહૂ તુઝસે !–અલ્લાહ બચાએ ઉસ ઘળી સે**

**અર્થાત :** હું એ ઘડીથી પણ અલ્લાહની પનાહ માગુ છું કે જે ઘડીએ તારી સાથે નિભાવ કરું ! હું તો એ ઘડીની કલ્પનાથી પણ કાંપી ઉઠુ છું. (આ આ'લા હઝરત رحمۃ اللہ علیہના કામિલ ઈમાનવાળા હોવાની ઉઘાડી દલીલ છે.)

### જો તુમકો ન જાનતા હો હઝરત !–ચાલેં ચલીયે ઉસી અજનબી સે

*(હઝરત = નફસને કટાક્ષમાં કહ્યું, ચાલેં = ચાલાકીઓ)*

**અર્થાત** : અરે હટ પાછો ! બુઝુર્ગ બનતો ફરે છે ! ધોકો આપવો હોય તો કોઈ અજનબી નાવાકેફને આપ ! હું તો તારી ચાલોને સારી પેઠે જાણુ છું. મારા પર તારો દાવપેચ શું ચાલવાનો હતો ?! મેં તો અવલિયાએ કિરામનો દામન થામીને તારો ઈલાજ કરી લીધો છે.

### અલ્લાહ કે સામને વો ગુન થે–યારોં મેં કૈસે મુત્તક઼ી સે

*(ગુન = કરતૂત, મુત્તક઼ી = પરહેઝગાર)*

**અર્થાત** : હે નફ્સ (હે રિયાકાર ઈબાદતગુઝાર !) અલ્લાહ તો તારા કરતૂતોને સારી પેઠે જાણે છે કે તું શું છે અને શું નથી ! લોકોની સામે તું મોટો પરહેઝગાર બને છે : فَلَا تُزَكُّوٓا اَنْفُسَكُمْ ؕ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى "તો પોતે પોતાના પ્રાણોને (બહુ) સ્વચ્છ તરીકે ખપાવો નહીં, જે પરહેઝગારો છે તેમને તે સારી રીતે જાણે છે." *(સૂરએ નજ્મ, આ. ૩૨)* પોતે પોતાને (બનાવટ કરીને) પરહેઝગાર ન બનાવ, અલ્લાહ સારી રીતે જાણે છે કે કોણ અધિક પરહેઝગાર છે.

રિયાકાર ઈબાદતગુઝારને પાણીમાં રહેનાર લાંબી ડોકવાળા બગલાથી સરખાવવામાં આવેલ છે કે સામાન્યતઃ તે એક ટાંગ પર ઉભો રહે છે. માછલી જુએ છે તો સમજે છે કે કોઈ ઈબાદતગુઝાર છે જે એક પગ પર ઉભો રહી ઈબાદત કરી રહેલ છે. તે દોડે છે કે જઈને કદમ ચૂમી લઉં. પરંતુ બિચારી આવે છે તો શિકાર બની જાય છે. રિયાકાર પણ અલ્લાહના બંદાઓને પોતાનો અક઼ીદતમંદ બનાવવાની લાલચમાં અને તેમનાં ખિસ્સાં ખાલી કરવાના ચક્કરમાં ઈબાદતનો ઢોંગ રચે છે.

### રહઝન ને લૂટ લી કમાઈ–ફર્યાદ હૈ ખિઝરે હાશમી સે

**અર્થાત** : હે ડાકૂ નફ્સ ! તેં તો મારી જીવનભરની કમાણી લૂટી લેવાનું (ઈબાદત તથા નેક અમલો બેકાર કરવાનું) ધારી લીધું છે ! હે મારા કરીમ આક઼ા ! (ખિઝરે હાશમી ﷺ) આપનાથી જ ફરિયાદ છે, કેમ કે આ જાલિમ કમીનાનો માર્ગ આપ જ રોકી શકો છો.

### અલ્લાહ ! કૂંએંમેં ખૂદ ગિરા હૂં–અપની નાલિશ કરું તુઝહી સે

**અર્થાત** : હે અલ્લાહ ! આ ઝિલ્લત તથા બેઈજ્જતીના કૂવામાં હું પોતે જ પડયો છું, હવે તારાથી જ શિકાયત (નાલિશ) છે. તારા સિવાય આ ગુનાહોના કૂવામાંથી મને કોણ કાઢશે ?!

*માનાં કે બેઅમલ હૂં નિહાયત બુરા હૂં મૈં–કિતને બળે કરીમ કે દરકા ગદા હૂં મૈં*

### હૈ પુશ્તે પનાહ ગ઼ૌષે આ'ઝમ–ક્યૂં ડરતે હો તુમ 'રઝા' કિસીસે

**અર્થાત** : હે (ગદાએ દરે ખૈરુલવરા પ્યારે ઈમામ) અહમદ રઝા ! જ્યારે કે તારા હામી તથા સહારા ગ઼ૌષલવરા છે, તો પછી તને કોઈ મુસીબત કે રંજ તથા તકલીફથી શું ખતરો ?!

*સુનો મેરી ફર્યાદ યા ગ઼ૌષે આ'ઝમ–કરો મેરી ઈમદાદ યા ગ઼ૌષે આ'ઝમ*
*હુવા હૂં મૈં ક઼ૈદી ગમોં કે કફસ મેં–કરો મુઝકો આઝાદ યા ગ઼ૌષે આ'ઝમ*




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદક ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા-મુબારકપુર)

**(પ્રકરણ : ૮)**

## નિકાહ

હઝરત ખદીજા رضی اللہ عنہا એક માલદાર વિધવા ઔરત હતાં. તેમની શરાફત અને પવિત્રતાના પ્રભાવથી તેમનો લકબ "તાહિરા" હતો. અરબના મોટા મોટા સરદારો આપનાથી શાદી કરવાની ઈચ્છા રાખતા હતા. પરંતુ તેણી હવે શાદી કરવા ન ઈચ્છતાં હતાં. હઝરત ખદીજા رضی اللہ عنہاએ આપણા નબી ﷺની નેકનામી, શરાફત, સચ્ચાઈ અને દયાનતદારી વિશે પહેલાથી સાંભળ્યું હતું તેથી તે આપથી ઘણી મહોબ્બત કરતાં હતાં. વેપારી કાફલો જ્યારે શામથી પરત થઈ રહ્યો હતો અને મક્કામાં દાખલ થવાનો હતો ત્યારે હઝરત ખદીજા رضی اللہ عنہا આગમનનો નઝારો જોવા છત પર ચઢી ગયાં. શું જુએ છે કે બે ફરિશ્તા મુહમ્મદે અરબી ﷺ પર છાંયડો કરતા આવી રહ્યા છે. તદ્ ઉપરાંત આપના ગુલામ મયસરાએ પણ સફરનો હાલ વર્ણન કર્યો અને નસ્તુરા રાહિબનો બનાવ પણ સંભળાવ્યો. તો હઝરત ખદીજા رضی اللہ عنہاના દિલમાં આપની અઝમત વધી ગઈ અને નિકાહની ઈચ્છા પેદા થઈ ગઈ. આપે નિકાહનો પયગામ મોકલ્યો. રસૂલે કરીમ ﷺએ સંબંધને પોતાના કાકા અબૂ તાલિબ અને ઘરના વડીલો સમક્ષ રજૂ કર્યો. કોણ એવું હોય જે હઝરત ખદીજા رضی اللہ عنہا જેવી પાકદામન, શરીફ, બુદ્ધિમાન અને માલદાર સ્ત્રીથી શાદી કરવાથી ના કહેતું ?! ખાનદાનના લોકોએ આ સંબંધને ખુશીથી મંજૂર કરી લીધો. થોડાક દિવસો પછી બહુ સાદાઈ સાથે નિકાહની રસ્મ અદા થઈ. નબી કરીમ ﷺ કુટુંબના માનનીય લોકો સાથે હઝરત ખદીજા رضی اللہ عنہاના ઘરે આવ્યા, જેમાં અબૂ તાલિબ, હઝરત હમ્ઝા અને હઝરત અબૂબક્ર (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) પણ હતા. કાકા અબૂ તાલિબે નિકાહનો ખુત્બો પઢયો અને મહેર ૫૦૦ દિરહમ નક્કી થઈ. નિકાહના સમયે આપની ઉમર ૨૫ વર્ષની હતી અને હઝરત ખદીજા رضی اللہ عنہاની વય ૪૦ વર્ષ હતી.

હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا લગભગ ૨૫ વર્ષ રસૂલે કાઈનાત ﷺની ખિદમતમાં રહ્યાં, ત્યાર બાદ આપનુ મૃત્યુ થઈ ગયું. તેમની હયાતમાં આપણા નબી علیہ الصلوٰۃ والسلامએ બીજો નિકાહ નથી કર્યો. આપ ﷺની જેટલી પણ ઔલાદ થઈ બધી હઝરત ખદીજાના શિકમ (પેટ) મુબારકથી થઈ. ફક્ત એક બાળક હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ હઝરત મારિયા કિબ્તીયા رضی اللہ عنہاના શિકમથી પેદા થયા.

હઝરત ખદીજા رضی اللہ عنہاએ પોતાની તમામ દૌલત તાજદારે મદીના ﷺના કદમો પર કુર્બાન કરી દીધી અને આખી જિંદગી આપની ખિદમતમાં ગુજરી. ક્યારેય આપ علیہ الصلوٰۃ والسلامને કોઈ તકલીફ ન આપી. રસૂલુલ્લાહ ﷺ પણ આપનાથી ઘણી મહોબ્બત ફર્માવતા અને તેમની વફાત બાદ પણ તેમનો ઝિક્ર કરતા અને તેમની ખૂબીઓ બયાન કરતા.

# સીરતે નબવીની ﷺ

## ૪ મહત્વપૂર્ણ બાબતો

રજૂકર્તા : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી–પાલેજ
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ફયઝાને નૂરી–ડભોઈ)*

વર્તમાન જગતમાં સીરતે નબવીની ચાર બાબતો મુસ્લિમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### હકારાત્મક (Positive) વિચારસરણી

હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના વિરુદ્ધ જેટલા પણ કાવતરાં કરવામાં આવ્યાં, રસ્તામાં કાંટા બિછાવવામાં આવ્યા, ઊંટની હોજરી નાખવામાં આવી, પથ્થર ફેંકવામાં આવ્યા, કચરો નાખવામાં આવ્યો અને આપને અપશબ્દો બોલવામાં આવ્યા, પરંતુ આપે ક્યારેય સમાજની સુધારણા અને ભલાઈ ન છોડી, ત્યાં સુધી કે પોતાના સાથીઓને બદ્દુઆથી પણ મના ફર્માવ્યું. કાફિરો, મુશ્રિકો, મુનાફિક઼ો, યહૂદીઓ અને ઈસાઈઓએ આપને તકલીફ આપવાની દરેક પદ્ધતિ અપનાવી, આપે ક્યારેય તેમનાથી બદલો ન લીધો, વાસ્તવમાં જીવનની મુશ્કેલીઓ એક સાલેહ ઈન્સાનને પોતાના મક઼સદથી દૂર કરવા માટે આવે છે, પણ હકારાત્મક લોકો હમેશાં તે વિચાર, વર્તન અને કાર્યવાહીથી દૂર રહે છે જે એમને પોતાની મંઝિલથી દૂર કરી દે. હું હિજરતની રાતનો ઉલ્લેખ જરૂર કરીશ જ્યારે કાફિરો અને મુશ્રિકોએ આપ (ﷺ)ના ક઼તલનો નિર્ણય કરી લીધો. તો આપે હઝરત અલી رضی اللہ عنہ ને બોલાવીને ફર્માવ્યું, "મારી જવાબદારીમાં ઘણી બધી અમાનતો છે, તમે મારી જગાએ સૂઈ જાવ અને અમાનતો આપીને મદીના પહોંચી જાવ." અનુમાન લગાડો આપના વિરોધીઓ હોવા છતાં તે લોકોને આપની સચ્ચાઈ પર કેટલો વિશ્વાસ હતો કે પોતાની અમાનતો આપના પાસે રાખતા હતા ! હકારાત્મક કાર્યનું પરિણામ હમેશાં સારું જ આવે છે, દુશ્મની અને અદાવત રાખતા હોવા છતાં આપે પોતાના દુશ્મનોનું ભલુ જ વિચાર્યું, તેઓને દુનિયામાં નુકસાન ન પહોંચાડયું અને હમેશાં એમના માટે ઈમાનની દુઆ ફર્માવી, રિએક્શન નહીં ફક્ત એકશન !

હુઝૂર ﷺ ની સીરત આપણને બતાવે છે કે જીવનની બુનિયાદ અમલ (કામ) પર રાખવી જોઈએ. મેં પહેલી વાત જે વર્ણવી એ બીજી વાતથી બિલકુલ અલગ છે. પ્રતિક્રિયા (રિએક્શન)ની સોચ સામૂહિક કાર્યને વાંઝીયુ કરી દે છે, ક઼ોમ પ્રતિક્રિયા માટે કોઈ મોટી અઘટિત બનાવની રાહ જુએ છે. જ્યારે કોઈ અઘટિત ઘટના બની તો ક઼ોમ ઉઠે છે અને પ્રતિક્રિયાનું પ્રદર્શન કરે છે અને પછી પાછી સૂઈ જાય છે, અને આ ગફલતની નિદ્રાથી ફરી બીજો કોઈ અઘટિત બનાવ જ તેમને ઉઠાડી શકે છે. પ્રતિક્રિયાનું ચલણ ક઼ોમના ઈરાદાઓને કમજોર કરી નાખે છે. હુઝૂર ﷺ એક ખુદાઈ પ્રોગ્રામના પ્રમાણે સર્વશ્રેષ્ઠ પદ્ધતિથી પોતાના લક્ષ્યની તરફ વધતા રહ્યા, આપ કામ કરતા રહ્યા, વિરોધીઓ પ્રતિક્રિયા કરતા રહ્યા, આપે કુર્આન મજીદ સંભળાવ્યું, તેઓએ પ્રતિક્રિયામાં શાઈરી (કવિતા)નો આરોપ લગાવ્યો. આપે તૌહીદની તા'લીમ આપી, તેઓએ શિર્કનો પ્રચાર કર્યો. આપે ઈસ્લામની દા'વત આપી, કાફિરોએ દા'વતનો રદ કર્યો. મુસલમાનોએ હિજરત કરી, તેઓએ પીછો કર્યો. મુસલમાનોએ જાહેરમાં તિલાવત કરી, કાફિરોએ તકલીફ આપી. આપ علیہ الصلوٰۃ والسلام એ ક઼રાર કર્યા, તેઓએ ક઼રાર ભંગ કર્યા, ઈસ્લામ ફેલાતો રહ્યો, તેઓ રોકવાની કોશિશમાં લાગેલા રહ્યા. પૈગંબરે ખુદા

અને મુસલમાન કામ કરતા રહ્યા, કાફિરો અને મુશ્રિકો પ્રતિક્રિયામાં લાગેલા રહ્યા. સમયે સાબિત કરી આપ્યું કે જીત કામ કરવાવાળાઓની થાય છે, પ્રતિક્રિયા આપવાવાળા નાકામ રહે છે. કેમ કે તેઓને જાગૃત રાખવા માટે હમેશાં ઈમરજન્સી પરિસ્થિતિઓની જરૂરત છે અને એવી પરિસ્થિતિ હમેશાં રહેતી નથી.

## વર્તણૂંકમાં જઝબાતથી પરહેઝ

રસૂલુલ્લાહ ﷺએ મુસલમાનોની છુપી કાબેલિયતોને જાગૃત કરીને તેઓને બાઅમલ ઈન્સાન બનાવ્યા, તેઓને તે સોચ આપી જે અમલ પર આધારિત હતી. આ સંદર્ભે ઘણા બનાવો આપણી રહનુમાઈ કરે છે. કોઈ કાફિર, મુનાફિક્ અથવા મુશ્રિકે આપની શાનમાં ગુસ્તાખી કરી, સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, અમને હુકમ આપો ! અમો એ ગુસ્તાખની ગરદન સરથી જુદા કરી દઈએ ! પરંતુ આપે મના ફર્માવ્યું અને માફ કરવાને પ્રાથમિક્તા આપી. કેમ કે આ પ્રતિક્રિયાનું પરિણામ હતું જેથી આપે એનાથી મના ફર્માવ્યું અને આપણને તા'લીમ આપી કે પ્રતિકૂળ સંજોગોમાં પ્રતિક્રિયા નહીં પણ કામની બુનિયાદ પર વિચારો, ક્યાંક એવું ન થઈ જાય કે તમારા કામને કામચલાઉ ગુસ્સો, અનિશ્ચિત ચર્ચા અને ભાવનાત્મક સ્થિતિ ખતમ કરી દે, તમે પોતાની શક્તિ અને યોગ્યતાને અમલ (કામ) માટે એક સાથે રાખો, એ દુનિયવી અને આખેરતની પ્રગતિ માટે માધ્યમ બનશે. હઝરત અલી رضی اللہ عنہ જંગ દરમિયાન એક કાફિર કમાન્ડરના સીના પર કૃત્લ કરવા ચડી ગયા તો તેણે તરત જ થૂંકી દીધું. આપ એ જ સમયે તેના સીના પરથી ઉતરી ગયા. તેણે કહ્યું, હું ખુદાનો દુશ્મન છું અને મેં આપની પણ ગુસ્તાખી કરી, આપ મને દર્દનાક રીતે કૃત્લ કરી દેતા, પરંતુ તમે મને છોડી દીધો ! આપે ફર્માવ્યું, હું એટલા માટે ઉભો થઈ ગયો કે મારી દુશ્મનીનું કારણ એ છે કે તું દુશ્મને ખુદા છે પરંતુ જ્યારે તું થૂંક્યો તો મારી અંગત દુશ્મની પણ તેમાં સામેલ થઈ ગઈ. આ નિખાલસતા તથા લિલ્લાહિયતને જોતાં તે મુસલમાન થઈ ગયો. આ બનાવ હઝરત અલી رضی اللہ عنہના સંદર્ભમાં છે, પરંતુ એનાથી હુઝૂર ﷺની સીરતની એ બાબત ઉજાગર થાય છે કે આપ علیہ الصلوٰۃ والسلامએ સહાબાની તા'લીમ અને તર્બિયત કેવી કરી હતી ? હુઝૂર ﷺએ તેઓને અમલ (કામ) કરવાનું શીખવ્યું હતું. મુસ્લિમ ઉમ્મતે સીરતથી બોધ લેવાનો છે કે આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ હોય અથવા રાષ્ટ્રીય, રાજનૈતિક હોય અથવા ધાર્મિક, પ્રતિક્રિયાની નીતિ ન હોવી જોઈએ અને ન આપણી સોચ અને વર્તનને આધિન થવા દેવું, બસ આપણે કામ કરતા રહેવાનું છે કેમ કે કામમાં ઓરીજનાલીટી છે, પ્રતિક્રિયા ભડકાઉ અને ઉત્તેજક છે, એનું પરિણામ સમય અને કાબેલિયતની બર્બાદી સિવાય કાંઈ નથી.

## અથડામણથી પરહેઝ

આપ علیہ الصلوٰۃ والسلام અથડામણ અને ટકરાવથી દૂર રહ્યા. મક્કી જિંદગી હોય અથવા મદની જિંદગી, આપે કોઈ પણ ભેદભાવ વગર દરેકથી સમાધાનનો રસ્તો અપનાવ્યો, વિરોધી પક્ષની શરતો માન્ય રાખી, ભલે તે ખુદ આપની અને આપના સહાબાની ખિલાફ હતી. આપે આ હદ સુધી જઈને પણ એ બતાવી આપ્યું કે હું કોઈ કિંમતે અથડામણ નથી ચાહતો. જેમ કે સુલહે હુદૈબિયાના મોકા પર જે શરતો લખવામાં આવી તે દેખીતી રીતે મુસલમાનોના હિતમાં ન હતી, પરંતુ અલ્લાહ તઆલાએ એનાથી જ ખૈર (ભલાઈ) પેદા ફર્માવી દીધી. આપે હમેશાં શાંતિ અને સલામતી માટેની તમન્ના ફર્માવી. Confrontation (અથડામણ)થી હમેશાં દૂર રહ્યા. જ્યાં સુધી જંગોનો સવાલ છે તે પણ મુસલમાનો પર લાદી દેવામાં આવી. જ્યારે કાફિરો, મુશ્રિકોએ મુસલમાનોને ધરતી પરથી

નાબૂદ કરવાનો નિર્ણય કરી લીધો તો મુસલમાનોને જંગની પરવાનગી આપવામાં આવી. રબ તઆલાના તરફથી મદની દૌરમાં જંગની પરવાનગી આપવી આ એ વાતની સાબિતી છે કે આ ઈજાઝત દુશ્મનોની જંગી તૈયારીઓ અને તેઓના તરફથી કરવામાં આવતા ધાર્મિક દમનના કારણે આપવામાં આવી. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ હમેશાં અલ્લાહ તઆલાથી આફિયત (ખૈરિયત)નો સવાલ કર્યો અને એ જ વાતની હિદાયત ફર્માવી. ફતહે મક્કાના દિવસે પણ જ્યારે કોઈએ એ ફતહના દિવસને જંગ અને સજાનો દિવસ જાહેર કર્યું તો આપે ફર્માવ્યું, નહીં ! આ રહ્‌મતનો દિવસ છે. જો કે ફતહે મક્કાના દિવસે કાફિરો આપની સામે સજાને પાત્ર ક઼ોમની સ્થિતિમાં હતા, પરંતુ તે દિવસે પણ અથડામણથી દૂર રહ્યા બલ્કે સૌને માફ કર્યા. મુસલમાનની સ્થિતિ ગમે તેવી હોય પણ એને દરેક રીતે જાની, માલી નુકસાનથી પોતાને બચાવવું છે, પોતાની જાતને બિનજરૂરી મુશ્કેલી અને કસોટીમાં નાખવું ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَને પસંદ નથી. જેથી હુઝૂર ﷺની સામે બે રસ્તાના અધિકાર હોતો તો આપ બંનેમાંથી તે રસ્તો અપનાવતા જે ખૂબ જ સરળ હતો. આપે ફર્માવ્યું :–

يسروا ولا تعسروا وبشروا ولا تنفروا "આસનીઓ પેદા કરો, તંગી પેદા ન કરો, બશારતો આપો નિરાશ ન કરો."

જ્યાં સુધી થઈ શકે ગૈર મુસ્લિમ ક઼ોમો સાથે અથડામણથી બચવું એ સીરતે રસૂલ ﷺની તા'લીમ છે. અથડામણથી દૂર રહેવું એ જ દા'વતે ઈસ્લામની સંભાવનાઓને વધારે છે, ટક઼રાવથી બચવું એ જ ગૈરોના દિલોમાં જગા બનાવવાનો સબબ છે, ઈસ્લામ મહોબ્બતથી ફેલાયો છે અને હજી પણ ફેલાશે.

## સામાજિક બંધારણ

રસૂલુલ્લાહ ﷺએ મક્કા મદીનાના સામાજિક બંધારણને એકાએક નથી બદલ્યું. આપે એક જ સમયમાં દરેક મોરચા નથી ઉભા કર્યા. આપે મક્કામાં લોકોને તૌહીદની દા'વત આપી તેઓને ખુદાની તરફ બોલાવ્યા, જે ચાલ ચલણ પાયાના હક્કોથી વિરુદ્ધ હતું તેનો નિર્દેશ ફર્માવ્યો અને અમુક વ્યક્તિ એવા તૈયાર કર્યા જે "પાયાના હક્કો"નો ખયાલ રાખવાવાળા અને ગૈર ઈન્સાની ચાલચલણથી પાક હતા, તેઓની રાજનૈતિક વ્યવસ્થાને જે કૌટુંબિક વ્યવસ્થા પર આધારિત હતી તેને ગૈર ઈસ્લામી ન ઠરાવી કે તે વ્યવસ્થામાં ખૂબીઓ પણ હતી. તેણે લોકોને એક જૂથ રાખ્યા હતા. આ વ્યવસ્થામાં સરદાર અને ક઼બીલાની કલ્પના હતી, લોકો વડીલોના ફૈંસલા સાંભળતા અને માનતા હતા. તે ક઼ોમ રણના માહોલમાં પરવરિશ પામતી અને જવાન થતી, તેઓની આદતો તથા ખાસિયતોમાં એ જ વિશાળતા તથા ક્રૂરતા ઉપસ્થિત હતી. રસૂલુલ્લાહ ﷺએ તેમની પ્રતિભાનો ઈસ્લામના માટે ઉપયોગ કર્યો. એવી પદ્ધતિને ન અપનાવી અને ન પોતાના માનવવાવાળાઓને અપનાવવા દીધી જે સામાજિક બંધારણના વિરુદ્ધ હોય, જેનાથી કાંઈક કરવાના મોક઼ા ઓછા અને બિનજરૂરી સમસ્યાઓમાં વધારાની સંભાવનાઓ વધારે હોય.

એ વાત આ સંદર્ભે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આપણા સુધારકો અને મુબલ્લિગો સમાજને અખ્લાક઼ી બુનિયાદો પર ક઼ાયમ નથી કરતા અને ન તો લોકોની ઈસ્લાહનું કામ કરે છે. પરંતુ સામાજિક બંધારણ જે પોતાની અત્યંત ખામીઓ, ખૂબીઓની સાથે કામ રહ્યું છે તેને બદલવા માટે એક એવી જંગ છેડી દે છે જેનાથી ખરાબીઓમાં વધારો કરે છે અને તેઓ પોતાની પ્રતિભા અને સમય વ્યર્થ કરતી જંગમાં બરબાદ કરે છે. હુઝૂર ﷺએ સૌથી પહેલાં લોકોની અખ્લાક઼ી ઉચ્ચતાના આધાર પર ઈસ્લાહનું કામ કર્યું. આ વાતને એ રીતે પણ સમજી શકાય છે કે આપ

એક એવા સમાજમાં રહે છે જ્યાં ભ્રષ્ટાચાર, જૂઠ, ધોકા, દગાબાજી, ઝિનાકારી, શરાબ, અન્યાય, જુલ્મ, માનવધિકારોનું ઉલ્લંઘન, જમીનો પર કબ્જો, માલ પચાવી પાડવો, મિલાવટ, રિશ્વત અને સંગ્રહખોરી જેવી બુરાઈઓ છે. લોકો વ્યવહારમાં કમજોર છે, લોકોની માત્ર સંસ્કારિક હાલત જ નહીં બલ્કે ઈલ્મી, વૈચારિક ક્ષમતા પણ કાટ ખાઈ ગઈ છે, યોગ્ય અભિપ્રાય અને વિશાળ વિચારધારા લુપ્ત થઈ ગયાં છે, જ્યાં લોકોની ભૂમિકા (કિરદાર)નો આ હાલ હોય તો સૌ પ્રથમ એક મુફક્કિર, સુધારક અથવા ક્રાંતિકારી વ્યક્તિએ શું કરવું જોઈએ ? સાફ વાત છે દરેક વ્યક્તિ એ જ કહેશે કે તેણે સમાજની ઈસ્લાહ કરવી જોઈએ, એ ઈસ્લાહ સુધારણા ઈલ્મ, અખ્લાક઼ અને ચિંતનની બુનિયાદ પર થવી જોઈએ, જ્યારે સુધારકો આ કર્તવ્ય નિભાવે છે, આગળના તબક્કા માટે સમાજ જાતે જ તૈયાર થઈ જાય છે. રસૂલુલ્લાહ ﷺએ પણ એવું જ કર્યું કે સૌ પ્રથમ વ્યક્તિના ઘડતરની જવાબદારી હાથ ધરી, વ્યક્તિના ઘડતર પછી સમાજના સામાજિક બંધારણમાં જે ખરાબીઓ હતી તેનો ઈલાજ પણ આપોઆપ થતો ગયો. આપણા મુસ્લિમ દેશોમાં પ્રાથમિક્તાઓ (જે કામ પ્રથમ કરવાં જોઈએ એનાથી) વિપરિત છે. જે કામ આપણે સૌ પ્રથમ કરવું જોઈએ તેની નિશાનીઓ દૂર દૂર સુધી જણાતી જ નથી અને જે કામ પરિણામ રૂપે આપોઆપ થઈ જાય છે, તેના માટે આપણે આપણુ બધુ જ બર્બાદ કરી દઈએ છીએ. સૌથી પહેલાં આપણે બંધારણને ચેલેંજ કરીએ છીએ જેના કારણે મુસ્લિમ દેશોમાં બિનજરૂરી સમસ્યાઓ ઉભી થઈ ગઈ છે, ધાર્મિક માર્ગદર્શક ઈસ્લામના નામ પર શાસકોને લલકારે છે અને બંધારણ બદલવાની વાત કરે છે જ્યારે કે જે વ્યવસ્થાને બદલવાની વાત કરે છે તેના માટે બ્રેઈન વોશિંગ અને વ્યક્તિનું ઘડતર ખૂબ જ જરૂરી છે.

હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સીરત રહ઼નુમાઈ કરે છે કે સૌથી પહેલાં વ્યવસ્થા નહીં વ્યક્તિનું ઘડતર બદલવામાં આવે, એવી વ્યક્તિઓ તૈયાર કરવામાં આવે જે સામાજિક બંધારણમાં બદલાવ લાવે, તેની ખૂબીઓને બાકી રાખે અને ખામીઓને દૂર કરે. એવા લોકોને તૈયાર કરવામાં આવે જે બંધારણ આપે. રસૂલુલ્લાહ ﷺની સીરત બતાવે છે કે જો અબૂ જહલ, અબૂ લહબના હોવા છતાં બંધારણ બદલવાની ચળવળ પણ ચલાવવામાં આવે તો ફાયદામંદ સાબિત નહીં થાય, ફાયદો ત્યારે થશે કે જ્યારે પહેલાં અબૂ બક્ર, ઉમર, ઉષ્માન અને અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવા લોકો તૈયાર કરી લેવામાં આવે.

મેં સીરતની આ ચાર મહત્વની બાબતો વર્તમાન જગતની રોશનીમાં નક઼લ કરી છે. તમે એ ચાર બાબતોનો અભ્યાસ કરી લીધો, હવે તમારું કામ એ છે કે તમે એના પર ચિંતન કરો અને કોશિશ કરો. તે વ્યવહારથી પરહેઝ કરો જે આપણને સીરતે નબી ﷺના વિરુદ્ધ જોવા મળે. પૂર્વગ્રહ ભલે રાજનૈતિક હોય અથવા મઝહબી, ગૃપબંદીમાં હોય કે અંગત, એ સૌની સીરતના પ્રકરણમાં કોઈ જગા નથી, આપણે એવા નબી علیہ الصلوٰۃ والسلامની ઉમ્મત છીએ જેમણે પૂર્વગ્રહથી ઉપર ઉઠીને માત્ર દીનના પ્રચાર અને દા'વતના માટે જિંદગી બસર કરી. આપણી ઉપર પણ જરૂરી છે કે આપણે પણ એવા મુસલમાન બનીએ જે આપણા માહોલ અને હાલાતથી ઉપર ઉઠીને વિચારીએ, લખીએ અને અમલ કરીએ. اهدنا الصراط المستقيم

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુ. ૨૦૧૭)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

ત્રણ તલાક઼ના સંબંધે અમુક અમુક બનતા કેસમાં.....

# મુસ્લિમ સ્ત્રીઓની જૂઠી લાગણી દર્શાવનારાઓને આ જુલ્મ નથી દેખાતો ?!

કાર્યાલય

**સૂના જંગલ, રાત અંધેરી, છાઈ બદલી કાલી હૈ**
**સોનેવાલો જાગતે રહીયો, ચોરોંકી રખવાલી હૈ**

જે લોકો ઈસ્લામ અને મુસ્લિમોના વિરુદ્ધ સતત પોતાની વાણી તથા વર્તન તથા પોતે ખરીદેલાં પ્રચાર માધ્યમો થકી ઝહેર ઓકતા આવ્યા છે, બલ્કે ક઼ોમી તોફ઼ાનો ખડા કરી મુસ્લિમોની કત્લેઆમ પણ કરતા રહ્યા છે ! (જેમ કે ગુજરાતના ૨૦૦૨નાં તોફ઼ાનો તેમજ મુઝફ્ફરનગર યુ.પી.નાં હાલનાં તોફ઼ાનો.......વગેરે) મુસ્લિમ બહેનોના ભાઈ, બાપ, પતિ, પુત્ર.... વગેરેને હજારોની સંખ્યામાં જીવતા સળગાવી દેવાયા ! એવી એક નહીં અનેક મુસ્લિમ સ્ત્રીઓ છે, તેણી સામે પતિને પુત્રને, ભાઈઓને જીવતા સળગાવાયા બલ્કે તેમના પર બળાત્કારો પણ કરવામાં આવ્યા, ત્યારે આ ''મુસ્લિમ બહેનો''ની લાગણી દર્શાવનારા સફ઼ેદ ઠગો ક્યાં હતા ?! આજ સુધી એવી હજારો નિરાધાર બહેનોને સહારો આપવું તો દૂરની વાત છે, બે શબ્દો આશ્વાસનના પણ નથી કહ્યા, ન તો એ બનાવો પર દિલગીરી વ્યક્ત કરી છે !

એવા લોકો જ્યારે એકાએક મુસલમાનોના પર્સનલ લો તલાક઼ સંબંધે કે જે ખુદા વ રસૂલનો આપેલો ક઼ાનૂન છે તેનામાં એવા બહાને ચંચૂપાત કરે કે **''મુસ્લિમ બહેનો પર જુલ્મ નહીં થવા દઈએ !''** ત્યારે અતિ આશ્ચર્ય તથા અફ઼સોસ થાય છે કે શું આ લોકોનો કાંઈ હૃદય પલટો થઈ ગયો છે કે એકાએક ''મુસ્લિમ બહેનો'ની લાગણીમાં આંસૂં સારી રહ્યા છે ! કે પછી મઝાકમાં બોલી રહ્યા છે ?! દાળમાં કાંઈક કાળુ છે જેથી મગરના આંસૂં સારી રહ્યા છે ! એવું જણાય છે કે આ મુસ્લિમોને તથા ઈસ્લામને નીચો દેખાડવાનું કાયદેસરનું કાવત્રુ જ છે.

## શું આ બહેનો પર થતા જુલ્મની સામે કોઈએ અવાજ ઉઠાવ્યો ?!

અરે ! એ તલાક઼ના કારણે બનતા અમુક અમુક કેસોને બાજુ પર રાખો, એનાથી કરોડો ગણી ગંભીર આ બાબત જુઓ અને નાત જાત તથા ધર્મથી ઓળખ કર્યા વિના સમગ્ર બહેનો માટે વિચારો કે એનાથી પણ ગંભીર રીતે હજારોની સંખ્યામાં હિંદુસ્તાનની બહેનો જુલ્મો સિતમનો શિકાર રોજ બની રહી છે. તેના વિશે કાંઈ વિચારો અને તેમને જુલ્મની ચક્કીમાંથી કાઢવાની હિંમત પણ કરો !

**કોણ એવો લાગણીહિન ઈન્સાન હશે કે જે એવું સહન કરી શકે કે તેની બહેન વેશ્યાગીરીનો ધંધો કરે ?!** આટલુ સમજી લીધા પછી વિચારો કે આજે ખુલેઆમ ''રેડ લાઈટ એરિયા'' નામથી વેશ્યાઘરો ચાલી રહ્યાં છે અને ત્યાં કાયદેસર રીતે હજારો અને લાખો સ્ત્રીઓનું જાતીય શોષણ થઈ રહ્યું છે, તો શું એ માનવી નથી ? એ સ્ત્રીઓનાં દિલ નથી ? એમના પર થતા જુલ્મ માટે કોણે અવાજ બુલંદ કર્યો ?! લાખોની સંખ્યામાં મજબૂર સ્ત્રીઓ ક્યાં તો પોતે વેશ્યાવૃત્તિના ધંધામાં છે અથવા તો ગોંધી રાખીને તેમની પાસે આ ખરાબ કૃત્ય કરાવવામાં આવી રહ્યું છે. **એમના માટે કોઈને કેમ લાગણી નથી થતી કે એમને રોજી, રોટી, રહેઠાણ પૂરુ પાડીએ જેથી એ ગંદા ધંધામાંથી બહાર આવી ઈજ્જતભેર જીવન જીવી શકે.** બલ્કે એને હવે **સેક્સ ઉદ્યોગ** ગણવામાં આવે છે અને એના પર કમાણીઓ થઈ

રહી છે ! **ક્યાં ગયા સ્ત્રીની ઈજ્જત તથા બહેનોની લાગણીની વાતો કરનારા ? શું તમારી પોતાની બહેન આ ધંધામાં પડી હોત તો રહેવા દેત એને ?! જેમની પાસે સત્તા છે તેઓ ત્યારે "સ્ત્રી અધિકાર તથા બહેનોની લાગણી"ના સાચા દાવેદાર ગણાશે જ્યારે કે આ બહેનોને આ વેશ્યાવાડાથી કાઢીને તેમના માટે પવિત્ર જીવન વ્યવસ્થાની ગોઠવણ કરે, નહીં તો તેમના સર્વ દાવા જૂઠા પોકળ છે.** પરંતુ અમારું માનવું છે કે જગતભરના સ્ત્રી અધિકારના દાવેદારો જૂઠા છે અને તેઓ આગળ સ્ત્રીની કોઈ ઈજ્જત કે કદર નથી જ ! કેમ કે આપ સૌ જુઓ છો કે જે એવું નથી ઈચ્છતા કે પોતાની બહેન કે મા વેશ્યા બને તેઓ પોતે જગતભરમાં આ અડ્ડાઓ ખોલીને અથવા કોલગર્લ રાખીને કમાણી કરી રહ્યા છે, તેમજ સ્ત્રીને રમકડા જેમ દરેક સ્થળે નગ્નતા સાથે પેશ કરીને, જાહેરાતોમાં તથા રિસેપ્શનિસ્ટ તરીકે અથવા પી.એ. તથા પર્સનલ સેક્રટરી કે એર હોસ્ટેસ બનાવી રમકડા જેમ સજાવી આકર્ષણનું કેન્દ્ર બનાવી કમાણી કરી રહ્યા છે. શું આ જ સ્ત્રીઓના અધિકારોનું પાલન છે તથા આ જ સ્ત્રીની ઈજ્જત તથા કદર છે ? શું આ સ્ત્રીઓ પર જુલ્મ નથી ?!

## શું આ સ્ત્રીઓ જુલ્મપીડિત નથી ? એમને કોણ ન્યાય અપાવશે ?

હાલમાં જ 31st ડિસેમ્બરની રાત્રે બેંગ્લુરૂમાં સરેઆમ યુવતીઓની છેડતી જાહેર રસ્તાઓમાં કરવામાં આવી ! હજારો લોકો વચ્ચે તેમની છેડતી કરનારાઓથી બચાવનાર કોઈ ન હતું ! પોલીસ તમાશાઈ બનીને રહી ગઈ ! આ સ્ત્રીઓની ઈજ્જત છે ?! આ સ્ત્રીઓ પર જુલ્મ નથી ?! તો કોને એ ખરાબ કૃત્ય બદલ સજા થઈ ?! કયા કયા મુજરિમોને જેલમાં ધકેલવામાં આવ્યા ?!

તે ઉપરાંત હાલના સમાચાર કે, "ભાગલપુર (બિહાર) : મધ્યપ્રદેશના જબલપુરથી બી.કોમ.માં ભણતી ૧૯ વરસની યુવતીનું અપહરણ કરી તેને દેહ વેપારમાં ધકેલવાની ઘટના સામે આવી છે. એક લોજથી ભાગેલી યુવતીએ ભાગલપુર પહોંચી પોલીસને પોતાની સંપૂર્ણ કહાની જણાવી. **૧૦ દિવસમાં તેને ૧૫ લોકોના હવાલે કરવામાં આવી અને સર્વેએ તેણી સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધો માણ્યા. બતાવો ! કોઈ છે આ સ્ત્રીનો બેલી !** એ પંદર લોકો તેમજ તેણીનું અપહરણ કરનારાઓને કોણ સજા આપશે ?! આ જુલ્મ નથી દેખાતો ? આવા તો અનેક બનાવો રોજ બને છે તેના સામે શું કડક એકશન લેવાયા કે આ સ્ત્રીઓ પર થતા જુલ્મો અટકે ?! હજુ સાંભળો !

તા. ૧૫–૭–૨૦૧૨ના "ગુજરાત સમાચાર" દૈનિકના "ન્યૂઝ ફોકસ" કોલમમાં છે કે....."ગૌહત્તીમાં સ્ત્રી આઝાદીની મજા માણી રહેલી એક સ્ત્રી મિની સ્કર્ટ પહેરીને ટહેલવા નીકળી હતી તેને ૨૦ જેટલા આવારા યુવાનોએ રસ્તા વચ્ચે નગ્ન કરી નાખી રસ્તા વચ્ચે તેની લાજ લૂટી જેને હજારો લોકોમાંથી કોઈએ ન બચાવી બલ્કે તેનો વીડીઓ ઉતારી શેર કર્યા !

31st ડિસેમ્બરના એક હજારના ટોળા વચ્ચે ૧૮ વર્ષની યુવતી તેના બોયફ્રેન્ડ સાથે આવી હતી. ૭૦ થી ૮૦ યુવાનોએ તેણીને જાહેરમાં નગ્ન કરી નાખી, તેના બોયફ્રેન્ડની પણ પિટાઈ કરી. અને તેની ફિલ્મ બનાવી શેર કરવામાં આવી. એ જ પ્રમાણે જુહુની ફાઈવ સ્ટાર હોટલ જે ડબલ્યુ મેરિટની બહાર આવા જ પ્રકારની ઘટના બની. ૪૦ યુવાનોએ બે યુવતીઓનાં કપડાં ફાડી નાખ્યાં અને આ ખેલ અડધો કલાક સુધી ચાલતો રહ્યો અને લોકોએ તેનાં પિક્ચરો ઉતાર્યાં !

આવા તો અનેક બનાવો છે આ સ્ત્રીની ઈજ્જતની રક્ષાની બૂમો પાડનારાઓની ભૂમિ પર ! રોજ વર્તમાન પત્રો એના સમાચારોની લહાણી કરાવ્યા

પેજ નં. ૧૩ નું ચાલુ.....

કરે છે, છતાં કોઈ સારું પરિણામ આવતુ જોવા નથી મળતું કે સ્ત્રીઓને જુલ્મથી બચાવનારાઓએ એવાં પગલાં લીધાં હોય કે હવે એવા જુલ્મો બંધ થાય ! (વધુ જાણવા કિતાબ મંગાવો અમારા ત્યાંથી *"સ્ત્રીની ઈજ્જતનો જામિન ઈસ્લામી પર્દો"*) આ બનાવોના મુજરિમોને શું સજા કરવામાં આવી ?!

તાજા સમાચાર ! છત્તીસગઢના બસ્તરમાં **પોલીસ કર્મચારીઓએ કથિત રીતે ૧૬ આદિવાસી મહિલાઓ પર દુષ્કર્મ આચર્યું.** આ સિવાય કેટલીયે આદિવાસી મહિલાઓનું યૌન શોષણ કર્યું. આયોગ તરફથી કરવામાં આવેલ તપાસ માટે ૨૦ બીજી એવી મહિલાઓના નિવેદન રેકોર્ડ કરાયાં છે જેમની સાથે **"સુરક્ષાબળો"એ દુરાચારનો પ્રયાસ કર્યો.** આરોપ છે કે પોલીસ કર્મીઓએ બીજાપુર જિલ્લાના પેગદાપલ્લી, ચિન્નાગેલુર, પેદ્દાગેલુર, ગુંડમ અને બર્ગીચેરૂ ગામમાં મહિલાઓનું યૌન શોષણ કર્યુ.

આ ઉપરાંત **કાશ્મીરમાં આવા જ સ્ત્રીઓ પર બળાત્કારના બનાવો બનતા જ રહે છે** જેના માટે સર્વ "સ્ત્રીઓ પર થતા જુલ્મ" દૂર કરવાની બૂમો પાડનારા તમાશાઈ બનીને બેઠેલા છે ! ત્રણ તલાક઼ના મસ્અલામાં ખૂબ ચિલ્લાનાર મીડિયા પણ મૌન સેવે છે ! વૃંદાવનની વિધવા પર થતા ભયાનક જુલ્મથી ન્યૂઝ પેપરો ભરાઈ ભરાઈને અવારનવાર આવે છે, તે જુલ્મની કોને પડી છે ?!

સારાંશ કે એક ન્યાયપ્રિય માનવી દુનિયામાં સ્ત્રીઓ સાથે થતા અત્યાચારોનો અભ્યાસ કરે, તો સમજાય જશે કે હિંદમાં કે દુનિયામાં સ્ત્રી અધિકારની બૂમો પાડનારા જ સ્ત્રીઓની ફજેતી તથા બેઈજ્જતી કરી રહ્યા છે ! તેમના પર જુલ્મો તોડી રહ્યા છે. જ્યારે કે ઈસ્લામે સ્ત્રીઓને ઈજ્જત આપી છે, સ્ત્રીઓને અધિકારો આપ્યા છે, વારસામાં હિસ્સો આપ્યો છે જેના માટે ઈસ્લામી આદેશોનો અભ્યાસ કરવો જરૂરી છે. વધુ માટે વાંચો કિતાબ *"સ્ત્રી અધિકારનો રક્ષક ઈસ્લામ કે પશ્ચિમી જગત"* અમારા સરનામે (દયાદરા)માં મફત મળશે. ★★★

એવામાં પોતાના નફ્સ પર ક઼ાબૂ ન ધરાવતો હોય. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺનો આ અમલ શરીફ ખુદ કરવું જાઈઝ હોવાના બયાન માટે છે. હુઝૂર ﷺ કદી ગૈર મુસ્તહબ બલ્કે મકરૂહ કામો પર અમલ ફર્માવીને જાઈઝ હોવાનુ સાબિત કરતા હતા. આ તબ્લીગનો પ્રકાર હતો. હુઝૂર ﷺને એના પર પણ સવાબ મળતો હતો.

**૭.** આ હુકમ ઈસ્તેબાબી (મુસ્તહબ રૂપે) છે. એટલે કેમ કે એણે મોટો ગુનોહ કર્યો જેના લીધે તે અઝાબનો હક્ક઼દાર થઈ ગયો. સદક઼ો તથા ખૈરાત અઝાબ દફેઅ કરવાના માટે અકસીર છે, એટલા માટે એવું કરી આપે, નહીં તો એ ગુનાહનો મૂળ કફ્ફારો તો તૌબા જ છે. આજકાલ અમુક આલિમો અમુક ગુનાહો પર ખૈરાત તથા સદક઼ાનો હુકમ આપે છે એમની દલીલ આ હદીષ છે. અહીં તે શખ્સ મુરાદ છે જે હરામ જાણીને તે ગુનોહ કરે. અને જો હલાલ જાણીને એવું કર્યુ તો કાફિર થઈ ગયો. તે ફરીથી ઈસ્લામ લાવે અને નિકાહ દોહરાવે.

**૮.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہની આ હદીષ મતન (મૂળ શબ્દો) તથા અસ્નાદ બંનેવના લેહાઝથી શંકાસ્પદ છે. કેમ કે એમની જ અમુક રિવાયતોમાં છે કે પાંચ દીનાર ખૈરાત કરે, અમુકમાં છે કે એક દીનાર, અને જો ન થઈ શકે તો અડધો દીનાર. અમુકમાં છે જો હૈઝનું જોશ ન હોય અને લાલ લોહી આવી રહ્યું હોય તો એક દીનાર ખૈરાત કરે અને જો હૈઝનું જોશ તૂટી ચૂક્યુ હોય અને લોહીનો રંગ પીળો પડી ગયો હોય તો અડધો દીનાર સદક઼ો કરે. યાદ રાખશો કે દીનાર દસ દિરહમનો હોય છે અને દિરહમ સાડા ચાર આનાનો, જેથી દીનાર લગભગ પોણા ત્રણ રૂપિયાનો થયો. કેમ કે સોનાનો ભાવ ઘણો જ તેજ છે જેથી દીનારની કિંમત પણ અધિક થઈ ગઈ. પણ આ હુકમોમાં એ જ આ જમાનાની કિંમત વિશ્વસનીય થશે.

# ઈરાકની તબાહી હલાકૂથી બુશ સુધી

હપ્તો : ૨

✍રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

ઈબ્ને અલ્કમી જે શીઆ હોવાના કારણે અબ્બાસીઓનો ગુપ્ત વિરોધી અને સુન્નીઓનો જાની દુશ્મન હતો. તેને આશા હતી કે ખલીફા પછી હલાકૂ તેના મશ્વરાથી કોઈ અલ્વીને તખ્તનશીન બનાવીને ખુદ ઈબ્ને અલ્કમીને તેનો વઝીર બનાવી દેશે. જેના દ્વારા તે સમગ્ર ઈસ્લામી દેશોને ખૂનની નદીમાં નવડાવી શીઆ વિચારશૈલીને ફેલાવશે. પરંતુ કુદરતને કંઈક અન્ય જ મંજૂર હતું ! બગદાદની તબાહી પછી હલાકૂએ તેની તરફ જોવાનું પણ પસંદ ન કર્યું બલ્કે તેની ઈચ્છા વિરૂધ્ધ પોતાનો એક કર્મચારી નિયુક્ત કરી દીધો. એ જોઈ ઈબ્ને અલ્કમીના હાથના તોતા ઉડી ગયા. તે પોતાના હેતુ અર્થે સતત હલાકૂખાનની સમક્ષ આજીજી કરતો રહ્યો તાતારીઓની જુતીઓ સીધી કરતો રહ્યો, મોટી મોટી ચાલો ચાલતો રહ્યો, પરંતુ ન તેની ખુશામદ કામ આવી ન તેનું આજીજી કરવું કામ આવ્યું, ત્યાં સુધી કે એક ધુતકારેલ કૂતરાની જેમ તડપી તડપીને મૌતના મોઢામાં ચાલ્યો ગયો.

વિજય મેળવ્યા બાદ ખલીફા અને તેના સરદારોના કત્લની સાથે, એક તરફ હલાકૂખાનની ફૌજ સતત બગદાદને લૂટતી રહી, આગના ભડકા અને ધુમાડાની ઘનઘોર ઘટાઓમાં બગદાદની દરેક વસ્તુને સળગાવતા રહ્યા. તાતારીઓને ખૂન વહાવવું એટલુ પસંદ હતુ કે તેઓ ઈન્સાનોના માથાંઓના મિનારા બનાવતા અને તેની પાસે નાચતા, ગાતા અને ખુશીમાં ઝુમતા. બીજી તરફ હલાકૂખાન પોતાના શક્તિના ઘમંડમાં ઝુમી ઝુમીને મુસ્લિમ બાદશાહોને લલકારતો રહ્યો.

આ સંદર્ભમાં તારીખુલ ખુલ્ફામાં અલ્લામા જલાલુદીન સિયૂતી رحمۃ اللہ علیہ એ તેનો એક પત્ર નકલ કર્યો છે જે તેણે બગદાદના પહેલા પતન અને તેની પ્રથમ પડતી ઈ.સ. ૧૨૫૮ પછી શામ (સીરિયા)ના હાકિમ સુલ્તાન નાસિરના નામે લખ્યો હતો. પત્રનું એક એક વાક્ય તેના ઘમંડની દાસ્તાન સંભળાવી રહ્યું છે. તે લખે છે :

"મલિક નાસિર ! તમને જાણ હોવી જોઈએ કે અમે ખુદાનું લશ્કર છીએ. તે અમારા જ દ્વારા ગુનેહગારો, ખતાકારો, જાલિમો અને ઘમંડીઓથી બદલો લે છે અમે જે કાંઈ કરીએ છીએ તે ખુદાના હુકમથી કરીએ છીએ. જો અમને કદી ક્રોધ આવી જાય છે તો અમે કાયા પલ્ટી દઈએ છીએ. અમે ઘણા બધાં શહેરોને બરબાદ કર્યાં, ખુદાના બંદાઓને હલાક કર્યા, અમે સ્ત્રીઓ અને બાળકો ઉપર પણ રહેમ નથી કરતા ! આ દુનિયામાં રહેવાવાળા વસવાટ કરવાવાળા લોકો ! તમારો અંજામ પણ આવો જ કંઈક થવાનો છે. યાદ રાખો ! અમારી ફૌજ દયા ખાનારી નથી બલ્કે બર્બાદ કરવાવાળી છે. અમને મુલ્કગીરીની તમન્ના નથી બલ્કે અમારી તમન્ના બદલો લેવાની છે. અમારી તલ્વારના ઘાથી કોઈ નથી બચી શકતુ. અમારાથી ભાગીને ક્યાં જશો ! ધરતી અને સમુદ્ર પર અમારો કબ્જો છે. અમારા ડરથી અને અમારા ભયથી દુનિયા ધ્રુજી રહી છે ! અમારા કબ્જામાં સર્વ ખલીફાઓ અને સર્વ ઉમરાવો છે. હવે અમે તમારા તરફ કૂચ કરી રહ્યા છીએ, હવે તમે ભાગી શકો છો તો ભાગો ! અમે તમારો પીછો કરી રહ્યા છીએ.

ફારૂકી યુગમાં જંગે કાદસિયા ઈ.સ. ૬૩૬ પછી ઈરાક ઈસ્લામી સામ્રાજ્યનો એક હિસ્સો બની ગયું.

ફેબ્રુઆરી ઈ. ૧૨૫૮માં ખિલાફતે અબ્બાસિયાના અંત પછી ઈરાક ઈ.સ. ૧૩૪૦ સુધી મંગોલોના ઈલ અસ્લ ખાનદાનના તાબા હેઠળ રહ્યું જેનું કેન્દ્ર ઈરાન હતું. ઈ.સ. ૧૩૪૦ થી ઈ.સ. ૧૪૦૧ સુધી અન્ય એક મોંગોલી ખાનદાન જે ઈતિહાસમાં જલાઈરના નામથી મશ્હૂર છે, તેની ત્યાં હુકૂમત રહી. તેના પછી તુર્ક ખાનદાનોમાં એક ખાનદાન કરાકુયૂન્લેએ ઈ.સ. ૧૪૧૦ થી લઈને ઈ.સ. ૧૪૬૯ સુધી હુકૂમત કરી, પછી તુર્ક ખાનદાનની અન્ય એક શાખ આક કોયોન્લો (ઈ.સ. ૧૪૬૯ થી ઈ.સ. ૧૫૦૮) એ તેને પોતાના તાબા હેઠળ રાખ્યું. તેમનું પાટનગર આઝબાઈજાન અને અનાતોલિયા હતું. ઈ.સ. ૧૫૦૮ થી ઈ.સ. ૧૫૩૪ સુધી ઈરાનની સફવી સલ્તનતે તેને એક રાજયના રૂપમાં પોતાની હુકૂમતમાં સામેલ કર્યું. પછી ઈ.સ. ૧૫૩૪ થી ઈ.સ. ૧૯૧૮ સુધી લગભગ ૪૦૦ વરસ સુધી ઈરાક્ ખિલાફતે ઉષ્માનિયાના એક રાજયના રૂપમાં પોતાનું અસ્તિત્વ મનાવતુ રહ્યું.

ઉષ્માની ખિલાફતે વ્યવસ્થાકિય સંજોગોને અનુલક્ષીને ઈરાક રાજયને ત્રણ વિભાગોમાં વિભાજીત કરી દીધુ હતું. આ રીતે બસરા, મુસલ અને બગદાદનાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં.

ઈ.સ. ૧૯૦૮માં જાતિવાદના આધાર પર યહૂદીઓ અને ઈસાઈઓના પ્રપંચી જાળમાં ફસાઈને તુર્કોએ એક સંસ્થા બનાવી જેને "અંજુમને ઈત્તેહાદે તરક્કી"ના નામથી લોકો જાણે છે. જેનો જાહેર હેતુ ઉષ્માની સલ્તનતને ખત્મ કરવાનો હતો પરંતુ તેમનો મૂળ હેતુ ઈસ્લામ અને મુસલમાનોને બર્બાદ કરવાનો હતો. તેમનાથી જ પ્રભાવિત થઈ અમુક ઈરાક઼ી ફૌજીઓએ એક ગૃપ્ત ઈન્કેલાબ (ક્રાંતિકારી) સોસાયટી બનાવી. જેથી અરબ વિસ્તારોને ઉષ્માની સલ્તનતથી તોડીને નાના ટુકડાઓમાં તેમને વિભાજિત કરી શકાય.

ઈ.સ. ૧૯૧૬માં જયારે ઉષ્માની હુકૂમતના વિરુદ્ધ અરબોએ બગાવત કરી તો તેમાં તે જ ઈરાક઼ી ફૌજી ઓફિસરો આગળ આગળ હતા જેમણે ગૃપ્ત રીતે ઈન્કેલાબ સોસાયટી બનાવી રાખી હતી જેનું નામ "અલ્અહ્દ" હતું.

સઈદ નૂરી પાશા જે આગળ ચાલીને ઈરાક઼ના વઝીરે આ'ઝમ (વડા પ્રધાન) બન્યા. ઉષ્માની ફૌજોમાં તે જ ઈરાક઼ી ઓફિસરોમાંથી એક હતા જે ઉષ્માની સલ્તનતથી અરબ વિસ્તારોને તોડવા ચાહતા હતા.

૨૨ નવેમ્બર ઈ.સ. ૧૯૧૪માં અંગ્રેજ ફૌજોએ બસરા પર કબ્જો કરી લીધો. ૧૧ માર્ચ ઈ.સ. ૧૯૧૭માં બગદાદ પર, ઈ.સ. ૧૯૧૮માં મૂસલ ઉપર પણ તેમનો કબ્જો થઈ ગયો જેના પરિણામે ત્યાં વારંવાર બગાવત થતી રહી અને અંગ્રેજ તેને સતત દબાવતા રહ્યા. પરંતુ ૨૩ ઓકટોબર ઈ.સ. ૧૯૨૩માં તેમણે મજબૂર થઈને ઈરાક઼ને આઝાદ કરવું પડયું.

કુવૈત જે કદી એક નાની વસ્તી હતી. ૧૮૯૭માં તુર્ક સુલ્તાને કુવૈતના એક શૈખ મુબારક અસ્સબાહ઼ને એક વસ્તીના પ્રબંધક બનાવ્યા. આ રીતે કુવૈતના ઈતિહાસમાં પહેલીવાર તેની એક નવી ઓળખ હતી, તેમ છતાં તે હજુ સુધી ઈરાક઼નો જ એક ભાગ હતો. શૈખ મુબારક અસ્સબાહ઼ે ગૃપ્ત રીતે અંગ્રેજો સાથે એક ફૌજી ક઼રાર કરી લીધો. આ રીતે કુવૈત પહેલીવાર અંગ્રેજોના ષડયંત્રમાં ફસાઈ ગયું. પરંતુ તુર્ક સુલ્તાને ઘણી જ ચતુરાઈથી કામ લઈને તે ક઼રારને રદ કરી અંગ્રેજોના વધતા ક઼દમ પર રોક લગાડી દીધી. શૈખ અસ્સબાહ઼ પણ માફી માગી સુલ્તાન તુર્કીની વફાદારીનું એલાને કરવા લાગ્યો. આ ઈ.સ. ૧૯૦૧ની વાત છે. પરંતુ બ્રિટન પણ પોતાની ચાલમાં ચૂપ ન બેઠુ. જલ્દી જ એક ગુપ્ત ષડયંત્ર હેઠળ તેમણે તેને ઈરાક઼થી અલગ કરી પોતાના **Temparary Control** લઈ લીધું. આ જ રીતે ઈરાક઼ પોતાની હાલની ભૌગોલિક સરહદોની સાથે ઈ.સ. ૧૯૨૧માં અસ્તિત્વમાં આવ્યું.

હવે કુવૈત અંગ્રેજોના તાબા હેઠળની અંગ્રેજી કોલોનીના રૂપમાં હતું. બીજી બાજુ ઈરાક઼ વારંવાર તેને પરત આપવાની માગણી કરતુ રહ્યું. આ તરફ કુવૈત પણ આઝાદી માટે હાથ પગ મારતુ રહ્યું. છેવટે ઈ.સ. ૧૯૬૧માં અંગ્રેજ કુવૈતને આઝાદ કરવા માટે મજબૂર થઈ ગયા, પરંતુ ઈરાક઼ હજુ પણ તેને પોતાનો એક ભાગ સમજતુ રહ્યું.

૨ ઓગસ્ટ ૧૯૯૦માં ઈરાક઼ કુવૈત પર કબ્જો મેળવી લે છે જેના કારણે આખુ યૂરોપ, ઈંગ્લેન્ડ અને અમેરિકા શોર મચાવવા માંડે છે અને ઈરાક઼ની ફ઼ૌજને પાછી બોલાવવા માટે જનાબ સદ્દામ હુસૈન પર દબાવ નાખવામાં આવે છે અને પછી તેમના ન માનવા પર ૧૬ જાન્યુઆરી ૧૯૯૧માં તેમના પર હુમ્લો કરવામાં આવે છે જે સતત ૪૪ દિવસ સુધી ચાલુ રહે છે, છેવટે ૨૮ ફ઼ેબ્રુઆરીમાં કુવૈતને ઈરાક઼થી આઝાદ કરી લેવામાં આવે છે.

ઈ.સ. ૧૯૬૭થી ઈસ્રાઈલ પણ જુલ્મો સિતમ થકી અરબ દેશોના કેટલાય વિસ્તારો ઉપર કબ્જો જમાવી બેઠુ અને એ કબ્જો આજ સુધી યથાવત છે. તે વિસ્તારોને ન સંયુક્ત રાષ્ટ આઝાદ કરાવી શક્યું, ન તો અમેરિકા અને ઈંગ્લેન્ડને ત્યાં મૃત્યુ પામતા વુદ્ધ, તડપતા બાળકો અને વિલાપ કરતી સ્ત્રીઓ નજર આવી. ઈસ્રાઈલના હજારો જુલ્મો સિતમ છતાં અને તેના હજાર અત્યાચાર છતાં ન તો આ જ સુધી તેમને માનવતા નજર આવી અને ન બેગુનાહોના વહેતા લોહી નજર આવ્યાં ! પરંતુ કુવૈતમાં ઈરાક઼ી ફ઼ૌજીઓનો તેમનો એવો ભયાનક જુલ્મ નજર આવ્યો કે તેઓ બિસ્તર છોડીને ઉઠયા અને ચીખીને ચીખીને માનવતાની દુહાઈ દેવા લાગ્યા ! છેવટે યહૂદીઓની એક ગૃપ્ત યોજના હેઠળ અને યહૂદી સંબંધીના રહસ્મય પ્રોટોકોલના આધાર પર લાખો બેગુનાહોના લોહી વડે ઈરાક઼ની ધરતીને રંગીન બનાવી અમેરિકી રાષ્ટ્રપતિ મિસ્ટર જુનિયર બુશે અને ઈંગ્લેન્ડના વડાપ્રધાન ટોની બ્લેયરે ૨૮ ફ઼ેબ્રુઆરી ઈ.સ. ૧૯૯૧માં તેને ઈરાક઼થી આઝાદ કરાવી લીધું. થવું તે સમયે જોઈતુ હતું કે હવે જંગ ખતમ થઈ જાત અને અમેરિકી ફ઼ૌજ જે સઊદીઓની મહેમાનીમાં પલવાઈ રહી હતી તે હવે રૂખ્સત થઈ જતી. પરંતુ કુવૈત તો કેવળ એક બહાનુ હતું અસલ નિશાન કંઈક ઔર હતું. એટલા માટે ન તો અમેરિકી ફ઼ૌજ સઊદી અરબિયાની ધરતીથી ગઈ ન કુવૈતથી તેમની વિદાય થઈ. કારણ કે તેઓ પોતાને એક મસીહા (જીવનદાતા) સમાન માને છે. અને ઈરાક઼ી પ્રજાને સદ્દામી જુલ્મ અને અત્યાચારથી છૂટકારો અપાવવાના ''નેક જઝબા'' સાથે ત્યાં પહોંચ્યા છે ! એ ''મસીહાઓ''ના ''નેક જઝબા''એ ત્યાં **અમન અને શાંતિનો જે રેકોર્ડ બનાવ્યો છે તેમાં દસ લાખ માણસોના અસ્તિત્વથી મિસ્ટર ટોનીએ ધરતીનો બોજ હલ્કો કરી દીધો !** જનરલ ટોમી ફ્રેન્કના કથન અનુસાર કે અમે લાશોની ગણત્રી નથી કરતા !

એ ઈત્તેહાદી (૩૧ કે ૩૨ દેશોના સંગઠનના) ફ઼ૌજીઓએ ત્યાં પહોંચતાં જ શાંતિથી અને આયોજનપૂર્વક ખૂનરેજીનો એવો રેકોર્ડ બનાવ્યો કે હલાકૂની આત્મા પણ તેમને ઝુકી ઝુકીને ખિરાજે અક઼ીદત પેશ કરવા લાગી ! તેમના આઝાદ કરેલ ઈરાક઼માં જે બાજુ જુઓ ત્યાં ક઼ત્લ અને વિનાશનું એવું તોફ઼ાન હતું જે એક તરફ હલાકૂના આત્માથી આશિર્વાદ લઈ રહ્યું હતું તો બીજી બાજુ એવો કિરદાર રજૂ કરી રહ્યું હતું જેણે દુનિયા સમક્ષ ફરી એકવાર હિ.સ. ૬૫૬ ઈ.સ. ૧૨૫૮નો ઈતિહાસનું પુનરાવર્તન કર્યુ.

હિ.સ. ૬૫૬માં હુમ્લો કરનારા ઉજ્જડ હતા, અભણ હતા અને જંગલી પણ હતા. જેમની પાસે તેહઝીબ અને તમદ્દુન (સભ્યતા અને સંસ્કૃતિ)નું કોઈ કિરણ ન પહોંચ્યુ હતું. ઈલ્મનો કોઈ ચિરાગ તેમની પાસે ન હતો. માનવતાનો કોઈ પ્રકાશ તેમને ત્યાં ન હતો. **પરંતુ ઈ.સ. ૧૯૯૧ના હુમ્લાખોરોનો દાવો હતો કે તેઓ દુનિયાના સર્વાધિક સુસભ્ય અને પ્રગતિશીલ લોકો છે, માનવતાનો જે જઝબો**

**તેમને ત્યાં છે તે કોઈના પાસે નથી, સંસ્કૃતિનો જે મીનારો તેમને ત્યાં રોશન છે તે દુનિયામાં અન્ય ક્યાંય નથી. ઈન્સાન તો ઈન્સાન છે, કૂતરા પણ મરી જાય છે તો તેના ગમમાં તેમનું સ્વાસ્થ્ય કમજોર થઈ જાય છે. (લાશોથી) વહેતાં લોહી તો દૂરની વાત છે, શરીરથી (સામાન્ય તકલીફ કે ઘાના કારણે) વહેતા લોહીના ટીપાં પર તેમને ત્યાં ગમોનું તોફાન આવી જાય છે. મઝલૂમોની આંખોમાં અશ્રુ જોઈ તેમના કાળજાં હલી જાય છે. તેઓ સમસ્ત જગતને ખુશી વહેંચવા ચાહે છે, દરેકને સભ્ય બનાવવા ઈચ્છે છે અને દરેક કૌમને માનવતાના ઘરેણાથી સુશોભિત કરવાની યોજના ધરાવે છે.** પરંતુ જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ જુનિયર બુશ અને બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર ટોની બ્લેયરના આશિર્વાદ સાથે તેમની ફૌજો ઈરાકની ધરતી પર પહોંચી તો તેમણે ''માનવતા''ને કેટલું ઉચ્ચ સ્થાન અર્પિત કર્યું અને સિસ્કારીઓ ભરતી આહો તથા ઘૂંટાતી ફરિયાદોની કેવી ''દાદરસી'' કરી તેનું અનુમાન આનાથી લગાડો.

ઈરાકનું નેશનલ મ્યુઝિયમ જે એક ઐતિહાસિક વારસા રૂપે દુનિયાભરમાં પ્રસિદ્ધ હતું. જ્યાં ઈતિહાસની અદ્‌ભૂત વસ્તુઓ અને હઝરત ઈસા علیہ السلام પૂર્વેના ઐતિહાસિક બનાવોના સંશોધન માટે વિશ્વભરના સંશોધનકર્તાઓની ટુકડીઓ હમેશાં ઉપસ્થિત રહેતી, અને તેના આધાર પર રિસર્ચ સ્કોલરના સંશોધનોને દુનિયા કદરની નજરે નિહાળ તી હતી. જ્યાં પુરાતન શહેર બાબિલની અદ્‌ભૂત દુર્લભ વસ્તુઓ સુરક્ષિત હતી જે પોતાની ખામોશ ઝુબાનથી ભૂતકાળનો સંબંધ વર્તમાન સાથે જોડી રહી હતી. જ્યાં એક લાખ સિત્તેર હજાર દુર્લભ ચીજોનો સંગ્રહ હમેશાં સંશોધનકર્તાઓ અને રિસર્ચ સ્કોલરોને સંશોધન માટે પ્રેરિત કરતો હતો. નિષ્ણાતોનું કહેવું છે કે આ અજાઈબખાનામાં Middele Esateનો એવો ઈતિહાસ સુરક્ષિત હતો જેનું ઉદાહરણ સમગ્ર વિશ્વમાં મળવું મુશ્કેલ છે. જ્યાં ચાર હજાર વરસ પૂરાણી સંસ્કૃતિની અદ્‌ભૂત અને દુર્લભ વસ્તુઓ અત્યંત સુરક્ષિત રીતે રાખવામાં આવી હતી. સોમેરી સંસ્કૃતિ (૨૦૦૦ થી ૩૪૦૦ ઈ.સ. પૂર્વે), અગાડી સંસ્કૃતિ (૧૫૪ થી ૨૩૩૪ ઈ.સ. પૂર્વે), બાબિલી સંસ્કૃતિ (૧૮૯૪ થી ૧૯૯૫ ઈ.સ. પૂર્વે), આશોરી વિચારશૈલી (૧૫૯૫ થી ૨૦૦૦ ઈ.સ. પૂર્વે), કિસ્રા (૧૧૫૭ થી ૧૫૯૫ ઈ.સ. પૂર્વે), કલ્દાની (૫૩૯ થી ૬૨૫ ઈ.સ. પૂર્વે) જેવી કૌમોનો ઈતિહાસ સાથે સાથે હુત્તી, ફોનીકી, આરમેની, સીથીયાઈ, ફરજીયાઈ કૌમો સુધી પહોંચાડનારી એવી અદ્‌ભૂત ચીજોનું આ અજાઈબ ઘર એક મહાન કેન્દ્ર હતું જેના કારણે તે કેવળ એક મ્યુઝિયમ જ ન હતું બલ્કે પાછલા સાત હજાર વરસોના ઈતિહાસનું મોં બોલતુ અને જીવતુ જાગતુ એવું શાહકાર હતું જ્યાં પહોંચીને સંશોધકોની કલમ નવી અંગડાઈ લેવા માંડતી, રિસર્ચ કરવાવાળાઓ સમક્ષ એક નવી દુનિયા સ્મિત કરવા લાગતી, શોધખોળ કરનારાઓના દિલો દિમાગમાં એક નવો બગીચો પોતાની સુંદરતા વિખેરવા લાગતો અને ભૂતકાળને વર્તમાન સાથે જોડનાર અસંખ્ય અજાયબીઓ અને અદ્‌ભૂત ચીજોનો એક સંસાર તેમનું સ્વાગત કરતો નજર આવતો હતો. દુનિયાની અજાયબીઓ અને વિવિધ દેશોના મ્યુઝિયમોનું નિરિક્ષણ કરનાર લોકોનું કહેવું છે મીડલ ઈસ્ટમાં આના જેવું અન્ય અજાયબઘર ન હતું. કૌમોના જીવનમાં તારીખી હવાલાનું કેટલું મહત્વ છે. અને આ વારસાઓ ભૂતકાળની સાથે વર્તમાનને જોડવામાં શું રોલ અદા કરે છે તેને બતાવવાની જરૂરત નથી.

પરંતુ ઘણા જ દુઃખ અને અફસોસની સાથે કહેવું પડે છે કે કૌમના વિશ્વાસપાત્ર ઈતિહાસનું આ જે એક ઘણુ મોટુ માધ્યમ હતું ટોની બ્લેયર અને જુનિયર બુશના આર્શિવાદ પછી સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગયું, હવે ત્યાં રેતી અને પથ્થરો સિવાય કાંઈ નથી. જેવી રીતે હલાકૂખાનના સમયમાં દુનિયાની સૌથી મોટી લાયબ્રેરીને તબાહ કરી મંગોલોએ આગ ચાંપી દીધી

હતી એવી જ રીતે મિ. બુશની અમ્નો અમાન સ્થાપિત કરનાર ફૌજ અને બગદાદને જુલ્મો, સિતમથી બચાવનાર સેનાપતિઓએ આ ઐતિહાસિક વારસાને બરબાદ કરી એ જાહેરાત કરી દીધી કે અમે ઈરાક્‌ને આઝાદ કરવા અને અહીંયાં શાંતિ સ્થાપ્વા આવ્યા છીએ અને હવે તેને આઝાદ કરીને સમગ્ર જગત પર એહસાન કરી દીધું.

ખરીદેલા મિડિયા દ્વારા તેઓએ દુનિયા સમક્ષ વારંવાર એ જાહેર કરવાના પ્રયાસ કર્યા કે અહીંયાના લોકો અમારા આગમનથી ઘણા ખુશ છે, તેઓ સદ્દામ હુસૈનના શાસનથી અત્યંત ભયભીત હતા અને હવે એમને આઝાદી મળી તો પ્રત્યેક સ્થળે અમારા ફૌજીઓનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. પરંતુ આ સર્વ ખુશફહેમી અને દુનિયાથી વાહવાહ તથા આર્શિવાદ લેવાની પોલ ત્યારે ખુલી ગઈ જ્યારે એક ઈરાકીએ જુનિયર બુશ પર જૂતા ફેંકયાં અને જોત જોતામાં તે જૂતાની બોલી ૭૦ હજાર દીનારથી અધિક થઈ ગઈ.

હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના સમયે નમરૂદે આપને આગના ભડકતા શોલાઓમાં નાખીને ખુશીનો નારો લગાડયો હતો કે આજે અમે દુનિયાના એક મોટા દુશ્મનને ખત્મ કરી દીધો. પરંતુ દુનિયાએ અમુક જ દિવસો પછી જોયું કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ગુલશને સઆદતમાં સ્મિત કરતા રહ્યા અને નમરૂદ ન કેવળ પોતાની બદ્‌બખ્તીની અગ્નિમાં સળગતો રહ્યો બલ્કે શાહી તખ્ત પર બેસીને પણ દિમાગના ઈલાજના નામ પર જૂતા ખાતો રહ્યો.

બુશ પર પડનારા જૂતાએ પણ ભૂતકાળના ઈતિહાસને વર્તમાન સાથે જોડીને જૂતાનો પણ ઈતિહાસ સુરક્ષિત કરી દીધો અને જૂતાખોરોની દુનિયામાં પણ એક નવા નામ "બુશ"નો વધારો કરી દીધો. હવે ઈરાક્‌નો ઈતિહાસ ત્યાં સુધી અધૂરો છે જ્યાં સુધી નમરૂદ, હલાકૂ અને બુશની સાથે, નમરૂદના જૂતા અને બુશના જૂતાને પણ તેમાં ઉમેરવામાં ન આવે.

*(અશ્રફિયા મંથલી–મુબારકપુર, સપ્ટેમ્બર–૨૦૧૬)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૪૨૫/–** (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**:: કિતાબ મંગાવો ::**
**ઈસ્લામ અને વિશ્વશાંતિ**
**લેખક** : હઝરત અલ્લામા બદરુલ કાદરી મિસ્બાહી (હોલેન્ડ)
**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
હદિયો રૂા.૧૦૦
મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧


**સાધલી** : પેશ ઈમામ મૌલાના ઐયૂબ સાહબ જણાવે છે કે, અલ્હમ્દુલિલ્લાહ ! મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم ના મહીનામાં પૂરા ગામમાં કુર્આન શરીફ ખત્મ : ૯૪, દુરૂદે તાજ : ૬૮,૯૮૭ વાર, યાસીન શરીફ ૧૮,૭૪૪ વાર, આયતુલ કુર્સી : ૯૬,૨૮૮ વાર, કલ્મે તૈયેબહ : ૩૮,૮૮,૮૫૩ વાર પઢવામાં આવ્યું. અલ્લાહ કબૂલ ફર્માવે. અજરે અઝીમ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# વહાબિયતને ફેલવાનો મોકળો માર્ગ !!

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

અલ્હમ્દુલિલ્લાહ ! મારામાં જ્યારથી સમજ આવી અને વહાબી દેવબંદી વગેરે ફિર્કાઓની ઓળખ થઈ કે એ નબી વલીના ગુસ્તાખોની જમાઅત છે ત્યારથી તેમની ગુસ્તાખીઓની રદમાં અહલે સુન્નત વ જમાઅતના ઉલમાની કિતાબો તથા બયાનો ખૂબ સાંભળ્યાં, ઉલમાની સોહબતમાં ઘણી જાણકારી નસીબ થઈ અને દિલમાં તેમનાથી નફરતે એવી જગા લીધી કે અલ્હમ્દુલિલ્લાહ ! તેમની સાથે દીની કે સામાજિક વહેવારમાં સલામ, કલામ, તેમની દા'વતમાં જવું કે તેમને દા'વતમાં બોલાવવા વગેરેની કલ્પના પણ નથી આવતી, તેમની શાદી કે મૈયતમાં જવાનો તો પ્રશ્ન જ નથી ઉપસ્થિત થતો, અને એ જ કુર્આન હદીષનો હુકમ છે. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો બેહદ કરમ તથા એહસાન છે કે અલ્લાહ વ રસૂલના દુશ્મનો માટે કોઈ સોફટ કોર્નર કે જગા દિલમાં ન થવા પામી. અને અલ્હમ્દુલિલ્લાહ ! મારા ઘણા મિત્રો તથા ચહીતા ઉલમા એ જ શરીઅતના સૂચવેલ માર્ગ પર ચાલતા હું જોઈ રહ્યો છું. અલ્લાહ સૌ સુન્નીઓને એ જ તૌફીક઼ બખ્શે.

પરંતુ ઘણા એવા સુન્ની ભાઈઓ જેમાં અમુક કહેવાતા હાફિઝ, મોલ્વી પણ મને એવા મળ્યા કે સુન્નિયતની મજબૂતી માટે અતિશય ફિકરમંદ બની વાતો તથા ચર્ચાઓ કરે કે સુન્નિયતની રક્ષા માટે આમ કરવું જોઈએ અને તેમ કરવું જોઈએ, અનેક પ્લાનો પણ આપણને સમજાવે..... પણ બીજી બાજુ એમને દેવબંદી વહાબીઓની દા'વતો ખાતા તથા ખવડાવતા જોયા, તેમની મુરદાર મરઘીઓની ફિસ્ટ ઉડાડતા જોયા, તેમની શાદીઓમાં, મૈયતમાં સામેલ થતા બલ્કે તેમના નિકાહ પઢાવતા તથા દેવબંદી મૈયતોની નમાઝ પઢતા પણ જોયા ! જ્યારે કે દેવબંદી સાથે નિકાહ કે દેવબંદીના નિકાહ પઢાવવા વિશે શરીઅતનો હુકમ આ પ્રમાણે છે :

## બાતિલ ફિર્ક઼ાવાળાથી નિકાહ નાજાઈઝ

**મસ્અલા** : વહાબીઓ, દેવબંદીઓ, તબ્લીગી જમાઅતવાળાઓ, મૌદૂદી જમાઅતવાળાઓ, (ગૈર મુક઼લ્લિદો) અને રાફઝીઓ સાથે નિકાહ–શાદી કરવી, તેમની સાથે મેલજોલ રાખવી અને તેમની પાછળ નમાઝ જાઈઝ છે કે નહીં ?

**અલ્જવાબ** : ઉપરોકત જમાઅતો પોતાના બાતિલ અકીદાઓના કારણે શરીઅતના હુકમ મુજબ બદમઝહબ, ગુમરાહ છે અને બદમઝહબોના વિશે ખૂદ નબીએ અકરમ ﷺ ફર્માવે છે :–

(અર્થ) : **બદમઝહબ જો બિમાર પડે તો પૂછવા ન જાવ અને જો મરી જાય તો જનાઝા પર હાજર ન થાવ અને જ્યારે તેમને મળો તો સલામ ન કરો અને તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, ખાણુ ન ખાવ, તેમની સાથે શાદી–વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.** રિવાયત કરી એને મુસ્લિમે અબૂ હુરૈરહથી તથા અબૂ દાઊદે ઈબ્ને ઉમર તથા ઈબ્ને માજહ્એ જાબિરથી તથા ઓકૈલી તથા ઈબ્ને હબ્બાને અનસ رَضِىَ اللّٰهُ عَنْهُ થી. મુહક્કિકે અલલ ઈત્લાક ફત્હુલ કદીરમાં ફર્માવે છે (અર્થ) : ઈમામ મુહમ્મદ رَضِىَ اللّٰهُ عَنْهُ એ શૈખેન હઝરત સૈયદના ઈમામે આઝમ અબૂ હનીફા તથા સૈયદના કાઝી ઈમામ અબૂ યૂસુફ

رضی اللہ عنہ થી રિવાયત કરી કે **બદમઝહબોની પાછળ નમાઝ જાઈઝ નથી.** જેથી હદીષ શરીફ અને ફિકહના ઈર્શાદથી સ્પષ્ટ થયું કે, વહાબીઓ (ગૈર મુકલ્લિદો), દેવબંદીઓ, મૌદૂદી જમાઅત (કહેવાતી જમાઅતે ઈસ્લામી) વાળાઓ અને રાફઝીઓ સાથે શાદી વિવાહ કરવો, તેનાથી મેલજોલ રાખવી જાઈઝ નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) *જલાલુદ્દીન અહમદ અમજદી* (૨૩ મોહર્રમ, હિ. ૧૩૮૬)

## વહાબી સાથે નિકાહ પઢાવનાર મોલ્વી વિશે હુકમ

**મસ્અલા** : શું ફર્માવે છે મુફતિયાને એઝામ આ મસ્અલામાં કે 'ઝયદ' જે હાજી છે તેણે પોતાની પૌત્રીની શાદી વહાબી છોકરા સાથે નક્કી કરી અને **નિકાહ પઢાવવા માટે એક સુન્ની મોલ્વીને છોકરાને ત્યાં લઈ ગયા.** મોલ્વી સાહબને અગાઉથી જાણ ન હતી કે છોકરો વહાબી છે પણ પાછળથી ખબર પડી, તો આ સ્થિતિમાં મોલ્વી સાહબના માટે શો હુકમ છે ?

**અલ્જવાબ** : જ્યારે કે વહાબિયત સામાન્યતઃ ફેલાઈ રહી છે તો મોલ્વી સાહબે તહકીક કરવી અનિવાર્ય હતી, તહકીક વિના નિકાહ પઢી આપવાને કારણે જ્યારે કે પાછળથી છોકરો વહાબી હોવાની જાણ થઈ તો મોલ્વી સાહબ તૌબા તથા ઈસ્તિગફાર કરે અને બાલિગ છોકરો વહાબી મુર્તદ હોય અથવા નાબાલિગ હોય પણ તેના વલી (વાલી) વહાબી હોય તો આ સંજોગોમાં નિકાહના બાતિલ હોવાનું જાહેર એલાન કરે અને નિકાહખ્વાનીના પૈસા પણ પાછા આપી દે. વહુવ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) *જલાલુદ્દીન અહમદ અમજદી*

## જેમને સુન્ની વહાબી શું છે ખબર જ નથી તેવા સાથે નિકાહનો હુકમ

**મસ્અલા** : એક શહેરમાં અમુક લોકો વહાબી, તબ્લીગી ખયાલના છે અને અધિકતર લોકો સુન્ની છે. લોકોની સુન્નીઓ સાથે છોકરીઓની લેણદેણ થાય છે પણ તે છોકરા, છોકરીઓના ખયાલ નામાલૂમ જેવા હોય છે બલ્કે મોટે ભાગે સુન્નિયતના માનવાવાળાં હોય છે. તો આ સંજોગોમાં કોઈ ઈમામનું તેમના નિકાહમાં શરીક થવું અને પઢાવવું શરીઅતની રૂએ કેવું છે ? તેમજ આવા ઈમામની ઈકતેદા સહી છે કે નહીં ? તહકીક વગર કોઈને વહાબી, દેવબંદી બનાવી દેનારના બારામાં શું હુકમ છે ?

**અલ્જવાબ** : અમુક લોકો જેઓ વહાબી, તબ્લીગી ખયાલોના છે, જો તે લોકોને મોલ્વી અશરફઅલી થાનવી, કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી અને ખલીલ અહમદ અંબેઠીના કુફ્રી લખાણો હિફઝુલ ઈમાન, પેજ–૮, ૧૪, ૨૮ અને બરાહીને કાતિઅહ, પેજ–૫૧ ઉપર યકીની માહિતગારી હોવા છતાં વર્ણવેલ મોલ્વીઓને કાફિર મુર્તદ નથી કહેતા, તો તેઓ ફતાવા હુસ્સામુલ હરમૈન પ્રમાણે કાફિર તથા મુર્તદ છે, તેમની સાથે રિશ્તો જોડવો હરામ તથા નાજાઈઝ છે, કેમ કે મુર્તદના નિકાહ કોઈની સાથે થઈ શકતા જ નથી. જેમ કે ફતાવાએ આલમગીરી, ભાગ–૧, મિસ્રી પેજ–૨૬૩ માં છે : (અર્થ) મુર્તદના નિકાહ મુર્તદ સ્ત્રી, મુસલમાન સ્ત્રી અને અસલી કાફિર સ્ત્રી કોઈની સાથે જાઈઝ નથી અને એ જ પ્રમાણે **મુર્તદ સ્ત્રીના નિકાહ કોઈની સાથે પણ જાઈઝ નથી** એવું જ મબસૂતમાં છે.

અને મુર્તદ મા બાપના છોકરા, છોકરીઓ જો તેમની સાથે રહે સહે છે અને તેમની સાથે સંબંધ નથી તોડયા તો ભલે તેમના (છોકરા છોકરીઓના) ખયાલો નામાલૂમ જેવા હોય તેમની સાથે નિકાહનો રિશ્તો જોડવો જાઈઝ નથી. **કેમ કે તેઓ મુર્તદ નથી તો કમસે કમ ગુમરાહ જરૂર છે અને ગુમરાહ સાથે પણ**

**નિકાહ કરવું જાઈઝ નથી.** અને વળી તેમના ખયાલો નામાલૂમ જેવા કેમ હોય છે ? છોકરા, છોકરી આપનારાં પ્રથમ તેમનો અકીદો શા માટે માલૂમ નથી કરી લેતાં ?

**ખુલાસો** : એ કે જેનાં મા બાપ મુર્તદ કે ગુમરાહ હોય અને તેઓના (છોકરાઓનો) તેમની સાથે સંબંધ કટ થયેલો ન હોય તો **તેમના નિકાહમાં શરીક થવું અને તેમનો નિકાહ પઢાવવો જાઈઝ નથી.** અને જે ઈમામ પૈસાની લાલચે જાઈઝ નાજાઈઝ ન જુએ તેની પાછળ નમાઝ ન પઢો કેમ કે એવો ઈમામ વિના ગુસ્લ, વુઝૂ એ પણ નમાઝ પઢાવી શકે છે. કોઈને તહકીક વિના વહાબી, દેવબંદી બનાવનાર સખ્ત ગુનેહગાર છે. વહુવ તઆલા અઅ્લમુ બિસ્સવાબ.

**લખનાર** : (મુફતી) *જલાલુદ્દીન અહમદ અમજદી* (૧૯, સફર, હિ. ૧૪૦૧)

આ એહલે સુન્નત વ જમાઅતના સર્વ ઉલમાએ ફેંસલા અને હુકમો કુર્આન હદીષની રૂએ આપણી રહનુમાઈ માટે દર્શાવેલ છે. (જુઓ ફતાવા ફયઝુર્રરસૂલ, ફતાવા રઝવિય્યહ...વગેરે) એના પર અમલ કરવો એ દરેક સુન્નીની ફરજ છે. હવે જે ખરેખર મઝહબે હક્ક઼ અહલે સુન્નતનો હમદર્દ છે તે ન અહલે સુન્નત સિવાયના અન્ય ફિર્ક઼ાવાળા સાથે ઉઠક બેઠક, દોસ્તી કે સગાઈ શાદી વહેવાર રાખશે, ન તો શાદી કે મૈયતમાં તેમને ત્યાં હાજરી આપશે.

## જો આખેરતની ફિકર હોય તો હજી સંભલી જાવ!

આટલી સ્પષ્ટ સમજ આપવા છતાં અનેક લોકો એવા છે કે વહાબી દેવબંદીઓ સાથે દીકરા દીકરી વહેવાર હજી કરે જ જાય છે. જ્યારે તેમની સાથે નિકાહ છોકરો કે છોકરીના થતા જ નથી. બંને વચ્ચે જે મેળાપ થશે ઝિના થશે અને ઔલાદ જે થશે તે વલદુઝ્ઝિના (હરામની ઔલાદ) થશે અને આ બધા કરતૂતોની સજા જહન્નમ સિવાય અન્ય કાંઈ જ નથી.

આજે આપણે જોઈએ છીએ કે શાદીની કોઈ દા'વત આવે તો કોઈ છાનબીન કરતું જ નથી કે શાદી ક્યાં થાય છે સુન્ની સુન્નીમાં છે કે દેવબંદી સાથે છે. ઈલ્લા માશાઅલ્લાહ ! સમગ્ર કૌમ જરાય સંકોચ વિના તે શાદીમાં હાજરી આપે છે, ખાવા ખાય છે અને એને જાણે કોઈ અયબની વાત કે ગુનોહ પણ નથી સમજતી! જ્યારે એવી શાદીના નિકાહમાં હાજર રહેનારા ઝિનાના દલાલ ગણાશે અને શાદીમાં હાજરી આપવી પણ હરામ છે. કોઈ દેવબંદી મૈયત થયું તો ગાડીઓ ભરી ભરીને સુન્ની ભાઈઓ બહેનો પહોંચી જાય છે. પોતાના સાથે કોઈએ ઝઘડો કર્યો હોય તો સગો ભાઈ હોય છતાં તેના મૈયત કે શાદીમાં જશે નહીં ! પણ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના દુશ્મનોને ત્યાં અલ્લાહ વ રસૂલને નારાજ કરીને પણ તેમને ખુશ કરવા હાજરી આપી દેશે. તેમજ જે કહેવાતા હાફિઝ કે મોલ્વી એવા નિકાહમાં હાજરી આપતા હોય કે પઢાવતા હોય તેઓ એ કામથી તૌબા કરે, પોતાની આખેરત વિશે વિચારે, પોતાની જિમ્મેદારી સમજે કે આમ લોકો તેમની હાજરીને જોઈને એ જ આધાર બનાવશે કે જ્યારે હાફિઝ તથા મૌલાના આમાં હાજરી આપે તો આપણે કેમ ન જઈ શકીએ ?! જેથી લોકોને એવી જગાએ જવાથી રોકવાને બદલે એવા બદ્અક઼ીદાઓને ત્યાં હાજરી ન આપે.

અંતમાં સાંભળી લો ! દેવબંદિયત વહાબિયતને સુન્નીઓમાં ફેલવાનો સૌથી મોકળો કોઈ માર્ગ હોય તો એ આ જ છે કે તેમની સાથે દોસ્તી, ઉઠક, બેઠક, સગાઈ, શાદી, મૈયતમાં તેમને ત્યાં હાજરી આપવું છે. જેથી જે સુન્ની અવામ કે સુન્ની હાફિઝ, મોલ્વી... દેવબંદી વહાબી સાથે ઉપર જણાવ્યો તેમ બેધડક વહેવાર રાખે છે તેઓ એ બાબતને મામૂલી ન સમજે બલ્કે **તેઓ એક અતિ ગંભીર ગુનો કરી રહ્યા છે અને સુન્નિયતના મૂળમાં ઘા કરી રહ્યા છે અને સુન્ની બનીને સુન્નિયતને તોડવાનું કામ કરી રહ્યા છે.** હજી પણ એનાથી તૌબા કરી ઉપર ફત્વા દર્શાવ્યા તે પ્રમાણે અમલ કરે અને બદ્અક઼ીદાઓથી દૂર રહે તો એમાં તેમની ભલાઈ છે, નહીં તો જહન્નમના અઝાબ માટે તૈયારી રાખે.



# હઝરત ઉષ્માન رضی اللہ عنہ કી હયા
## -:: ઔર હમારા મુઆશરા ::-

અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી-જંબુસર)

**(બયાન : દયાદરા મુખ્તારુલ મસાજિદ-નૂરાની મસ્જિદ, ૨૩-૯-૨૦૧૬, જુમ્આ)**

**اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلٰوةُ وَ السَّلَامُ عَلٰى سَيِّدِ الْاَنْبِيَاءِ وَ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَ اَصْحَابِهٖ اَجْمَعِيْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْحَيَاءُ مِنَ الْاِيْمَانِ، وَاَحْیٰ اُمَّتِیْ عُثْمَانُ**

**(હદીષ કા તર્જુમા)** : ઈબ્ને અસાકિરને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہસે મરફૂઅન રિવાયત કિયા, રસૂલુલ્લાહ ﷺને ફર્માયા : "હયા ઈમાનસે હૈ ઔર મેરી ઉમ્મત કે સબસે બળે હયાદાર શખ્સ ઉષ્માન ઈબ્ને અફફાન (رضی اللہ عنہ) હૈં."

૧૮ ઝિલ હિજ્જ કી તારીખ અમીરુલ મો'મિનીન હઝરત સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہ કી શહાદત કી તારીખ હૈ ઈસ હવાલેસે તફસીલી ગુફતગૂ ઉસ દિન ઈશાકી નમાઝ કે બાદ યહાં હુઈ થી. આજ ગૂફતગૂ કરની હૈ વો યહ હૈ કે સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہકા એક ખાસ વસ્ફ (ગુણ) હૈ વો હૈ વસ્ફે "હયા" (શરમનો ગુણ). ઉસકે હવાલે સે આજ હમ કુછ બાત અર્ઝ કરેંગે ઔર હમારી ઝિંદગી મેં જો કુછ બેહયાઈ કે મુતલ્લિક બાતેં આ ચૂકી હૈં ઉસે સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہ કી હયા કા સદકા લેકર ઉન બેહયાઈયોં કો દૂર કરને કી કોશિશ કરેંગે. ઈન્શાઅલ્લાહ !

### ★ હયાકી અહમિયત વ ફઝીલત ★

આપ દેખેં ! હયા કા કિતના અહમ મકામ હૈ ઈસ્લામમેં કે અલ્લાહ કે રસૂલ ﷺ ઈર્શાદ ફર્માતે હૈં : **اَلْحَيَاءُ مِنَ الْاِيْمَانِ** "હયા ઈમાન કા હિસ્સા હૈ." *(જામેઅ તિર્મિઝી)*

ઔર દૂસરે મકામ પર હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માતે હૈં : **أن لكل دين خلق وخُلُقُ الإسلام الحياء** તમામ અગલે દીનો મેં પૂરી તાલિમાત જો હોતી થી ઉસ નબી કે મઝહબમેં ઉસ પૂરી તા'લીમમેં એક ખૂબી ઔર એક વસ્ફ ઐસા દિયા જાતા જો પૂરી તા'લીમ પર ભારી હોતા ઔર સબ પર ગાલિબ આતા. સરકાર ﷺ ફર્માતે હૈં, મેરે દીન ઈસ્લામ મેં ભી જો ખૂબી સારી ખૂબીઓ પર ભારી હૈ ઉસ ખૂબી કા નામ "હયા" હૈ. ઔર યહ ઈસ્લામ કા ખાસ વસ્ફ હૈં. *(સુનને ઈબ્ને માજહ)*

અલ્લાહ કે રસૂલ ﷺ ઈર્શાદ ફર્માતે હૈં : **اَلْحَيَاءُ وَ الْاِيْمَانُ قُرِنَا جَمِيْعًا فَاِذَا رُفِعَ اَحَدُهُمَا رَفِعَ الْاٰخَرُ**

"હયા ઔર ઈમાન યહ દોનોં હમેશા ઈકટ્ઠે હી રહતે હૈં. ઔર જબ ઈન દોનોં મેં સે એક ચલા જાતા હૈ તો દૂસરા ખૂદ બ ખૂદ ચલા જાતા હૈ." *(અલ્મુસ્તદરક)* યઅની જહાં હયા નહીં હોતી વહાં ઈમાન કા કમાલ નહીં હોતા, વહાં ઈમાન કી ચાસની ઔર ઈમાનકી હલાવત (મીઠાશ) નહીં હોતી હૈ.

હયા ઈતની અહમ ચીઝ હૈ કે હમારે આક઼ા હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માતે હૈં, "હયા યહ ઈમાન મેં દાખિલ હૈ ઔર ઈમાન યહ જન્નતમેં દાખિલ હૈ." સરકાર ﷺ ફર્માતે હૈં, જિસને હયા કા દામન પકળ લિયા ઉસને ગોયા જન્નત કા દામન પકળ લિયા."

## ★ ફહશગોઈ જહન્નમમેં લે જાએગી ★

ઔર અલ્લાહ કે રસૂલ ﷺને હયા કે મુક઼ાબિલમેં કિસ ચીઝ કો ઝિક્ર ફર્માયા ? સરકાર ﷺ ફર્માતે હૈં : ફહશગોઈ, બદ્કલામી (ગાળ, બિભત્સ શબ્દો) કરના, ગાલિયાં બોલના, ઝબાનસે બેહયાઈ કી બાતેં બોલના, અલ્લાહ કે રસૂલ ﷺ ફર્માતે હૈં, યહ ફહશગોઈ યહ જહન્નમમેં હૈ, જો ફહશગોઈ કરેગા તો યહ ફહશગોઈ ઉસે ખીંચકર જહન્નમમેં લે જાએગી. તો હયા ઈમાન મેં હૈ ઔર ફહશગોઈ જહન્નમમેં હૈ. તો દોનોં તરફ હમેં દેખના હૈ કે હમેં કૌનસા વસ્ફ (ગુણ) અપને અંદર પેદા કરના હૈ.

ઈસી લિએ અલ્લાહ કે રસૂલ ﷺ ફર્માતે હૈં, હયા જિસ જગહ હોતી હૈ ઉસ જગા કો ઔર ઉસ શખ્સ કો મુનવ્વર (રોશન) કર દેતી હૈ. જિસ બંદેમેં હયા હોતી હૈ, હયા ઉસ્કો ઝીનત બખ્શતી હૈ. ઔર સરકારે દો આલમ ﷺ ફર્માતે હૈં, ઈસકે બિલ્ મુક઼ાબિલ (ઉલ્ટુ) બેહયાઈ જિસ જગહ ઔર જિસ આદમીમેં હોતી હૈ ઉસ્કો દાગદાર બના દેતી હૈ, ઉસ્કો ઝલીલ ઔર રુસ્વા કર દેતી હૈ. તો એક તરફ હયા હૈ ઔર દૂસરી તરફ બેહયાઈ હૈ. ઈસી લિએ અલ્લાહ કે રસૂલ ﷺને ઈર્શાદ ફર્માયા કે જબ અલ્લાહ કિસી બંદે કો હિલાક (તબાહ) કરના ચાહતા હૈ તો ફિર ઉસ્કો હયાસે દૂર ફર્મા દેતા હૈ. તો વો જો બેહયા હો ચૂકા હૈ વો જો ઝબાનસે ફહશગોઈ કરકે બેહયાઈ કર રહા હૈ, અલ્લાહ કે રસૂલ ﷺ ફર્માતે હૈં કે જબ અલ્લાહ કિસી કો હલાક કરને કા ઈરાદા ફર્માતા હૈ તો હયા ઉસ્કે ક઼રીબ નહીં જાતી. ફિર વો બેહયાઈમેં મુબ્તલા હો જાતા હૈ ઔર અપને કો હિલાકત (તબાહી) કે ક઼રીબ કરતા ચલા જાતા હૈ.

## ★ બેહયાકો ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہને હરામી કહા ! ★

ઔર હયા ઈતની અહમ ચીઝ હૈ ઔર બેહયાઈ ઈતની ખતરનાક ચીઝ હૈ ! એક બાત સુનના જિસકો સુનને કે બદનકે રોંગટે ખળે હો જાતે હૈં. હઝરત સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہકી દર્સગાહ લગી હૂઈ હૈ. નઝદીક મેં ચંદ બચ્ચે ખેલ રહે હૈં. તો ગેંડ (બોલ) ઉછલી ઔર વો ભી ઈમામે આ'ઝમ رضی اللہ عنہ કે સામને જાકર ગિરી. અબ જિતને બચ્ચે ખેલ રહે થે વો ખૌફ મેહસૂસ કરને લગે, ડરને લગે. ઈતને બળે ઈમામ કે પાસ ગેંડ ચલી ગઈ ! અબ લેને કૈસે જાએં ! ડર ગયે. મગર એક બચ્ચેને બળી જુર્અત (બહાદુરી) કી, વો દોળતે હૂએ ગયા ઔર કિસી કા લિહાઝ ઔર પાસ ન રખ્ખા ઔર જાકર ઈમામે આ'ઝમ કે સામનેસે ગેંડ ઉઠા લી. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફમાતે હૈં, "યહ બચ્ચા હરામી હૈ !" ઈસને ઈતની બેહયાઈ કા ઈર્તેકાબ કિયા કે યહાં દર્સ ચલ રહા હૈ, દીન કી તા'લીમ ચલ રહી હૈ, યહાં કુર્આન વ સુન્નત કા પયગામ સુનાયા જા રહા હૈ, તો બાક઼ી બચ્ચે આને સે ખૌફ મેહસૂસ કર રહે હૈં, મગર યહ બચ્ચા જિસને ઈતની જુર્અતસે યહાં આકર ગેંડ ઉઠા લી, ઉસકો કિસી કા લિહાઝ નહીં રહા ! યહ હરામી બચ્ચા હૈ. જબ તેહક઼ીક કી ગઈ તો બાત વહી સચ્ચી થી જો ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہને ફર્માયા થા. યહ બેહયાઈ કિસ દરજે તક પહોંચા દેતી હૈ ?!

## ★ હયા કિસ દિલમેં જગહ પાતી હૈ ? ★

અબ દેખિયે હયા યહ ક્યા હૈ ? : ઉલમાએ તફસીર ઈર્શાદ ફર્માતે હૈં, હયા યહ ફરિશ્તોંવાલી સિફત હૈ જો કે ફરિશ્તોંમેં હૈ ઈસ લિયે વો કોઈ ગુનાહ

નહીં કર રહે હૈં. વો મા'સૂમ હૈં. ઔર જબ યહ હયા કિસી મો'મિનમેં આ જાતી હૈ તો વો ભી ગુનાહોં સે મહેફૂઝ હો જાતા હૈ. ઔર ઈસી લિએ હઝરત સિર્રી સક્તી رضی اللہ عنہ ઈર્શાદ ફર્માતે હૈં કે હયાકા મામલા યહ હૈ કે હયા બંદે કે દિલ કા તવાફ કરતી હૈ ઔર જિસકે દિલમેં ઝુહદ વ વરઅ હોતા હૈ યઅની જિસકા દિલ નૂરે હયાસે મુનવ્વર હોતા હૈ, પરહેઝગાર દિલ હોતા હૈ, નેકિયાં જિસ કે દિલમેં હોતી હૈ ફિર હયા ઐસે દિલમેં આકર અપના ઘર બના લેતી હૈ. સુબ્હાનલ્લાહ ! ઔર જહાં ખૌફ વ તક્વા વ નેકી કા નૂર નહીં હોતા તો ફિર હયા વહાં સે રવાના હો જાતી હૈ, દૂસરી જગા ચલી જાતી હૈ. હયા ઉસ શખ્સ કે અંદર પનાહ નહીં લેતી. યહ હયા હૈ.

### ★ અલ્લાહસે હયાકા હક્ક઼ અદા કરો ! ★

અબ અલ્લાહ કે રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ઈસ સિલ સિલેમેં કયા ફર્માતે હૈં. સરકારે દો આલમ ﷺને અપને સહાબાસે ઈર્શાદ ફર્માયા :–

اِسۡتَحۡیُوۡا مِنَ اللّٰهِ حَقَّ الۡحَیَاءِ. قَالَ: قُلۡنَا یَا رَسُوۡلَ اللّٰهِ اَنَّا نَسۡتَحۡیِیۡ وَالۡحَمۡدُ لِلّٰهِ، قَالَ: لَیۡسَ ذَاكَ وَلٰکِنَّ الا سۡتَحۡیَاءَ مِنَ اللّٰهِ حَقَّ الۡحَیَاءِ اَنۡ تَحۡفَظَ الرَّاسَ وَمَا وَعٰی وَالۡبَطۡنَ وَمَا حَوٰی، وَلۡتَذۡکُرِ الۡمَوۡتَ وَالۡبَلٰی، وَمَنۡ اَرَادَ الۡاٰخِرَةَ تَرَكَ زِیۡنَةَ الدُّنۡیَا، فَمَنۡ فَعَلَ ذٰلِكَ فَقَدۡ اِسۡتَحۡیَا مِنَ اللّٰهِ حَقَّ الۡحَیَاءِ

''અય મેરે સહાબા ! અલ્લાહસે ઐસે હયા કરો જૈસે હયા કા હક્ક઼ હૈ ! તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો અર્ઝ કિયા : યા રસૂલલ્લાહ ! ''અલ્લાહ કા શુક્ર હૈ હુઝૂર હમ હયાવાલે હૈં, હમ હયા કરતે હૈં.'' તો સરકારે દો આલમ ﷺને ઈર્શાદ ફર્માયા : મૈં વો હયા મુરાદ નહીં લેતા જો તુમ્હારે અંદર હૈ, મૈં યહ કહ રહા હૂં કે અલ્લાહસે હયા કા હક્ક઼ અદા કરો. અબ સહાબા અર્ઝ કરતે હૈં કે હુઝૂર ! અલ્લાહ સે હયા ઔર ફિર હયાકા હક્ક઼ અદા કરના યહ કૈસે મુમ્કિન હૈ ? અબ જો આપને સુના હૈ કે હયા કી શાન ઈતની બળી હૈ કે ઈમાનવાલે ચમકવાલે દિલમેં યહ હયા રહતી હૈ ઔર મો'મિનકો જન્નતમેં લે જાતી હૈ.

### ★ કૌનસી હયા જન્નત તક સાથ નહીં છોળતી ★

વો કૌનસી હયા હૈ જો જન્નત તક સાથ નહીં છોળતી ?! તો અલ્લાહ કે રસૂલ ﷺને ઈર્શાદ ફર્માયા, ''અલ્લાહ સે હયા કરને કા હક્ક઼ યહ હૈ કે અપને સર કી ઔર ઉસમેં જો કુછ હૈ સબકી અલ્લાહ કી નાફર્માની સે હિફાઝત કરો.'' અલ્લાહ કી નાફર્માનીસે અપને સરકો બચાઓ ઔર સરમેં જો કુછ ભી હૈ ઉસ્કો અલ્લાહ કી નાફર્માનીસે બચાઓ. ''પેટ ઔર જો કુછ પેટમેં હૈ ઉસ્કો ભી અલ્લાહ કી નાફર્માનીસે બચાઓ.'' ''ઔર મૌત ઔર મુસીબત ઔર મૌત કે ઝટકોં કો યાદ કરો.'' ''ઔર અગર વાક઼ઈમેં આખેરત (સંવારને કા) ઈરાદા હૈ તો દુન્યા કી વો ઝીનત ઈખ્તિયાર ન કરો જિસસે દિનસે નિકલ જાવ.'' ઔર ફિર ફર્માયા, અગર યહ બાતેં ઉસીમેં આ ગઈ કે સરકો ઔર સરમેં જો કુછ હૈ ઉસીકો અલ્લાહ કી નાફર્માનીસે બચા લિયા. પેટ ઔર જો કુછ પેટ મેં હૈ ઉસીકો અલ્લાહ કી નાફર્માનીસે બચા લિયા. મૌત ઔર મૌત કે ઝટકોં કો યાદ કરતા રહા. આખેરત કે મુક઼ાબલેમેં દુન્યા કી ઝીનત કો જિસને તર્ક કર દિયા. મેરે આક઼ા ﷺ ફર્માતે હૈં, ''મેરે સહાબા ! અગર કિસીને ઐસા કર લિયા તો ઉસને અલ્લાહસે હયા કા હક્ક઼ અદા કર દિયા.'' *(સુનને તિર્મિઝી)*

યહ અલ્લાહસે હયા કા હક્ક઼ હૈ કે બંદા ઈસ તરહસે કરેગા તો અલ્લાહસે હયાકા હક્ક઼ અદા હો જાએગા. સર, દિમાગ, સોચ ફિક્ર, દાનિશ, ઔર

જો બંદા તસવ્વુરાત (ખયાલો) અપને ઝહન મેં લાતા હૈ ઉસ્કો પાક કરે, ઉસમેં કોઈ નાફર્માની ઔર ગલત બાત કી સોચ ન લાએં. આંખેં જો સરમેં હૈં ઉસે ગૈર મહેરમસે બચાએ, ગલત ચીઝોં કો દેખનેસે બચાએ, ઝબાન જો ઈસ સરકે ઉપર હૈ ઉસકો હર ગલત બાતસે બચાએ, કાન જો ઈસ સરકે ઉપર હૈ ઉસકો હર ગલત બાત સુનનેસે બચાએ, ઈસ તરહસે સર ઔર સરમેં જો કુછ હૈં ઉનકો અલ્લાહ કી નાફર્માનીસે બચાએ. તો મેરે આકા ﷺ ફર્માતે હૈં કે ફિર સમઝ લો કે તુમ અલ્લાહસે હક્ક઼ અદા કરને કે રાસ્તે પર ચલ ચુકે હો. ઔર મેરે આકા ﷺ ફર્માતે હૈં : "પેટ ઔર જો કુછ પેટમેં હૈ ઉસકો અલ્લાહ કી નાફર્માનીસે બચાઓ." યઅની કોઈ હરામ કા લુકમા, કોઈ મશ્કુક (શંકાસ્પદ) ગિઝા અપને પેટકે અંદર ન જાને દો. અલ્લાહ કે રસૂલ ﷺને ઈર્શાદ ફર્માયા હૈ :–

اِذَا وَقَعَتْ لُقْمَةٌ مِنَ الْحَرَامِ فِیْ بَطْنِ ابْنِ اٰدَمَ لَعَنَہٗ كُلُّ مَلَكٍ فِی الْاَرْضِ وَالسَّمَآءِ....

"જબ ઔલાદે આદમકે પેટકે અંદર હરામકા એક લુકમા દાખિલ હો જાતા હૈ તો આસ્માન કા હર ફરિશ્તા જબ તક ઉસકે પેટમેં વો હરામ કા લુકમા રહતા હૈ ઉસ વક઼્ત તક ઉસ પર લઅનત કરતા રહતા હૈ." *(મુકાશફતુલ કુલૂબ, પેજ : ૭૨)*

અબ વો જો હરામ કા ખાએ ઔર ઝબાનસે બેહયાઈ બક રહા હૈ, ઔર વો જુર્અત (બહાદુરી) કર રહા દીન કે ઉપર, વો પેટમેં જબ યહ સબ ભર કે બૈઠા હૈ તો ફિર કયા બોલેગા અપની ઝબાનસે ?! જબ કે ઐસે લોગોં કે સિલસિલેમેં હુકમ હૈ કે ઉનકી દુઆએં ભી રદ કર દી જાતી હૈં, ઉનકી દુઆએં ભી કુબૂલ નહીં હોતી. અબ મેરે આકા ﷺ ફર્માતે હૈં, હયા અગર ચાહતે હો પેટ ઔર જો કુછ પેટ કે મુતઅલ્લિકાત હૈ ઉસકો હરામ ચીઝોં સે બચાઓ. ઔર યહ દોનોં યઅની સરકો ઔર પેટકો હર ક઼િસ્મ કી ગલતીસે બચાએં.

અબ મૌત કો યાદ કરો, તા કિ ફિર દુન્યા કી રંગીનીમેં મુબ્તલા ન હો જાઓ. મૌત કે સકરાત કે ઝટકોં કો યાદ કરો, કિસી મરનેવાલે કો દેખકર અપની મૌત કો યાદ કરો. ક઼બ્રસ્તાનમેં જાઓ તો ભી હુકમ યહી હૈ. સરકાર ﷺ ફર્માતે હૈં : كنت نهيتكم عن زيارة القبور فزوروها "મૈંને તુમ્હેં ક઼બ્રોં પર જાનેસે મના કિયા થા." ઈસલિયે કે ઉસ વક઼્ત તક મુસલમાનોં કી ક઼બ્રે નહીં બની થીં. સરકાર ﷺ ફર્માતે હૈં, "અબ મૈં ઈજાઝત દેતા હૂં. અબ તુમ ક઼બ્રોં કી ઝિયારત કે લિયે જાયા કરો, ઈસલિએ કે વહાં જાઓગે તો તુમ્હેં આખેરત કી યાદ તાઝા હોગી. અબ મેરે આકા ઈસી મક઼ામ ઈસી બાત કો ફર્માતે હૈં, અગર હયા પેદા કરની હૈ તો ફિર તીસરે નંબર પર મૌત કો યાદ કરના. ઔર ચોથે નંબર પર દુન્યા કી ઐસી ઝીનત જો ગુનાહ કી તરફ લે જાએ, ઐસી ઝીનત કો છોળકર તુમ આખેરત કી ઝીનત કો ઈખ્તિયાર કરના. અગર યહ સબ કુછ જમા કર લોગો, ફિર તુમ્હારે અંદર ઐસી હયા હોગી જૈસી હયા અલ્લાહ ચાહતા હૈ.

### ★ ઔરતેં કાચકી શીશીયાં હૈ ! ઉન્હેં સંભાલો ! વરના.....?! ★

ઈમામ અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહમેં ઈર્શાદ ફર્માતે હૈં કે ઔરતોં કો સૂરએ યૂસફ ન સિખાઈ જાએ ઔર ઉસ્કી તફસીર પળ્હનેસે ઔરતોં કો રોકા જાએ. ઈસ લિયે કે ઉસમેં એક ઔરત કી આજમાઈશ ઔર ઉસકે ઈશ્ક઼ો મહ઼બ્બત કી દાસ્તાન કો ઝિક્ર કિયા ગયા હૈ. ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માતે હૈં કે ઔરતોં કી હૈસિયત એક નાઝુક શીશેકી તરહ હૈ, કહીં ઈશ્ક઼ો મહ઼બ્બત કી દાસ્તાન

સુનકર ઉનકે દિલ કિસી ઔર બાત કી તરફ માઈલ ન હો સકે. ઈસલિયે ઉનકો સૂરએ યૂસુફ કી તફસીર કે બજાએ સૂરએ નૂર સિખાઈ જાએ ઔર સૂરએ નૂર કી તફસીર પળ્હાઈ જાએ તાકે વો દીન કી તરફ માઈલ હો સકે. હમેં ગૌર કરના ચાહિયે કે બઝાહિર કુર્આન હૈ મગર સૂરએ યૂસુફ કી તફસીર પળ્હનેસે વક્ત કા અઝીમ ફકીહ જિનકો અપને દૌર કે સારે ઉલમા મુજદ્દિદ તસ્લીમ કરતે હૈં, વો ઈસ તરહસે મના કર રહે હૈં કે કહીં ઈશ્કિયા દાસ્તાન સુનકર ઔરતેં ગુનાહમેં મુબ્તલા ન હો જાએં. ઈસસે હમેં પતા લગાના ચાહિયે કે કુર્આન કી તફસીર કે જિસમેં ઈશ્કિયા દાસ્તાન હૈ ઉસસે પળ્હનેસે રોકા ગયા હૈ ! તો ફિર આજ વો કિતાબેં ઔર નોવેલ જિસમેં ઈશ્કિયા દાસ્તાન હોતી હૈ, યા વો ફિલ્મે ડ્રામે સિરિયલેં જિનમેં બાઝાબ્તા ઈશ્ક કી મહબ્બત કી દાસ્તાનોં કો ઘળ્હકર લોગોં કે સામને પેશ કિયા જાતા હૈ, તો યહ પળ્હના દેખના કૈસે જાઈઝ હો સક્તા હૈ? ઔર મોબાઈલ પર ફેસબુકપે ફ્રેન્ડ બનાના ઔર ગંદે મનાઝિર દેખના, ઉસે શેર કરના કૈસે જાઈઝ હોગા ?! ઔર યહ દેખ સુન કર દિલો દિમાગ ક્યૂં ન ખરાબ હોંગે ? ક્યૂં ન ગુનાહ કા માહોલ ફેલેગા ? હમારી ઔલાદ હમારે કાબૂસે બાહર ક્યૂં ન હોગી ?

### ★ હયાસે કિસી કો મત રોકો ! ★

બુખારી શરીફ મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ રિવાયત હૈ કે અલ્લાહ કે રસૂલ ﷺ એક અન્સાર આદમી કે પાસસે ગુઝરે જો અપને ભાઈકો હયા કે બારેમેં નસીહત કર રહા થા. યઅની ઉસકો બહોત ઝયાદા શરમ ઔર હયા કરનેસે મના કર રહા થા. અલ્લાહ કે રસૂલ ﷺને ફર્માયા, دَعْهُ فَإِنَّ الْحَيَاءَ مِنَ الْإِيْمَانِ "ઉસે છોળ દો!" યઅની હયા કરનેસે મના મત રોકો ! ઈસ લિયે કે હયા ઈમાન સે હૈ !" *(બુખારી)*

આજ હમારી કૌમ કે અંદર બહોત સારે લોગ ઐસે હૈં જો દુન્યાદારીમેં ઔર માદ્દિયતમેં ઈસ કદર મુસ્તગરક (ડૂબે હૂએ) ઔર ઈસ કદર આગે બળ્હ ચૂકે હૈં કે અગર કૌમમેં કોઈ જવાન હયા કી તરફ માઈલ હોતા હૈ તો બાકી લોગ ઉસે હયાસે રોકતે હૈં ઔર ઉસે યૂં કહતે હૈં કે અભી તુમ્હારી ઉમ્ર ક્યા હૈ, અભી જવાની કી ઝિંદગી હૈ ! હયા મત કરો ! ઈસી તરહ રોકતે હૈ. હાલાં કિ સરકારે દો આલમ ﷺને દુસ્રી જગહ ફર્માયા, اَلْحَيَاءُ لَا يَأْتِي اِلَّا بِخَيْرٍ "હયાસે હમેશા ભલાઈ હી મિલતી હૈ." *(મુસ્લિમ)* તો હમારે અહલે ઈમાન ભાઈયોં કો ચાહિયે કે વો કભી ભી હયાસે ન રોકે.

### ★ ગાલી ગલોચ, ગંદી બાતેં બોલનેવાલેકા અંજામ ! ★

અબ સુનિયે ! ઈસ હયા કે મુકાબલેમેં જો બાત હૈ વો હૈ બેહયાઈ. ઔર બેહયાઈ કે મફહૂમ (ભાવાર્થ) પર ગુફતગૂ કરું તો ઝયાદા વક્ત ચાહિયે. બેહયાઈ કા એક મફહૂમ જો હદીષે પાક મેં હૈ વો યહ હૈ કે ઝબાનસે ફહશ (બિભસ્ત, ગંદી) બાતેં કરના, ઝબાનસે ગાલિયાં બોલના. આજ કષરતકે સાથ (ખૂબ જ અધિક પ્રમાણમાં) ઉમ્મતકે લોગ ઈસ મર્ઝમેં મુબ્તલા હૈં, બાત બાત પર, કોઈ ઝઘળા નહીં, કોઈ મામલા નહીં, મગર ઐસે હી બાતકી શુરૂઆત લોગ ગાલીસે કર રહે હૈં ! ઔર ઈસ બાતકો લોગોંને ઐસા રિવાજ દે દિયા હૈ કે લોગ ઈસકો ગુનાહ ભી તસવ્વુર નહીં કરતે કે યહ હમને કોઈ બળી બુરી બાત કહ દી હૈ ! સામનેવાલા ભી બુરી બાત મેહસૂસ નહીં કર રહા હૈ. તો યહ હૈ ફહશગોઈ (બિભત્સ વાણી)! ગાલી ગાલી હૈ ! ચાહે ઉસકો કોઈ કૈસા હી સમઝે ?! બુરા સમઝે યા ન સમઝે. ઔર ગાલી દેનેવાલે ફહશગોઈ કરનેવાલેકે બારેમેં કિત્ની સખ્ત બાત હમારે આકા ﷺને ફર્માઈ હૈ, આપ ઈસ રિવાયતકો સુનના

ઈસ રિવાયતકો સુનનેકે બાદ હમારે જિસ્મ પર ઔર દિલ પર કપકપી તારી હો જાતી હૈ ! અલ્લાહકે રસૂલ ﷺ ઈર્શાદ ફર્માતે હૈં :–

أَرْبَعَةٌ يُؤْذُونَ اَهْلَ النَّارِ عَلَى ما بِهِمْ مِنَ الْأَذَى، يَسْعَوْنَ بَيْنَ الْحَمِيْمِ وَالْجَحِيْمِ يَدْعُونَ بِالوَيْلِ وَالثُّبُوْرِ: وَرَجُلٌ يَسِيْلُ فُوهُ قَيْحًا وَدَماً فَيُقَالُ لَهُ: مَا بَالُ الْأَبْعَدِ قَدْ آذَانَا عَلَى مَا بِنَا مِنَ الْأَذى؟ فَيَ قُوْلُ: أَنَّ الْأَبْعَدَ كَانَ يَنْظُرُ أَلَى كُلِّ كَلِمَةٍ قَذِعَةٍ خَبِيْثَةٍ فَيَسْتَلِذُّهَا كَمَا يَسْتَلِذُّ الرَّفَثَ

"ચાર લોગ ઐસે હોંગે જો જહન્નમ મેં જાએંગે તો જહન્નમી ભી ઉનસે પનાહ માગેંગે !" યઅની ઈનકે જાનેસે જહન્નમિયોંકો ઔર ઝયાદા તકલીફ હોને લગેગી. વો ચાર લોગ હોંગે ઔર વો ઔર વો જહન્નમમેં જાયેંગે ચાર લોગ તો કૈસે હોંગે ? ભળકતી હૂઈ આગ ઔર ખોલતે હૂએ પાનીમેં ઉન્કો દૌળાયા જાએગા. ઔર હાય ! હિલાકત ! હાય ! અફસોસ ! ચિલ્લા રહે હોંગે. સરકાર ﷺ ફર્માતે હૈં : "એક બંદા ઉનમેંસે વો હોગા જિસકે મુંહસે ખૂન ઔર પીપ (પરુ) નિકલતા હોગા." અલ્લાહકે રસૂલ ﷺ ઈર્શાદ હૈં કે વો જહન્નમી લોગ ઉસકો કહેંગે : "યે કૌન બંદા હૈ કે જો જહન્નમમેં આયા ઔર ઉસકી વજહસે હમેં ઔર તકલીફ હો ગઈ ?! તો ફિર ઉન્હેં બતાયા જાયેગા યહ વો બંદા હૈ જો અપની ઝબાનસે ખબીસ ઔર ગલત ઔર ગંદે જુમ્લે નિકાલતા થા, અપની ઝબાનસે ગાલિયાં દેતા થા, અપની ઝબાનસે બેહયાઈ ઔર ફહશ બાતેં કરતા થા, અબ યહ ફહશ બાતેં ઉસને દુન્યા મેં કી હૈં, બઝાહિર યહાં કુછ નઝર નહીં આતા, મગર જો નબી દેખ રહે હૈં ઉન્હોંને પેહલે હી બતા દિયા કે બાદમેં ઈસકી વજહસે હોનેવાલા ક્યા હૈ ? સરકાર ﷺને ફર્માયા કે ઐસા શખ્સ જો ગાલી બેહયાઈકી બાતેં અપની ઝબાનસે બોલ રહા હોગા વો જહન્નમમેં જાયેગા તો ખૂન ઔર પીપ (પરુ) જહન્નમમેં ગિરેગા, તો વો શખ્સ ઐસા બદબૂદાર હોગા કે જહન્નમી ભી ઉસસે કાંપ જાએંગે ! યહ બેહયાઈકા અંજામ હૈ.

ઔર યહ જહન્નમકી બાત હૈ. મગર જહન્નમમેં તો યે બાદમેં જાએગા, પહલે મેદાને કયામતમેં ઉઠેગા. મેરે આકા હુઝૂર સૈયદે આલમ ﷺને આગલી બાત ઈર્શાદ ફર્માઈ : ઐસા ફહશ ગાલિયાં બકનેવાલા બંદા જબ કયામતકે દિન ઉઠેગા તો ઉઠતે હી ઉસકે મુંહસે ખૂન ઔર પીપ જારી હો જાએગા ઔર સારે અવ્વલીન ઔર આખરીન ઉસે દેખેંગે કે યહ કૌનસા મન્હૂસ બંદા હૈ જિસકે મુંહસે ઈતની ગંદી ચીઝ ઔર ઈતની ગંદી બદબૂ જારી હૈ !

આજ પોઝિશન યહ હૈ કે અગર દાંતમેં કોઈ બદબૂ પેદા હો જાએ, દાંતમેં કોઈ સળા હો જાએ ઔર થોળી તકલીફ હો જાએ યા બ્રશ ન કિયા હો ઉસકી વજહસે થોળી તકલીફ પેદા હો જાએ ઔર કોઈ બતા દે કે તેરે મુંહસે તો બદબૂ આતી હૈ ! તો ક્યા ક્યા જતન કરેગા, ક્યા ક્યા ઈલાજ કરેગા ઉસ મુંહકી બદબૂકો ખતમ કરનેકે લિએ ! હઝારોં રૂપિયે અગર ખર્ચ કરને પળે તો ઉસકે લિયે તૈયાર હૈ કે મુંહકી બદબૂ મિટા દે, કે એક બંદા સૂંઘ રહા હૈ ઉસકો પસંદ નહીં હૈ કે મુંહસે બદબૂ આ રહી હૈ. લેકિન જહન્નમમેં જહન્નમી ખૂદ હી બદબૂદાર હોંગે મગર ગાલી બોલનેવાલે ગંદી બાતેં બોલનેવાલેકા મુંહ ઈતના બદબૂદાર હોગા કે જહન્નમી ભી જહન્નમમેં કાંપ જાએંગે ! થોળી બદબૂ જો એક આદમી સૂંઘ રહા હૈ ઉસ બદબૂકો નિકાલને કે લિએ ખર્ચા કિયા જા રહા હૈ, લેકિન ઈધર ખર્ચેકી કોઈ ઝરૂરત નહીં હૈ, બસ ગુનાહ સે બચ જાઓ, ઝબાનકો બેહયાઈસે બચાઓ ! તુમ્હારે મુંહસે યહાં ભી ખૂશ્બુ ઉઠેગી વહાં ભી ખૂશ્બુ ઉઠેગી ઔર ઉસકી વજહસે નજાત હી નજાત હૈ, ઉસકે લિયે બેહતરી હી બેહતરી હૈ. તો બેહયાઈકે કરીબ કભી ન જાએં. ઔર હયા અપનાએં કે "હયા ઈમાનસે હૈ."

## ★ ગંદી બોલી બોલનેવાલા કુત્તેકી શકલમેં ઉઠેગા ! ★

હઝરત સૈયદના ઈબ્રાહીમ બિન મયસરા رحمۃ اللہ علیہ ફર્માતે હે : "ફહશગો, ગાલિયાં બકનેવાલા, ઝબાનસે ગંદી નજીસ બાતેં બોલનેવાલા, કયામતકે દિન ઉસકો કુત્તેકી શકલમેં ઉઠાયા જાયેગા." ઔર ઈસ પર હઝરત મુફતી અહમદ યારખાં નઈમી علیہ الرحمۃ و الرضوان મિર્આતુલ મનાજીહમેં ઈસ હદીષકી શરહ કરતે હુએ ફર્માતે હેં : કયામતકે દિન જબ કબ્રોંસે ઉઠેંગે, ઉઠતે વક્ત તો ઈન્સાની શકલો સૂરતમેં હોંગે, મગર ઉઠાકર જબ મેહશરમેં લાયે જાએગેં તો વો જો ઝબાનસે બેહયાઈકી બાત બોલતા હોગા ઉસકી સૂરત મેહશરમેં હી બદલ દી જાએગી ! અબ યહ કિતની ખતરનાક ચીઝ હે ! ઔર ઈસસે બચનેકે લિએ કોઈ બહોત દૂર ચલકર જાના તો નહીં હે, ઈસસે બચનેકે લિયે અપને આપ તૌબા કરના હે ઔર ઝિંદગીકો ચેન્જ કરના હે. ઔર જો બેહયાઈસે યહાં બચેગા પરહેઝગાર લોગ ઐસે બંદેકી સોહબતમેં રહનેકા શૌક કરેંગે કે યહ બાહયા ઈન્સાન હે, હયાદાર ઈન્સાન હે. તો યહાં ભી હે ઔર વહાં ભી ઉસ્કા ફાઈદા હે. ઈસલિએ કે હયા ઈમાનસે હે. ઔર હયાકે મુકાબિલ બેહયાઈ જો હે ઉસકે બારેમેં સરકારે દો આલમ ﷺ ઈર્શાદ ફર્માતે હેં, બેહયાઈ યે જહન્નમમેં હે ઔર બેહયા ઈન્સાનકો બેહયાઈ ફહશગોઈ યહ જહન્નમમેં લે જાએગી, તો અપને અંદર હયા પેદા કરો.

## ★ હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہ ઔર હયા ★

અબ ઈસ ઝિમ્નકે અંદર સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہકી સિર્ફ દો બાતેં અર્ઝ કરના હે. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માતી હેં. સરકાર ﷺ ઘરમેં લેટે હુએ થે ઔર આપકી પિંડલી મુબારકસે કપળા હટા હુવા થા. હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ આયે તો સરકાર ﷺ ઐસે બૈઠે રહે, આનેકી ઈજાઝત દે દી, આ ગયે. ઔર ફિર થોળી દેર કે બાદ હઝરત ઉમર رضی اللہ عنہને ઈજાઝત માંગી, સરકાર ﷺને ઈજાઝત દે દી ઔર પિંડલી વૈસી હી રહી. થોળી દેરકે બાદ સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہ તશરીફ લાયે. અલ્લાહકે રસૂલ સૈયદે આલમ ﷺને હઝરતે ઉષ્માને ગની رضی اللہ عنہ કો ઈજાઝત દેનેસે પેહલે જો પિંડલી મુબારક દિખાઈ દે રહી ઉસ પર કપળા કર લિયા. જબ યહ તીનોં સહાબી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ચલે ગયે તો માં આઈશા رضی اللہ عنہاને અર્ઝ કિયા કે હુઝૂર ! હઝરત અબૂબક્ર સિદ્દીક આયે તો અપને પિંડલી ખુલી રખ્ખી, બાદમેંહઝરત ઉમર, આયે, તો આપને ઐસે હી રહને દિયા, ઔર હઝરત ઉષ્માન આયે તો આપે કપળા ઢાંપ દિયા ?! મેરે આકા علیہ الصلوٰۃ والسلام ઈર્શાદ ફર્માતે હેં : أَلَا أَسْتَحِي مِنْ رَجُلٍ تَسْتَحِي مِنْهُ الْمَلَائِكَةُ "મૈં ઉસ બંદેસે હયા કયૂં ન કરું જિસસે ફરિશ્તે ભી હયા કરતે હેં !"

## ★ ઉષ્માને ગની رضی اللہ عنہસે ફરિશ્તે યૂં હયા કરતે હૈં ★

ઈસ પર બળી તફસીલ હે. એક એક હદીષ પર બળી લંબી ગુફતગૂ અર્ઝ કી જા સકતી હે લેકિન વક્ત કા લેહાઝ કરતે હૂએ સિર્ફ દુસરી એક હદીષમેં આપકે સામને અર્ઝ કર દેતા હૂં. ઔર વો યહ હે : હઝરતે સૈયદના ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہ જિનસે ફરિશ્તે ભી હયા કરતે હેં. મિર્કાતકે અંદર ઉનકે બારેમેં દૂસરી હદીષ હય હે કે જબ સહાબા હિજરત કર કે મદીના તશરીફ લાયે ઔર સરકાર ﷺ મુવાખાત યઅની ભાઈચારગીકા રિશ્તા મુહાજિર ઔર અન્સાર સહાબાકે દરમિયાન બના રહે થે. ઉસ વક્ત હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہ પહલેસે સરકાર ﷺ કી બારગાહમેં થે ઔર હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہ કા સીનાએ મુબારક ખુલા હુવા થા. તો અલ્લાહકે રસૂલ

ﷺને દેખા કે ફરિશ્તે દૂર ખળે હુએ થે. સરકારે દો આલમ ﷺને ફરિશ્તોંસે ઈર્શાદ ફર્માયા, તુમ મેહફિલમેં ક્યૂં નહીં આ રહે હો ? ફરિશ્તોંને ફર્માયા, ઉષ્માનકા સીના ખુલા હુવા હૈ ઈસલિયે હમેં ઉષ્માનકે કરીબ આતે હૂએ હયા આતી હૈ ! (સુબ્હાનલ્લાહ !) અલ્લાહ કે રસૂલ ﷺને હુકમ દિયા હઝરત સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہ કા સીના જો ખુલા હુવા થા ઉસે બંદ કિયા ફિર મલાઈકા તશરીફ લાયે.

## ★ આજ હમારી હાલત ક્યા હૈ ?! ★

યહ વો સૈયદના ઉષ્માને ગની હૈ કે ખૂદ ફર્માતે હૈં કે મૈં ગુસ્લ કરનેકે લિયે જબ તન્હાઈમેં ભી હોતા હૂં તો મુઝે ઉસ વક્ત ભી મુઝે મેરે રબસે હયા આતી હૈ. ઈસ ઉમ્મતમેં ઐસે હયાદાર લોગ થે, તો જિસ ઉમ્મતમેં હયાદારોંકી ફેહરિશ્તમેં ઉષ્માન જૈસા બાહયા બંદા હો ઉનકે માનનેવાલે આજ બેહયાઈકી તરફ માઈલ હો જાએં ?! ઔર આજ વો બાતેં જો બેહયાઈસે જૂળી હૂઈ હૈં ઉસમેં કૌમ પળતી જા રહી હૈ ?! ગાને, બાજે, બેહયાઈ, ફિલ્મેં, ડ્રામે, TV સિરિયલેં, જિસ્મકી નુમાઈશ, ગૈર મર્દાંસે દોસ્તી, બોયફ્રેન્ડ, ગર્લફ્રેન્ડ રખને કી ફેશન, લીવ ઈન રિલેશનશીપ, ઉનસે નાજાઈઝ તાલ્લુકાત, ગંદે Video દેખના, ઔર ઈન સારી ચીઝોંમેં કૌમ પળ રહી હૈ. ઝબાનસે બેહયાઈકે જુમ્લે, ગાલિયાં બોલના ઔર યહ સબ બેહયાઈસે મુતલ્લકાત હૈ. હમ પર લાઝિમ હૈ કે હમ અપને અંદર હયા પેદા કરેં. ઔર હયા એક ઐસી ચીજ હૈ કે જબ બંદેકે અંદર પેદા હો જાતી હૈ તો ઉસકે બળે ફાયદે મુરત્તબ (હાંસલ) હોતે હૈ.

## ★ પહલેકી ઔરતોંકી હયા ઔર આજકી બેહયાઈ ! ★

મૈં હયા કે મુતઅલ્લિક એક બાત અર્ઝ કરું. ફતાવા શામી કે અંદર યહ બાત લિખ્ખી હૂઈ હૈ : એક બાલિગા કુંવારી લળકીકે બારેમેં હુકમ હૈ કે ઉસકો નિકાહકે લિયે મજબૂર ન કિયા જાએ ઉસસે ઈજાઝત લેં, વો ઈજાઝત દે તો આપ નિકાહ કરેં. લેકિન યહ બાકાઈદા ફિકહકા કાયદા લિખ્ખા હુવા હૈ કે જબ તુમ ઈજાઝત લેનેકે લિયે જાઓ. ઔર જબ બેટી બાલિગા હૈ ઔર ઈજાઝત લેના શરીઅતકી તરફસે ઝરૂરી કિયા હૈ. ઈજાઝત લેનેકે લિયે ગયા યા વલીને નિકાહ કર દિયા ફિર ઉસકી ઈજાઝત લેનેકે લિયે ગયા કે મૈંને તેરા નિકાહ કર દિયા, ઔર વો લળકી ખામોશ રહી તો ફુકહા ફર્માતે હૈં ઉસકા ખામોશ રહના ઈજાઝત હૈ. તો ઐસા ક્યૂં હૈ કે ઉસ્કા ખામોશ રહના ઈજાઝત માના જાએગા ? યહ કુંવારી લળકીકી ખામોશી ઈજાઝતમેં ઈસ લિયે માની જાતી હૈ કે ઉસ દૌરમેં લળકિયાં ઈતની બાહયા હોતી થીં કે ઈસ બાતકો અપને બાપકે સામને, ઘરવાલોંકે સામને હાં કહનેમેં ભી ઉનકો શર્મ આતી થી ! ઔર આજ હાલાત ક્યા હૈ ? આજ ઘરવાલે તો કયા, અજનબી મર્દોંસે લળકિયાં બાતેં કર રહી હૈં ઔર કહ રહી હૈં કે હમારા તો રિશ્તા ફલાંસે નહીં હોગા તો હમ યહ કરેગી ! હમારા ફલાંસે અફેર ચલતા હૈ ! યહ કિતના હયાસે દૂર મુઆશરા હો ચૂકા હૈ. હમ પર લાઝિમ હૈ કે હમ સબ મિલકર મુઆશરેકો ફિર હયાકે કરીબ કરેં. ઐસી બહોત સારી મિષાલેં હૈં.

એક મિષાલ ઔર આપકી સમઝકે લિયે અર્ઝ કર દૂં. ગલીમેં ખળા રહકર કોઈ કિસી લળકી કો ચૂમ રહા હૈ, ઉસ્કો પકળ રહા હૈ, ઉસકો જિસ્મસે લગા રહા હૈ. ઉન્હેં કોઈ બંદા દેખેગા તો ઉસકો ટોકેગા. લેકિન યહી મન્ઝર ટી.વી. કે સામને બેઠકર બેટીકો સાથમેં લેકર બાપ દેખ રહા હૈ ! ભાઈ દેખ રહા હૈ ! માં દેખ રહી હૈ ! યહ બેહયાઈકી આદત બનાઈ જા રહી હૈ બચ્ચે ઔર બચ્ચીયોંકે અંદર ફિર વો ગલીમેં કૈસે યહ ડ્રામા નકલ કરનેમેં અયબ મહસૂસ કરેંગેં ?! ઈસ લિયે હયાકા દર્સ હમારે ઘરોંમેં હોના ચાહિયે ઔર સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہ જો બાહયા થે ઈસ ઉમ્મતકે, ઉનકી તાલીમ પળ્હેં, ઉનકી સીરત પળ્હેં ઔર અપની ઝિંદગીયોંમેં નિખાર પેદા કરેં. અલ્લાહ કરીમ હમ સબકો અમલ કરનેકી તૌફીક અતા કરે.

ઉર્સ શરીફ : ૧૬ રબીઉલ આખર

# હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہનો :: મકામે વિલાયત ::

● રજૂકર્તા : હાફિઝ અબ્દુર્રહમાન નકશબંદી (મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર) ●

ભારતના ભૂતપૂર્વ બુઝુર્ગોમાં એક ઘણી ઉચ્ચ શાનવાળી અને મશહૂર રૂહાની શખ્સિયત હઝરત અલી શાહ બુખારી رحمۃ اللہ علیہની છે, જે 'હાજી અલી'ના હુલામણા નામથી આખા જગતમાં મશહૂર છે. અને શહેરોની દુલ્હન મુંબઈના આકર્ષણોમાં જે રીતે બીજી વસ્તુઓ સામેલ છે તેવી જ રીતે હાજી અલી દરગાહ પણ મહત્વનું આકર્ષણ અને વિશિષ્ટ શાન ધરાવે છે. હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہનું મૂળ વતન તો બુખારા છે. જે પહેલાં રશિયામાં હતું અને હવે ઉઝબેકિસ્તાનમાં છે. આપ સોહરવર્દી સિલસિલાથી સંબંધિત હતા. આપે આખા જગતની યાત્રા કરી અને પછી સ્વપ્નમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની બશારત બાદ છેવટે ભારતમાં પધાર્યા અને મુંબઈમાં રોકાણ કર્યું. હઝરત હાજી અલી શાહ رحمۃ اللہ علیہ પોતાના મોટા ભાઈની સાથે ભારત આવ્યા હતા. તેમના મોટા ભાઈ તેમને મુંબઈ છોડી વતન પરત ફરી ગયા અને હાજી અલી رحمۃ اللہ علیہ કાયમના માટે અહીં સ્થાપિત થઈ ગયા. ભાઈ જ્યારે પાછા જવા લાગ્યા તો હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہ એ પોતાના ભાઈની સાથે પોતાનાં માતાને એક પત્ર મોકલ્યો અને તેમાં પોતાની માતાને સબ્રનો બોધ આપ્યો. તેમના માટે તંદુરસ્તીની દુઆના શબ્દો લખ્યા. આગળ લખ્યું કે મારો ઈરાદો હવે અહીં જ રહેવાનો છે અને હવે હું અહીં જ ઈસ્લામની તબ્લીગ કરીશ, તમે મને માફ કરશો....વગેરે.

મુંબઈમાં રહેઠાણ કરી આપે ખુદાની મખ્લૂકને ખૂબ ખૂબ ફયઝ પહોંચાડયો. લોકોની રૂહાની સફાઈ કરી, જરૂરતમંદોની જરૂરત પૂરી ફર્માવતા રહ્યા અને પોતાના જીવનની છેલ્લી ઘડી સુધી આપ પોતના સમયમાં ખુદાની મખ્લૂક માટે સહારો રહ્યા. માગનાર ગમે તેવો હોતો પણ કદી ખાલી હાથે ન જતો. એક રિવાયત પ્રમાણે જીવનના છેલ્લા તબકામાં મક્કા શરીફના ઈરાદે નીકળ્યા. સફર સમુદ્રી હતો અને રસ્તામાં ઈન્તેકાલ ફર્માવી ગયા જેથી તેમની લાશ મુબારકને સમુદ્રનાં મોજાં સમુદ્ર કિનારે વરલી સ્થળે લઈ આવ્યાં અને પછી ત્યાં જ લોકોએ તેમને દફન કરી દીધા. અને આજે ૫૦૦ વર્ષથી તેમનું મઝાર મખ્લૂકનું રૂહાની મર્કઝ બનેલ છે. મુંબઈ પૂર્વ વરલી એરિયામાં સૂકા વિસ્તારથી ૫૦૦ ડગલાં દૂર સમુદ્રમાં નાનકડા ટાપુ પર આપનું મઝાર શરીફ છે. અને કિનારાથી દરગાહ સુધી એક પાકો રોડ બનેલો છે અને અહીં ઝિયારત કરનારાઓની ભીડ દિલો જાન કુર્બાન કરે છે. હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہનો મઝાર શરીફ સમુદ્રમાં છે એટલા માટે ખુદાની મખ્લૂકમાં આ દરગાહ આકર્ષણનું સ્થળ છે. અહીં ગૈર મુસ્લિમો પણ મોટી સંખ્યામાં આવે છે અને મસ્તક નમાવે છે. ઘણા લોકો કામના લોડ અને ગીચ માહોલથી જ્યારે અકળાય ઉઠે છે તો રિફ્રેશમેન્ટ માટે દરિયા વચ્ચે આવેલ હાજી અલી દરગાહ તરફ જાય છે અને બારગાહમાં હાજરી રૂહાની ફૈઝ પણ પામે છે અને તેમની દરિયાઈ સૈર પણ થઈ જાય છે.

એક અનુમાન પ્રમાણે અહીં દરરોજ આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૦ થી ૧૫ હજાર છે, જ્યારે કે જુમેરાત, જુમ્આ અને રવિવારે તથા રજાના દિવસોમાં આ સંખ્યા ૨૦ થી ૩૦ હજાર સુધી પહોંચી જાય છે. અને ઈદ, બક્રા ઈદ, શબે બરાત તથા અન્ય મુસ્લિમ તહેવારોના પ્રસંગે અહીં લાખો શ્રદ્ધાળુઓ ભેગા થાય છે.

હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہએ પોતાનું આખુ જીવન ઈસ્લામની તબ્લીગ માટે વકફ ફર્માવી દીધું તો અલ્લાહે બદલામાં તેમને હમેશાં માટે જીવત કરી દીધા. આજે ૫૦૦ વર્ષથી આવનારા તેમના શ્રદ્ધાળુઓમાં જરાય કમી નથી આવી અને કોમવાદના હાલના માહોલમાં પણ તકલીફમાં પડેલ ગૈર મુસ્લિમ પણ અહીં આવવા અને પોતાના દિલની મુરાદ મેળવવાને પોતાનું સદ્ભાગ્ય સમજે છે. હઝરત હાજી અલી શાહ رحمۃ اللہ علیہએ આખી જિંદગી લગ્ન ન કર્યા અને હમેશાં એકલવાયું જીવત વિતાવ્યું. તેમના જીવત વૃત્તાંતની વિગતો વિશે ઈતિહાસના પુસ્તકો ચૂપ છે. જે કાંઈ મળી શકે છે તે ઈન્ટરનેટ છે અથવા હાજી અલી દરગાહની વેબસાઈટ અને એ વેબસાઈટમાં પણ આંશિક અને અપૂર્ણ વિગતો છે, પણ એટલુ નક્કી છે કે આપ ૧૫મી સદી ઈસ્વીના બુઝુર્ગ છે.

હઝરત હાજી અલી પ્રત્યે અગણિત કરામતે મન્સૂબ છે, અલ્લાહના વલીઓ માટે એ કાંઈ અશક્ય નથી કે તેઓ પળવારમાં અલ્લાહના હુકમથી કાંઈ પણ કરી શકે છે. હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہની એનાથી મોટી કરામત શું હોઈ શકે છે કે પાંચસો વર્ષથી તે સમુદ્રમાં આરામ ફર્માવી રહ્યા છે પણ શું મજાલ કે સમુદ્રના વિફરેલાં મોજાં એમના મઝાર બલ્કે એમના વર્તુળને જરાય નુકસાન પહોંચાડી શકે ! ઈ.સ. ૧૯૯૪માં મુંબઈમાં એક જબરદસ્ત સમુદ્રી તોફાન આવ્યું અને શહેરની અંદરની ઘણી ઈમારતો અને રસ્તાઓને નુકસાન પહોંચ્યું પણ અલ્લાહની કુદરત કે સમુદ્રમાં રહેલા મઝાર અને તેના દાયરાને કાંઈ પણ નુકસાન ન પહોંચ્યું. ઈ.સ. ૨૦૦૨માં સુનામી આવી, સમુદ્ર કિનારે વસેલા હજારો શહેર વેરાન થઈ ગયાં, અસંખ્ય લોકો મૃત્યુ પામ્યા અને લાખોને અસર પડયો પણ હાજી અલી દરગાહ શરીફના દાયરાને કાંઈ પણ નથ થયું. આ કરામત નહીં તો શું છે ?!

તેમના અસલી વતન બુખારામાં એમનાથી જાહેર થયેલ એક કરામત ઘણી મશ્હૂર છે. પ્રસંગ આ પ્રમાણે છે કે હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہ પોતાના શહેરમાં એક સ્થળે ઈબાદતમાં મગ્ન હતા કે અચાનક એક સ્ત્રી રડતી કકડતી આવી. તે મદદના માટે પોકારતી હતી અને રડતી જતી હતી. હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہની જ્યારે તેણી પર નજર પડી તો આપે રડવાનું કારણ પૂછયું. તો તેણે ખાલી વાસણ આગળ કરી કહ્યું, આમાં તેલ હતુ પણ વાસણનું તેલ ઢળી ગયું છે. હું એટલા માટે રડી રહી છું કે જો હું ખાલી વાસણ લઈને ઘરે પાછી ગઈ તો મારો પતિ મારા પર જુલ્મ કરશે. હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہએ તેને સબરનો બોધ આપ્યો અને તેની સાથે તે જગ્યા સુધી ગયા જ્યાં તેલ ઢળી ગયું હતું. આપે વાસણ પોતાના હાથમાં લઈ લીધું અને પોતાના અંગુઠા વડે તે સ્થળે દબાવ્યું. અલ્લાહની કુદરત કે તેલ ફુવારા જેમ બહાર નીકળી આવ્યું અને સ્ત્રીનું વાસણ ભરાઈ ગયું જેથી તે સ્ત્રી ખુશી ખુશી પોતાના ઘરે ગઈ. તે સ્ત્રી તો ઘરે પરત ફરી ગઈ પરંતુ હવે હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہની પરીક્ષા શરૂ થઈ ગઈ. તેમને સ્વપ્નમાં દેખાડવામાં આવ્યું કે તે જમીન હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہના આ કાર્ય પર ફરિયાદ કરી રહી છે. હઝરત હાજી અલી આ સ્વપ્નથી ઘણા બેચેન થયા. આ સ્વપ્ન

બાદ તેમણે પોતાનાં વાલિદાની પરવાનગીથી ભારત તરફ કૂચ કરી અને અત્યારે જ્યાં આપનું મઝાર છે, તેનાથી થોડેક દૂર રહેઠાણ કર્યું.

આનાથી એક વાત તો સમજાઈ ગઈ કે હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہનું મઝાર શરીફ સમુદ્રમાં કેમ છે, જમીનમાં કેમ નથી. તેલ નીકળવાથી ફરિયાદ કરનારી જમીન એ ભ્રમમાં હશે કે જ્યારે આ વ્યક્તિ મારી અંદર આવશે તો હું તેને તે જ રીતે દબાવીશ જે રીતે તેણે મને દબાવી હતી ! પણ અલ્લાહવાળાઓની શાન જ અજબ હોય છે, તે એવી જગ્યાએ દફન થયા જ્યાં જમીનનું નામો નિશાન પણ નથી, તેમની ચારેબાજુ સેંકડો, કરોડો માઈલ સુધી અને નીચે ઊંડાણમાં માઈલો સુધી પાણી જ પાણી છે. યાદ રાખશો કે હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہની લાશ મુબારક એક તાબૂતમાં છે અને તે જ તાબૂતને કબ્રમાં રાખવામાં આવ્યું છે. એ વિચારનું સમર્થન તે રિવાયતથી પણ થાય છે કે ઈન્તેકાલથી અમુક દિવસ પહેલાં આપે પોતાના અકીદતમંદોને કહ્યું હતું કે મારા ઈન્તેકાલ બાદ મને કોઈ ખાસ સ્થળે કે કોઈ કબ્રસ્તાનમાં દફન ન કરતા બલ્કે મને કફન આપી તાબૂતમાં મૂકી સમુદ્રના હવાલે કરી દેજો. એટલા માટે એવું જ કરવામાં આવ્યું. તેમના ઈન્તેકાલ બાદ કફન પહેરાવી તાબૂતમાં મૂકવામાં આવ્યા અને સમુદ્રના મોજાંઓના હવાલે કરી દેવામાં આવ્યા પણ સમુદ્રના મોજાં ફેરવી ફેરવીને તેમની લાશ મુબારકને ત્યાં જ લઈ આવ્યા જ્યાં આજે તે દફન છે. લોકોએ ત્યાં જ હઝરતનું મઝાર બનાવી દીધું.

કબ્ર મુબારક પર જે ગુંબદ નજર આવે છે તે દફનાવાના ઘણા વર્ષો બાદ બનાવવામાં આવ્યો. દરગાહ શરીફના વર્તુળમાં આજે જે ઈમારત દેખાય છે તે ઈ.સ. ૧૯૬૦ અને ૧૯૬૪ વચ્ચે બનાવવામાં આવી હતી. અને રોડથી દરગાહ સુધીનો પાકો રોડ ઈ.સ. ૧૯૪૪ અને ઈ.સ. ૧૯૫૨માં બન્યો છે. કહેવાય છે કે અસલ દરગાહ એટલે મઝાર મુબારક ઈ.સ. ૧૪૩૧માં બનાવવામાં આવી હતી. આ પરથી અંદાજો થાય છે કે એની આસપાસ જ હઝરત હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہનો વિસાલ થયો હશે. હઝરત હાજી અલી દરગાહની હાલની નવી ઈમારત ઈ.સ. ૨૦૦૮માં બની છે અને હમણા પણ અહીં બાંધકામ ચાલુ છે અને ઝિયારત કરનારાઓ માટે વધુ સગવડ થઈ રહી છે. આપનો ઉર્સ મુબારક ૧૬ રબીઉલ આખરના થાય છે અને ઉર્સે પાકની નિસ્બતથી દર મહિનાની ૧૬ તારીખનો દિવસ ગુજારી ૧૭મીની રાત્રીએ મીલાદ શરીફની વ્યવસ્થા કરવામાં આવે છે.

સમુદ્રમાં હોવાના લીધે આ દરગાહ આખી દુનિયાના મુસલમાનોની સાથોસાથ ગેર મુસ્લિમો માટે પણ રૂહાની કેન્દ્ર છે. ૨૦૧૨માં દરગાહ ટ્રસ્ટે સ્ત્રીઓને મઝારની અંદર જવાની રોક લગાડી દીધી હતી. અને તેમના માટે મઝાર શરીફના પશ્ચિમી ભાગે બેસવા અને દુઆ માગવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ખરેખર સ્ત્રીઓ માટે ભીડભાડમાં સપડાવાથી બચીને ઈજ્જતભેર દુઆ કરી લેવાની વ્યવસ્થા હતી અને સર્વ બહેનોએ અત્યાર સુધી એને માન્ય કરી લીધેલું હતું. પરંતુ કેટલીક નામ માત્રની મુસ્લિમ નામધારી સ્ત્રીઓ અમુક કોમવાદી મુસ્લિમ વિરોધી સંસ્થાનો હાથો બનીને કોર્ટે ચઢી અને છેવટે કોર્ટે પણ સ્વચ્છંદી સ્ત્રીઓના પર્દા પાછળની કોમવાદી સંસ્થાના ફેવરમાં ચુકાદો આપ્યો જે ખરેખર ઈસ્લામી અદબની વિમુખ છે, પણ જેણે જે કર્યું રબ તેમનાથી હિસાબ લે.

*(ઉર્દૂ મંથલી કન્ઝુલ ઈમાન–દિલ્હી, એકોટો. ૨૦૧૬ના આધારે)*



# વેલેન્ટાઈન ડે

## ઈસાઈઓનો અને ગેલમાં આવે મુસલમાન ?!

✦ કાર્યાલય

**'વેલેન્ટાઈન ડે'**ના મોક઼ા પર કેટલાક મુસલમાન યુવાન યુવતીઓ પણ ગેલમાં આવીને તેમની નક઼લ કરે છે. તેમણે સમજવું જોઈએ કે ઈસ્લામ દીને ફ઼િતરત (પ્રાકૃતિક ધર્મ) છે. મહોબ્બત (પ્રેમ) એ માનવપ્રકૃતિનો તક઼ાઝો છે. એટલા માટે ઈસ્લામે મહોબ્બત કરવાથી રોક્યા નથી, બલ્કે અલ્લાહ તઆલાની રઝાના માટે મહોબ્બત કરનારાઓને ક઼યામતના દિવસે અલ્લાહે અર્શના સાયામાં જગા આપવાનો વાયદો કર્યો છે, અલ્બત્ત તેણે મહોબ્બતની હદો તથા પાબંદીઓ દર્શાવી છે. મહોબ્બત અલ્લાહ તથા તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَથી હોય, અને એના આદેશો મુજબ માબાપ સાથે, ભાઈઓ સાથે, બહેનો સાથે પત્ની તથા પતિ સાથે, ઔલાદ સાથે અને નેક લોકો સાથે હોય. પત્ની સાથે પણ નિકાહ પછી જ પ્રેમ દર્શાવવાનો હોય છે. કોઈ સ્ત્રી સાથે નિકાહ પહેલાંનો પ્રેમ નફ઼્સ તરફથી હોય છે જે બર્બાદી લાવે છે અને નિકાહ પછીનો પ્રેમ અલ્લાહ તરફથી હોય છે જે ભલાઈ તથા પાકીઝગી લાવે છે. આવી ઈસ્લામી તા'લીમાત હોવા છતાં ગૈરોની નક઼લ કરવી મુસલમાનને શોભા નથી આપતુ.

### વેલેન્ટાઈન ડેની ગંદી રસમ !

પશ્ચિમી સંસ્કૃતિમાં ૧૪–ફેબ્રુઆરીએ એક સખત ગંદી તથા બેહયાઈવાળી રસમ મનાવવામાં આવે છે અને હવે એ બેહયા રસમના ગંદા કીટાણુઓ આપણા સમાજમાં પણ પ્રવેશ કરી ચૂક્યાં છે અને એ રસમ આપણા સમાજનો હિસ્સો બની ચૂકી છે, જેમાં મુસ્લિમ ઉમ્મતના પુત્રો તથા પુત્રીઓ શોખપૂર્વક જોશભેર હિસ્સો લે છે. જો કે આ સર્વ કાફિરોનું અનુકરણ છે. મુસલમાન એ ભૂલી જાય છે કે તેના પ્યારા રસૂલ ﷺએ ચેતવણી આપેલી છે કે, ''જે જે ક઼ૌમની મુશાબેહત (તેમના જેવું તેમને મળતુ કામ) કરશે તેનો હશ્ર ક઼યામતમાં તેની સાથે થશે.'' અને યક઼ીનન ! કાફિરોનો અંજામ જહન્નમ છે, તો એને પણ સાથે લઈ જશે !

'વેલન્ટાઈન ડે'ની હક઼ીક઼ત એ છે કે એ દિવસનો સંબંધ પૂરાણા મૂર્તિપૂજકો (રોમીઓ)ના એક દેવતાની સાથે છે, આ તેમનો મુશ્રિકાના તહેવાર છે. આ તહેવાર દર વરસે ફેબ્રુઆરીના મધ્યમાં મનાવવામાં આવતો હતો. આ તહેવારમાં કુંવારી છોકરીઓ પ્રેમપત્રો લખીને એક ઘણા જ મોટા ગુલદાન રાખી દેતી હતી. ત્યારબાદ નવયુવાન છોકરાઓ તેમાંથી પસંદગી કરતા હતા. ત્યાર પછી તે નવયુવાન છોકરા છોકરીઓ શાદીથી પહેલા એકરૂપતા પેદા કરવા માટે મુલાકાતો કરતા અને એકબીજાને ફૂલ તથા અન્ય તોહફા આપતા. ઈસાઈઓના ધર્મગુરૂઓએ આ મશહૂર મુશ્રિકાના રસમને ખત્મ કરવાને બદલે તેને ઈસાઈ રંગ આપવાના માટે એક પાદરી ''સેન્ટ વેલેન્ટાઈન''ના તહેવારમાં બદલી નાખી. અફસોસ ! આજે આપણા સમાજમાં આ બુરી રસમને એટલા પ્રમાણમાં ઉત્તેજન આપવામાં આવ્યું કે ભણેલા ગણેલા લોકોની ઔલાદો પણ એનો શિકાર બની બેઠી, અને હયા તથા પાકદામની જે ગુનાહોથી બચવાનું એક બેહતરીન અસરકારક હથિયાર હતું તેનો જનાઝો નીકળવા લાગ્યો. કાશ ! કે એ નવયુવાન પોતાની માતાથી મહોબ્બત કરતો જે તેના માટે જન્નતનો સબબ બનતી, કાશ ! તે સગી બહેનથી મહોબ્બત કરતો જેની કફાલત પર અલ્લાહના નબી ﷺએ તેને જન્નતની બશારત આપી. પોતાની પત્નીથી મહોબ્બત કરતો તો અગણિત સવાબોનો હક્કદાર બનતો.

શું એક બાહયા, ઈજ્જતદાર યુવાન કે યુવતીને આ રીતની વાત શોભા આપે છે કે ગૈર મેહરમથી (પરાયા મર્દ કે સ્ત્રીથી) સંબંધ સ્થાપીને અલ્લાહ વ રસૂલને નારાજ કરે અને શૈતાનને ખુશ કરે ? એ ક્યાંનો ઈન્સાફ છે ? હોવું એવું જોઈએ કે નબી અકરમ علیہ الصلوٰۃ والسلامની સંસ્કૃતિ તથા સંસ્કારને એટલા પ્રમાણમાં ગાલિબ કરતા કે ગૈર ક઼ૌમો આપણી સંસ્કૃતિ અપનાવવા મજબૂર થઈ જતી. **શું કોઈ યહૂદી કે ઈસાઈ કે મુશ્રિક ઈસ્લામી સંસ્કૃતિ કે આદેશોનું અનુસરણ કરે છે ? તો તમને શું થઈ ગયું ? શું નબી ﷺની આપેલી સંસ્કૃતિ તથા સંસ્કારમાં કોઈ કમી હતી કે એને આપણે સમાજમાંથી હટાવી દીધી અને નબી પાક علیہ الصلوٰۃ والسلامના દુશ્મનોની સંસ્કૃતિને સીને લગાડી લીધી ?! શું આવું કરીને આપણે મુસલમાન નબી ﷺને તકલીફ નથી પહોંચાડી રહ્યા ?** શું આ જ ઈમાનનો તક઼ાઝો છે ?

## નજરો તથા શર્મગાહની હિફાઝતનો કુર્આની આદેશ

હે મુસલમાન યુવાનો ! શું તમારું કુર્આન પર ઈમાન છે ?! જો ઈમાન છે તો તમારા રબના ફર્માનો સાંભળો ! :–

★ "ઈમાનવાળા પુરૂષોને કહી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહની હિફાઝત કરે, અને ઈમાનવાળી સ્ત્રીઓને કહી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહોની રક્ષા કરે." *(સૂરએ નૂર, આ. ૩૦)*

★ "સ્ત્રીઓ વિના સખત જરૂરત ઘરથી બહાર ન નીકળે, જો નીકળે તો પણ જાહિલિયતની જિંદગીની જેમ બની ઠનીને ન નીકળે."

*(સૂરએ અહઝાબ, આ. ૩૩, પારા : ૨૨ ભાવાર્થ)*

હે મુસલમાન યુવાનો યુવતીઓ ! ભાઈઓ બહેનો ! આ છે તમારા ખાલિક માલિક પાલનહારે હક઼ીક઼ીનો હુકમ ! એને છોડીને તમે જહન્નમી ક઼ૌમોના માર્ગે કેવી રીતે જઈ શકો ?! **રબ્બે ઝુલ જલાલ તો નજરો નીચી રાખવાનો હુકમ કરે છે અને તમો તો ગૈર મર્દ તથા ગૈર સ્ત્રી સાથે મોજ મજા કરવા નીકળો છો !** તો તમારી બંને દુનિયા જહન્નમ નહીં બને તું શું બનશે ?!

## બદ્‌નઝરીનાં ભયાનક નુકસાનો

**બદ્‌નઝરીથી** : દિમાગ કમજોર થાય છે. નેક અમલોની તૌફીક઼ છીનવી લેવામાં આવે છે. અલ્લાહની લઅનત જોનાર તથા જોવાનો મોક઼ો આપનાર બંને પર પડે છે. બદ્‌નઝરીને કુર્આનમાં ખયાનત દર્શાવેલ છે. બદ્‌નઝરીથી ચહેરાનું નૂર ખત્મ થઈ જાય છે. હદીષમાં છે, તમો પોતાની નજરો નીચી રાખો નહીં તો અલ્લાહ તમારી શક઼લોને બદલી નાખશે. (અત્તરગીબ વત્તરહીબ)

સારાંશ કે નજર રોકાયેલી રહેશે તો કોઈ ગૈરનો સંપર્ક થશે નહીં, પછી આગળ કોઈ ગુનાહનો સવાલ જ નથી. જ્યારે કે "વેલેન્ટાઈન ડે" મનાવનારી ક઼ૌમોની યુવતી યુવાનોને મળે છે અને હદ તો ત્યાં સુધી પહોંચે છે કે પોતાના કૌમાર્યનો ભંગ કરીને વ્યભિચારમાં છેવટે પડે છે. પણ હે મુસલમાન ભાઈઓ ! બહેનો ! તમે એમના માર્ગે ચાલીને ખુદા વ રસૂલને નારાજ ન કરશો, નહીં તો અંજામેકાર એઓની સાથે જહન્નમમાં તમારેય જવું પડશે.

લેખને વધુ ન લંબાવતા એક હદીષે પાક રજૂ કરી દઈએ છીએ જે દરેક ઈમાનવાળાના દિલને જરૂર અસર કરશે, ઈન્શાઅલ્લાહ ! નબી કરીમ ﷺએ ફર્માવ્યું : **આંખોનો ઝિના** : (ગૈર મેહરમ–પરાઈ સ્ત્રી–પુરૂષ)ને જોવું છે. **કાનોનો ઝિના** : ગૈર મેહરમની વાત સાંભળવું છે. **જીભનો ઝિના** : વાત કરવું છે. **હાથનો ઝિના** : ગૈર મેહરમને સ્પર્શવું છે. **પગોનો ઝિના** : ગૈર મેહરમ તરફ ચાલવું છે. દિલ

બુરાઈની આરઝૂ તથા તમન્ના કરે છે. શર્મગાહ એને સમર્થન કરે છે કે જૂઠલાવે છે. *(મિશ્કાત શરીફ)* અને ઝિનાના અંજામે કયામતમાં બેઈજ્જતી અને જહન્નમમાં સખત અઝાબ ભોગવવો પડશે.

હદીષે પાકમાં છે : કોઈના માથામાં સોય ખોસી દેવામાં આવે, એ એના કરતાં બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી. *(તિબ્રાની વ બયહકી)*

કોઈ ગૈર ઔરતના ખભા સાથે ખભો અડાડવો એ એના કરતાં પણ બુરુ છે કે તમે કોઈ સુવ્વર સાથે શરીર અડાડો. *(તિબ્રાની વ તરગીબ)*

હુઝૂરે અકરમ ﷺએ ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاને ફર્માવ્યું કે, સ્ત્રીના હક્કમાં સૌથી શ્રેષ્ઠ શું છે ? તો ખાતૂને જન્નતે અર્ઝ કર્યું કે, નામેહરમ (ગૈર) પુરૂષ તેણીને ન જુએ. આપે એમને ગળાથી લગાડી લીધાં." *(ફતાવા રઝવિય્યહ્)*

તો જે યુવાનો તથા યુવતીઓ ઈમાનવાળાં છે તેઓ આ ફર્માનોને વાંચીને ચેતી જાય.

## મુસલમાનો કેવા પાકીઝા કિરદારવાળા હતા ?

હે મુસલમાનો ! એવા ઈમાનવાળા બનો જેવા કે સહાબીઓ હતા. એમના જેવા કિરદાર અપનાવવા કોશિશ કરો. યહૂદ તથા નસારા (ઈસાઈ)નો કિરદાર અપનાવી જહન્નમના હક્કદાર ન બનો પણ સહાબીઓનો કિરદાર અપનાવી જન્નતના પાત્ર બનો. આવો ! એક પ્રસંગ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના દૌરનો તમારી ઈબ્રત માટે પેશ કરીએ છીએ તેને વાંચો અને સબક હાંસલ કરો.

તમો ઈસ્લામના ઈતિહાસનો અભ્યાસ કરો તો જણાશે કે જ્યારે બૈતુલ મુકદ્દસની ચાવી અમીરુલ મો'મિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના હાથોમાં સુપરત કરવાનો ઈસાઈઓનો સમય આવ્યો ત્યારે એ ઈસ્લામના દુશ્મનોએ જોયું કે મુસલમાન હમણા બૈતુલ મુકદ્દસ પર કબજો જમાવી લેશે, તો તેમણે પોતાની પુત્રીઓને કહી દીધું કે તમે પોત પોતાની બારીઓ દરવાજાઓ પર શણગાર સજીને મોઢાં કાઢીને રાખશો જેથી મુસલમાન મુજાહિદો જ્યારે શહેરમાં દાખલ થાય તો તમારી સુંદરતા જોઈને ભાન ભૂલી જાય અને તમારી સુંદરતામાં ખોવાય જાય અને બયતુલ મુકદ્દસનો ખયાલ ભૂલી જાય ! અને તમારા ઈશ્કમાં ગિરફતાર થઈ જાય. જ્યારે સરસેનાપતિને આ વાતની ખબર પહોંચી તો તેમણે ફક્ત એટલું જ એલાન કરી આપ્યું કે, "જ્યારે તમે શહેરમાં દાખલ થશો તો તમારી નજરો નીચે હશે." ખુદાની કસમ ! જ્યારે ઈસ્લામના મુજાહિદો એ શહેરમાં ફાતેહની હૈસિયતથી દાખલ થયા તો સૌની નજરો નીચી હતી. તે સ્ત્રીઓને પોતાના હુસ્ન પર ઘણો જ ગુરૂર હતો પરંતુ એ મોકા પર ઈસ્લામી મુજાહિદોની નીચી નજરો જોઈને તેમણે સ્વીકારી લીધું કે ઈસ્લામ જ સાચો મઝહબ છે. જે કેવળ મદીનાવાળાના જ બનાવીને રાખે છે. મુસલમાન મદીનાવાળા આકા ﷺનો આવો ગુલામ હોય છે ! આજે તો કોઈ શહેર પર કોઈ અન્ય સત્તાધારી કબજો જમાવે છે તો શહેરમાં લૂટફાટ મચાવે છે, સ્ત્રીઓ પર બળાત્કારો કરે છે, અને જુલ્મો સિતમની હદ વટાવે છે. જ્યારે ઈસ્લામી મુજાહિદોની આ શાન હતી.

હવે તમો પોતાની જાતે એના પર વિચારો કે તમો ઈસાઈઓનો **"31st નાઈટ"**નો પ્રસંગ હોય કે, **"વેલેન્ટાઈન ડે"**ના નામે વ્યભિચારને દા'વત આપતા તહેવારો હોય, તમો ઈસ્લામની જન્નતી જમાઅત એટલે સહાબા તથા તાબઈનની વિરુદ્ધ જઈને જહન્નમીઓની હરોળમાં શા માટે ભરાઈ રહ્યા છો ?! રબ તઆલા સૌને ઈસ્લામ પર સાચા દિલથી ચાલવાની તૌફીક આપે. (આમીન)

## ★ શાદી મુબારક ★

**ભરૂચ** : ભોલાવ ખાતે જનાબ હાજી ગુલામયાસીન જીબાવા રોઠડ (હાલ : કેનેડા–ટોરોન્ટો)ના નેક ફરઝંદ સાબિરના નિકાહ જનાબ બી.પી. રાણા–ભરૂચની નેક દુખ્તર શાહીન સાથે હોટલ ક્લાસિક રિજન્સી ખાતે તા. ૨૨–૧૨–૨૦૧૬ જુમેરાતે મગરિબ બાદ રાખવામાં આવ્યા.

**ભરૂચ** : મદની પાર્ક ખાતે જનાબ ગુલામ અહમદ અલી પટેલના નેક ફરઝંદો તાહિર તથા તૌસીફની નિકાહખ્વાની હલદરવા નિવાસી ગુલામ દાઉદ પટેલની નેક દુખ્તરો મુનીરા તથા શબાના સાથે ૨૪– રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તારીખ ૨૪–૧૨–૨૦૧૬ શનિવારે હલદરવા રાખવામાં આવી. વલીમો ભરૂચ ખાતે ૨૫–૧૨–૨૦૧૬ના રોજ રાખવામાં આવ્યો.

**ભરૂચ** : અલમિના પાર્ક સોસાયટી (વેલ્ફેર હોસ્પિટલ સામે) ખાતે રહેતા જનાબ ડો. મકસૂદ અલી આઝાદ દયાદરવીના નેક ફરઝંદ મુહમ્મદ અઝહરૂદ્દીનના નિકાહ ૧૨ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તા. ૧૧–૧–૨૦૧૭ બુધવારે મેમણ ચોક–સૂરત ખાતે ડો. નઈમા સાથે રાખવામાં આવ્યા. વલીમો ભરૂચ ખાતે બીજા દિવસે રાખવામાં આવ્યો.

**ભરૂચ** : મુમતાઝ પાર્ક ખાતે ઈકબાલ અહમદ સેલત (કેશવાણ)ના નેક ફરઝંદ મુહમ્મદ મોબીનના નિકાહ તા. ૧૫–૧–૨૦૧૭ રવિવારે મિલ્લત નગર નિવાસી મર્હૂમ ઐયૂબભાઈ મુહમ્મદ પટેલની નેક દુખ્તર આસિફા સાથે રાખવામાં આવ્યા.

**ઝંઘાર** : મુક઼ામે નૂર મુહમ્મદ દાઉદ ગુર્જરના નેક ફરઝંદ ફરીદના નિકાહ જનાબ રહ્‌મતુલ્લાહ ઈસ્માઈલ ઘોરીવાલાની નેક દુખ્તર આજમીના બાનુ સાથે ૧૬ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તારીખ ૧૫–૧–૨૦૧૭ રવિવારે રાખવામાં આવ્યા.

**થામ** : ખાતે યાકૂબ સુલેમાન ઈસાની નેક દુખ્તર સીરીનબાનુના નિકાહ તા. ૧૪–૧–૨૦૧૭ શનિવારે મુંબઈ જોગેશ્વરી નિવાસી અલીભાઈ પટેલના નેક ફરઝંદ ઝયનુલ આબિદીન સાથે થયા.

**નબીપુર** : ખાતે ઈનાયત આદમ ઘાસવાલાના નેક ફરઝંદ મુહમ્મદસુફિયાનની શાદી નબીપુર નિવાસી શબ્બીરહુસૈન વલી સુગટની નેક દુખ્તર નાઝનીન સાથે તા. ૧૫–૧–૨૦૧૭ રવિવારના રોજ રાખવામાં આવી.

ઉપરોક્ત તમામ દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારક બાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં બંને જહાનની નેઅમતોથી નવાઝે આમીન. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઠેર ઠેર નઅતો મન્ક઼બતની નૂરાની મેહફિલો

મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, બુલબુલે બાગે મદીના, ક઼ારીએ ખુશ ઈલ્હાન હઝરત ક઼ારી રિયાઝુદ્દીન અશરફી સાહબ થકી "જશ્ને ગૌષે આ'ઝમ" તા. ૬–૧–૨૦૧૭ જુમ્આના રોજ મૂલેર, તા. ૭–૧–૨૦૧૭ શનિવારે હાજી પીર કિમાર્ણી મહોલ્લા–ભરૂચ, તા. ૮–૧–૨૦૧૭ રવિવારે ચાંચવેલ અને ૯–૧–૨૦૧૭ સોમવારે ઈશા બાદ દયાદરા ખાતે, તા. ૧૩–૧–૨૦૧૭, સૂરત–ઉધના, ૧૪–૧–૨૦૧૭ અંકલેશ્વર, તા. ૧૫–૧–૨૦૧૭ જોલવા તથા ૧૮–૧–૨૦૧૭ના રોજ કોઠી (વાંતરસા) ખાતે શાનદાર નૂરાની મેહફિલો નઅતો મન્ક઼બતની યોજાયી જેમાં મોટી સંખ્યામાં આશિક઼ાને મુસ્તફાએ હાજરી આપી ફયઝ હાંસલ કર્યો.

## :: ભરૂચમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા ::

**ભરૂચ** : લુકમાન પાર્ક ખાતે તા. ૧૧–૧–૨૦૧૭ બુધવારે ઈશાની નમાઝ બાદ ઈસ્માઈલ યાકૂબ મૂલેરવાળાના નેક ફરઝંદ સોહેલના જનાબ સુલેમાન વલી નમાઝી (દયાદરા)ની નેક દુખ્તર નસ્રીન સાથે નિકાહના નૂરાની અવસરે આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર ઈજતેમા યોજાયો જેમાં હઝરત સૈયદ સુબ્હાનીમિયાં બાપુ રાજપીપળાવાળાની સદારતમાં ઔલાદે ગૌષે આ'ઝમ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ શાદીને અનુરૂપ, પતિ પત્નીની જિમ્મેદારીઓ, વર્તમાન સ્ત્રીઓની ઈસ્લામ બેઝારી વિશે ચર્ચા કરીને તથા દાઢીને નાપસંદ કરતી મોડર્ન યુવતીઓને ઈસ્લામી આદેશો સંભળાવી ચેતવણી આપી દીનની સુન્નતોની કદર કરવા સમજાવી, તેમજ સાથોસાથ કુફ્ર તથા ઈમાન શું છે ? વગેરે પાયાની બાબતો સમજાવી, સાથોસાથ ગૌષ આ'ઝમ رضی اللہ عنہની મહાન શાન જાહેર કરતું ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. હાજરીન સાદાતે કિરામ તથા ઉલમાની મૌજૂદગીમાં હઝરત સૈયદ સુબ્હાનીમિયાંએ ખુત્બો પઢયો હતો અને હઝરત સૈયદ અમીન અલી કાદરી સાહબે નિકાહ પઢાવ્યા અને હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ સાહબે દુઆ કરી હતી.

## :: જંબુસરમાં જશ્ને ગૌષુલવરા رضی اللہ عنہ ::

**જંબુસર** : રવિવાર તા. ૧૫–૧–૨૦૧૭ (૧૭ રબીઉલ આખર, હિ.સ. ૧૪૩૮)ની રાત્રે ઈશા બાદ હઝરત સૈયદ શૌકત અલી બાવા (ખલીફા નૂરાનીબાવા પેટલાદવાળા)ની સદારતમાં તેમજ હઝરત સૈયદ હશ્મતઅલી બાવા (જંબુસર)ની કયાદતમાં "અઝીમુશ્શાન જશ્ને ગૌષુલવરા" رضی اللہ عنہનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિઝામત હાફિઝ કારી આસિફ અશરફીએ સંભાળી. જનાબ સુલ્તાન રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ તેમજ હાફિઝ મુહમ્મદ ઈસ્માઈલ સાહબે નઅતો મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા હતા. છેવટમાં ખલીફએ શૈખુલ ઈસ્લામ, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાને ગૌષે આ'ઝમ પર ઈમાન અફરોઝ બયાન કર્યું અને લોકોના દિલોમાં ઈમાની તાજગી ભરી દીધી હતી. અન્ય સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા, હુફ્ફાઝે તેમજ મોટી સંખ્યામાં અવામે અહલે સુન્નતને હાજરી આપી હતી. મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે મર્કઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ (મુંબઈ) ખાતે પણ શનિવારના હફતાવારી ઈજતેમામાં તા. ૧૫–૧–૨૦૧૭ના રોજ શાને ગૌષે પાક رضی اللہ عنہ પર શાનદાર બયાન કરીને દાદ મેળવી હતી. સુબ્હાનલ્લાહ !

**ઈન્તેકાલ પુરમલાલ ! :** **અમદાવાદ** : ખાતે "બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક જનાબ નૂર મુહમ્મદ કરીમભાઈ કેરૂવાલાનો તા. ૬–૧–૨૦૧૭, ચાંદ ૭ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૮ બુધવારના રોજ ઈન્તેકાલ થયો છે. મર્હૂમ ઈલ્મે દીનના શોખિન દીનદાર હતા. **જુનાગઢ** : ખાતે તા. ૨૧–૧૦–૨૦૧૬ના રોજ અબ્દુર્રઝ્ઝાક કે. સમાનો ૫૯ વરસની વયે ઈન્તેકાલ થયો છે. મર્હૂમ દીની એક્ટિવિટીમાં સામેલ હતા. "બરકાતે ખ્વાજા" (મંથલી)ના ચાહક, દીનદાર હતા. **દયાદરા** : ખાતે જનાબ આદમ ઉમરજી રૂડીનો તા. ૨૯–૧૨–૨૦૧૬ જુમેરાતે ઈન્તેકાલ થઈ ગયો છે. તથા જુબેદા યાકૂબ અલી બક્ષનો ઈન્તેકાલ તા. ૧૪–૧–૨૦૧૭ શનિવારના રોજ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلمના સદકામાં સર્વ મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાનાં
## ગુજરાતીમાં નવાં પ્રકાશનો મંગાવો !

**નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી** *(ભાગ : ૭, પેજીસ : ૬૪૦, ગુજરાતીમાં)* **હદિયો : રૂા. ૨૬૦**

**લેખક** : ફકીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદશરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ

*(પૂર્વ સદર મુફતી જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)*

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

જેમાં ફઝાઈલ વિશે, જાહિલિયતના દિવસો વિશે, નબી ﷺની બઅષત વિશે, અબૂ તાલિબ વિશે, મેઅરાજ વિશે, હિજરત વિશે, જંગો વિશે, તફસીર વિશે પ્રકરણોમાં હદીષ તથા તેની સમજૂતીમાં ઈલ્મના સમંદરો ભરેલા છે. (ભાગ : ૮નું પ્રુફ થઈ ગયું છે, ભાગ : ૯ પણ કમ્પોઝ થઈ ગયેલ છે. આમ પૂરો સેટ નવ ભાગમાં ટૂંક સમયમાં આપના હાથોમાં હશે. ઈન્શાઅલ્લાહ !

**ગલતફહમી તથા તેની સુધારણા** *(પેજીસ : ૧૭૨)* **હદિયો : રૂા. ૬૦/–**

**લેખક** : મૌલાના તત્હીર અહમદ રઝવી **અનુવાદક** : મુહમ્મદબશીર યૂસુફ ગોડીલ (પોરબંદર)

**ઝલઝલા** *(સુધારા વધારા સહિત, પેજીસ : ૧૯૬)* **લેખક** : હઝરત અલ્લામા અર્શદુલ કાદરી હ. : રૂા. ૭૦

**અનુવાદક** : મર્હૂમ અ. ગફફાર ચોલા (જામનગર) **સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

જેમાં દેવબંદીઓની ડોગલી પોલીસીનો પર્દાફાશ છે તેમજ વધારામાં વર્તમાનકાળના દેવબંદીઓની પણ ધોકાબાઝીઓને ખુલ્લી પાડેલ છે. જરૂરથી તમારી ઔલાદને પણ વંચાવો ને સુન્નિયતને મજબૂત કરો.

**ફિક્હે હનફીમાં સમય તથા સંજોગનો લેહાઝ** *(પેજીસ : ૧૨૪)* **હદિયો : મફત**

**લેખક** : હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી, **અનુવાદક** : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી

ફિક્હી મસાઈલમાં સમય તથા સંજોગોને આધિન હુઝૂર ﷺથી લઈને સહાબા, તાબઈન તથા ઉલમાના દૌરથી આજ સુધી કેવા, કેવા ફેરફારો થયા છે એ જાણવા માટે આ કિતાબ જરૂરથી મફત મંગાવો. તે વાંચશો તો ઘણી ગલત ફહમીઓ તથા વિવાદોનું નિવારણ થઈ શકે છે.

**અસ્માઉલ હુસ્ના** *(પેજીસ : ૧૩૨)* **હદિયો : રૂા. ૩૦/–**

**લેખક** : મૌલાના ઈફતેખાર અહમદ કાદરી, **અનુવાદક** : હઝરત મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી

અલ્લાહ પાકનાં નામોની ફઝીલત, ખૂબીઓ તથા તેના વિર્દના દીની દુનિયવી ફાયદાઓ દર્શાવેલ છે. અનેક મુસીબતો, બીમારીઓ, ઉલઝનોનો હલ આ નામોના વિર્દમાં છે. આજે લોકો ડોકટરના પ્રિસ્ક્રિપ્શનથી દવાઓ મંગાવે છે અને તેને ગળીને સાજા થવામાં માને છે પણ સાથોસાથ આ કિતાબના પ્રિસ્ક્રિપ્શનમાં સૂચવેલા ઈલાજો પણ કરો તો ઈન્શાઅલ્લાહ બંને જહાનમાં ફાયદા થશે.

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૫૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.